ગુજરાતી

# ગરવી ગુજરાતી

દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

## ધોરણ - ૯



# ગુજરાતી

## દ્વિતીય/તૃતીય (સંપૂર્ણ)

# ગરવી ગુજરાતી

## ધોરણ - ૯

૨૦૧૭
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ
પુણે - ૪૧૧ ૦૦૪

બાજુમાં આપેલો ક્યુ આર કોડ સ્માર્ટ ફોનથી સ્કૅન કરી શકાય છે. સ્કૅન કરવાથી તમને આ પુસ્તકના અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી લિંક મળશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૭ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧૦૦૪

મહારાષ્ટ્ર રાજ પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.


| | | |
|---|---|---|
| ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય | : | સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ<br>ડૉ. મધુ સંપટ<br>શ્રીમતી સ્મિતા દવે<br>શ્રી. ઈલેશકુમાર આર. ગાંધી |
| ગુજરાતી અભ્યાસજૂથ | : | સુશ્રી ઈલા શુક્લ<br>શ્રીમતી ભગવતી એ. પંડ્યા<br>ડૉ. દિપ્તી શુક્લ<br>શ્રીમતી જનક દાવડા,<br>નિમંત્રિત<br>કેતકી નિતેશ જાની,<br>સદસ્ય - સંયોજક |
| સંયોજક પ્રમુખ | : | કેતકી નિતેશ જાની<br>વિશેષાધિકારી ગુજરાતી,<br>પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪ |
| ચિત્રાંકન અને મુખપૃષ્ઠ | : | શ્રી. સૌરભ ચવ્હાણ, પુણે |
| નિર્મિતિ | : | શ્રી. સચ્ચિતાનંદ આફળે,<br>મુખ્ય નિર્મિતિ અધિકારી<br>શ્રી. રાજેંદ્ર ચિંદરકર,<br>નિર્મિતિ અધિકારી<br>શ્રી. રાજેંદ્ર પાંડલોસકર,<br>સહાયક નિર્મિતિ અધિકારી |
| અક્ષરાંકન | : | ગુજરાતી વિભાગ,<br>પાઠ્યપુસ્તક મંડળ,<br>પુણે - ૪. |
| ફોટોટાઈપ સેટિંગ | : | સોનલ એંટરપ્રાઈજેસ,<br>મુંબઈ-૧૩. |
| કાગળ | : | 70 GSM Creamwove |
| મુદ્રણાદેશ | : | N/PB/2017-18/Qty. 5000 |
| મુદ્રક | : | M/s. Bombay Bdg. Works and Printers, Mumbai |
| પ્રકાશક | : | શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક<br>પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,<br>પ્રભાદેવી, મુંબઈ - ૨૫. |


## પ્રસ્તાવના

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૯ માં આપનું સ્વાગત છે. 'ગરવી ગુજરાતી' આ પુસ્તક આપના હાથમાં આપતા અમને અત્યંત આનંદ થાય છે.

મિત્રો, દ્વિતીય/તૃતીય ભાષા (સંપૂર્ણ) અંતર્ગત તમારે ગુજરાતીના આ પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. આ પાઠ્યપુસ્તકમાં સામાજિક-બોધાત્મક-રમૂજી- ભાવનાપ્રધાન- જનજાગૃતિ પ્રેરક અને દેશપ્રેમ સંવર્ધક પાઠ આપેલા છે. તે સાથે જ નૈતિક મૂલ્ય વધારનારા, સ્ત્રી-પુરુષ સમાનતા ભાવના દઢ કરનારા, નવું કરવાની જિજ્ઞાસા જાગૃત કરનારા અને જીવનમાં હંમેશાં પ્રગતિની દિશા તરફ જવા તત્પર કરનારા કાવ્યો આપેલાં છે.

ભાષિક સમજ અંતર્ગત ખૂબ જ સરળ અને સાદી પધ્ધતિથી વ્યાકરણ આપ્યું છે. તમે એ સહજ સમજી જશો. અલગ અલગ પ્રકારના સ્વાધ્યાયનો અભ્યાસ કરવાથી તમારી સર્જન શક્તિ વિકસશે, કલ્પનાશક્તિ વધશે અને આકલન શક્તિ દઢ થશે તેવો વિશ્વાસ છે. ''વાંચો, વિચારો અને નક્કી કરો'' જેવા ઉપક્રમ તમારી શબ્દ સંપત્તિ સમૃધ્ધ કરશે. વિશેષ વાંચન અને લેખન કૌશલ્ય અંતર્ગત આપેલી માહિતી ચોક્કસ જ્ઞાનવર્ધક થશે. આ પુસ્તકના કારણે નવીન ટેકનોલોજી અને ઈન્ટરનેટનો તમારા વિકાસ માટે કેવો ઉપયોગ કરવો, તે પણ જાણ થશે.

વર્ષાંતે આપ સૌ વિદ્યાર્થીઓને અપેક્ષિત ક્ષમતાઓ નિશ્ચિત પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ છે. આપના સૂચનો અને પ્રતિભાવોનું સ્વાગત છે. સર્વને શુભેચ્છા.

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
પાઠ્યપુસ્તક,
નિર્મિતિ મંડળ, પુણે - ૪

પુણે
દિનાંક : ૨૮ એપ્રિલ ૨૦૧૭, અખાત્રીજ
ભારતીય સૌર : ૮ વૈશાખ ૧૯૩૯

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા

પદ્ય વિભાગ :


| ક્રમ | પાઠ/કાવ્યનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | જીવન જ્યોત જગાવો | ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્' | ૧ | ૭ |
| ૨. | ફરવા આવ્યો છું | નિરંજન ભગત | ૭ | ૭ |
| ૩. | ચીલો નવો | ડૉ. ભીખુ વેગડા | ૧૧ | ૭ |
| ૪. | દીકરો | મુકુલ ચોકસી | ૧૬ | ૭ |
| ૫. | શિક્ષા શાણાને | દયારામ | ૨૨ | ૭ |
| ૬. | ધૂળિયે મારગ | મકરન્દ દવે | ૨૮ | ૭ |
| ★ | ભાષિક સમજ | કાળ | ૩૩ | ૪ |
| ★ | ઉપક્રમ | વાંચો, વિચારો અને નક્કી કરો | ૩૪ | ૨ |


ગદ્ય વિભાગ :


| ક્રમ | પાઠ/કાવ્યનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | ભાતાનું પોટલું | ધીરજલાલ બ્રહ્મભટ્ટ | ૩૫ | ૮ |
| ૨. | ઢોરાં | ઈશ્વર પરમાર | ૪૧ | ૮ |
| ૩. | ચોરને માલૂમ થાય કે... | જગદીશ ત્રિવેદી | ૪૬ | ૮ |
| ૪. | નામ વગરનું સ્ટેશન | નરસિંહરાવ દિવેટિયા | ૫૩ | ૮ |
| ૫. | જાગૃતતાની કેડીએ | વિઠ્ઠલ પંડ્યા | ૬૦ | ૮ |
| ૬. | પરિવર્તન | જનક દવે | ૬૧ | ૮ |
| ★ | ભાષિક સમજ | સમાસ | ૭૫ | ૮ |
| ★ | ઉપક્રમો | વાંચો, વિચારો અને લખો | ૭૭ | ૨ |
| **નોંધ –** લેખન કૌશલ્ય અને વિશેષવાંચન માટે | | | | ૨૨ |
| અલગ અલગ પિરિયડો ફાળવેલા છે. | | | | ૨૨ |
| | | | | ૧૫૦ |

# અપેક્ષિત ક્ષમતા – ધોરણ ૯ (દ્વિતીય/તૃતીય)

**Eng Medium**

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| **શ્રવણ :** | ● ઘર-પરિસરમાં થતા અનૌપચારિક સંભાષણ સાંભળીને સમજે.<br>● કવિતાનો આનંદ લે. કવિતાનો લય-તાલ સાંભળે અને સમજે.<br>● નાટકનું શ્રવણ કરે.<br>● પરિચિત અને અપરિચિત પ્રસંગો તથા સંવાદો સમજપૂર્વક સાંભળે.<br>● બોલીભાષા અને પ્રમાણભાષા સાંભળીને સમજવા સમર્થ બને.<br>● સંદેશવહન (મિડિયા)ના માધ્યમ દ્વારા વિવિધ સમાચારો સાંભળે, સમજે અને દેશની વર્તમાન પરિસ્થિતિથી વાકેફ રહે. |
| **ભાષણ – સંભાષણઃ** | ● શાળામાં આયોજિત વિવિધ કાર્યક્રમ / સંવાદો / પ્રસંગો આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરે.<br>● ગીતો, કવિતા, પ્રાર્થના યોગ્ય આરોહ-અવરોહ અને સૂર-તાલ સાથે આનંદથી ગાય.<br>● મિત્રો સાથે જૂથચર્ચામાં પોતાના વિચારો વ્યક્ત કરે.<br>● સમસ્યાની ચર્ચા કરી સમાધાનો સૂચવે.<br>● કાર્યક્રમનું સંચાલન કરે.<br>● સ્વાગત પ્રવચન અને આભારદર્શન કરે.<br>● શાલેય કાર્યક્રમો અને સામાજિક ઘટનાઓનું વર્ણન કરે. |
| **વાંચન :** | ● યોગ્ય ગતિમાં સમજપૂર્વક પ્રકટવાંચન અને મૂકવાંચન કરે.<br>● પાઠ્યપુસ્તક અસ્ખલિત રીતે વાંચી શકે અને વાંચનમાં ગતિ વધારે.<br>● પુસ્તકેત્તર વાંચન સમજપૂર્વક કરે, ગ્રંથાલયનો ઉપયોગ કરે.<br>● પ્રશ્નોના ઉત્તર માટે સંદર્ભગ્રંથનો ઉપયોગ કરે.<br>● ગુજરાતી શબ્દકોશ વાંચે.<br>● સાહિત્યના વિવિધ સ્વરૂપોનું વાંચન કરે.<br>● નિજાનંદ માટે વાંચે.<br>● સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજીને વાંચે. |

| ક્ષેત્રો | અપેક્ષિત ક્ષમતા |
|---|---|
| **લેખન :** | ● શબ્દભંડોળનો લેખનમાં ઉપયોગ કરે.<br>● સ્વમત લેખન કરે.<br>● પત્રલેખન, નિબંધ લેખન, પ્રવાસ-વર્ણન, નાના સંવાદો લખે.<br>● માહિતી આકૃતિ/ચાર્ટ દ્વારા રજૂ કરે.<br>● અનુવાદ કરે.<br>● આપેલા વિષય પર ટૂંકો સંદેશો લખે.<br>● સુવાચ્ય અક્ષરે સ્પષ્ટપણે લેખન કરે. |
| **અધ્યયન કૌશલ્ય :** | ● ગુજરાતી ભાષા સાથે અન્ય ભાષા શીખવાનો અભિગમ કેળવે અને અન્ય ભાષા સાથે અનુબંધ કેળવે.<br>● ભાષાના કૌશલ્યને યોગ્ય રીતે પ્રસ્તુત કરવાની આદત પાડે.<br>● પાઠ કે કવિતાના અંશને વાંચી, સાંભળી, સમજીને સ્વાનુભૂતિ લખે.<br>● નિરીક્ષણશક્તિ, કલ્પનાશક્તિ, સમીક્ષક વૃત્તિ તેમજ સર્જનશક્તિ ખીલે.<br>● સ્વયં મૂલ્યમાપનની ક્ષમતા વિકસે.<br>● ભાષિક કૌશલ્યોને આધારે કૃતિ કરી શકે.<br>● જીવનમૂલ્યોને સમજે અને તે પ્રમાણે વર્તન કરે. |
| **ભાષિક સમજ :** | ● આપેલા શબ્દોના લિંગ-વચન ઓળખે અને બદલે.<br>● નિયમાનુસાર શુદ્ધ લેખન કરે.<br>● જોડણીના નિયમો સમજે અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે.<br>● વ્યવહારિક વ્યાકરણની સમજ કેળવે.<br>● રૂઢિપ્રયોગોનો સાર્થક ઉપયોગ કરતાં શીખે.<br>● વાક્યના પ્રકારો ઓળખે, સંધિ વિગ્રહ કરે.<br>● વિશેષણ શોધે, સમાનાર્થી - વિરોધી શબ્દો લખે. |

# ૧ જીવન જ્યોત જગાવો


**ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્' :** ગાંધીયુગના અગ્રણી કવિ ત્રિભુવનદાસ લુહારનો જન્મ ભરૂચ પાસેના મિયાંમાતર ગામમાં થયો હતો. 'કોયા ભગતની કડવી વાણી', 'વસુધા', 'કાવ્યમંગલા', 'યાત્રા' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. ટૂંકીવાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ તેમજ વિવેચન ક્ષેત્રે તેમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. તેમનું તખલ્લુસ 'સુંદરમ્' છે.

'રણજીતરામ સુવર્ણચંદ્રક', 'નર્મદ સુવર્ણચંદ્રક', 'પદ્મભૂષણ' તેમજ 'નરસિંહ મહેતા પુરસ્કાર' થી તેઓ પુરસ્કૃત છે.

**સૂર કૃતિનો** – પ્રસ્તુત પ્રાર્થના - કાવ્યમાં કવિએ બાળહૃદયની અભિલાષા ગૂંથી લીધી છે. બાળક પોતાના જીવનને વધુ પ્રકાશમાન, વધુ બળવાન બનાવવાની ઈચ્છા કરે છે. જીવનમાં આવતી વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ બાળક માગે છે. બાળકના ભાવવિશ્વની અનુભૂતિ કરવા પ્રભુનો હાથ ઝાલીને નીકળવાની શિશુસહજ દૃષ્ટિ અહીં આપેલી છે.

---

જીવન જ્યોત જગાવો, પ્રભુ હે, જીવન જ્યોત જગાવો.<br>
ટચૂકડી આ આંગળીઓમાં ઝાઝું જોર જમાવો.<br>
આ નાનકડા પગને વેગે ભમતા જગત બનાવો;<br>
        અમને રડવડતાં શિખવાડો ... પ્રભુ હે.<br>
વણદીવે અંધારે જોવા આંખે તેજ ભરાવો.<br>
વણજહાજે દરિયા તરવા બળ બાહુમાં આપો;<br>
        અમને ઝળહળતાં શિખવાડો ... પ્રભુ હે.<br>
ઊગતાં અમ મનમાં ફૂલડાંને રસથી સભર બનાવો,<br>
જીવનના રંગો પ્રગટાવા પીંછીં તમારી ચલાવો;<br>
        અમને મઘમઘતાં શિખવાડો ... પ્રભુ હે.<br>
ઉરની સાંકલડી શેરીનો પંથ વિશાળ રચાવો,<br>
હૈયાના ઝરણા નાનાને સાગર જેવું બનાવો;<br>
        અમને ગરજંતા શિખવાડો ... પ્રભુ હે.<br>
અમ જીવનની વાદળી નાની આભ વિશે જ ઉડાવો,<br>
સ્નેહશક્તિ બલિદાન - નીરથી ભરચક ધાર ઝરાવો;<br>
        અમને સ્થળ સ્થળમાં વરસાવો ... પ્રભુ હે.



## • માર્ગદર્શક સ્તંભ •

'જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ' એ વિષય ઉપર વર્ગમાં ચર્ચા કરીને પ્રાર્થના વિશે જાણકારી આપવી. સામૂહિક પ્રાર્થના અને સદ્વિચારોથી વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે તેમ જણાવવું. વિદ્યાર્થીઓને આવડતી પ્રાર્થનાઓ કે તેમના ઘરમાં થતી પ્રાર્થના વર્ગમાં સામૂહિક રીતે ગવડાવી શકાય. અન્ય ભાષામાં પણ પ્રાર્થના કરાવી શકાય જેમ કે 'ઈતની શક્તિ હમેં દેના દાતા...'

## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) હૃદય (૨) પ્રેમ (૩) પાણી (૪) તિમિર

(૫) બાવડાં (૬) કુરબાની (૭) રસ્તા (૮) સમુદ્ર

**સ. ૨ રેખાંકિત શબ્દને ધ્યાનમાં રાખી અર્થ ન બદલાય તે રીતે વાક્યનું રૂપાંતર કરો.**

ઉદા. મને અજવાળામાં ડર લાગતો નથી.

જવાબ :- મને અંધારામાં ડર લાગે છે.

(૧) આથમતો સૂર્ય પશ્ચિમમાં જોઈ શકાય.

(૨) મન સાંકડું રાખવું નહિ.

(૩) આજના યુવાનો નિર્બળ નથી.

(૪) કોઈના મરણ વખતે દુઃખ થાય છે.

**સ. ૩ શબ્દો બનાવીને લખો:**

વણ → ઉકલ્યા, બોલ્યા, થાક્યાં, લખ્યા, દીઠાં

**સ. ૪ નમૂના પ્રમાણે 'નાનું' વિશેષણમાં ફેરફાર કરીને લખો :-**

નાની વાદળી ________ બકરાં

________ પુસ્તક ________ છોકરું

________ બિલાડી ________ કબૂતર

**સ. ૫ પ્રાસવાળા શબ્દો લખો :-**

જમાવો ________ ઉડાવો ________


રચાવો ________ બનાવો ________

**સ. ૬ કોની પાસેથી શીખાય તે લખો :-**

ફરતાં ( ) મહેકતાં ( )

ગરજંતા ( ) વરસતાં ( )

**સ. ૭ યોગ્ય રીતે જોડો :-**




**સ. ૮ યોગ્ય પર્યાય શોધી વિધાન ફરીથી લખો :-**

(૧) આ નાનકડા પગને વેગે -----

(અ) હસતાં જગત બનાવો.

(બ) રમતાં જગત બનાવો.

(ક) ભમતાં જગત બનાવો.

(ડ) રડતાં જગત બનાવો.

(૨) જીવનના રંગો પ્રગટાવા -----

(અ) પીંછી તમારી ચલાવો.

(બ) કલમ તમારી ચલાવો.

(ક) બુદ્ધિ તમારી ચલાવો.

(ડ) યુક્તિ તમારી ચલાવો.

(૩) સ્નેહશક્તિ બલિદાન - નીરથી


(અ) અનરાધાર વરસાવો.

(બ) ભરચક ધાર ઝરાવો.

(ક) મુશળધાર વરસાવો.

(ડ) નિર્મળ ધાર ઝરાવો.

**સ. ૯ આકૃતિ પૂર્ણ કરો :-**




**સ. ૧૦ અર્થ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો :-**

(૧) જહાજ વગર દરિયામાં તરવાનું બળ હાથમાં આપો.

(૨) નાનકડી આંગળીઓને શક્તિશાળી બનાવો.

(૩) હૃદયની સાંકડી શેરીને વિશાળ બનાવો - ઉદાર બનાવો.

(૪) આંખોમાં એવું તેજ આપો કે દીવા વગર અંધારામાં પણ જોઈ શકું

**સ. ૧૧** કવિતા શીખ્યા પછી તમને સમજાયેલી બાબત જણાવો.

**સ. ૧૨ ★ યોગ્ય વિરામચિહ્નો મૂકીને વાક્યો ફરીથી લખો :-**

(૧) બકુલ અહીં આવ

(૨) તમે કોને ખુશખબરી આપી

(૩) અધધધ આટલા બધા રૂપિયા

(૪) નીરવ શાંત સમજુ અને ઠાવકો છે

**★ યોગ્ય રીતે જોડો.**

| | વાક્યો | કાળ |
|---|---|---|
| (૧) | હું ફરવા જાઉં છું. | ભૂતકાળ |
| (૨) | બાળકો બાગમાં રમતા હતા. | ભવિષ્યકાળ |
| (૩) | તું આવતીકાલથી વાંચજે. | વર્તમાનકાળ |

**★ તમારી મહત્ત્વાકાંક્ષા વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરો.**

**પ્રકલ્પ**

વિવિધ પ્રાર્થના કાવ્યો એકઠાં કરી નાનકડી પુસ્તિકા તૈયાર કરો.



## વિશેષ વાંચન

### જીવનનું ઘડતર

'પિતાજી, શું આપ મને પૂના મૂકવા આવો છો? ગાડી ઊપડવાની તૈયારીમાં હતી ત્યાં એક આધેડ સજ્જન દોડતાં દોડતાં ડબ્બા પાસે આવ્યા એટલે બારી પાસે જ બેઠેલા પુત્રે પિતાને આદરપૂર્વક આવકારતા કહ્યું.

પુત્રની સામેની ખાલી જગ્યાએ પોતાની બેઠક લેતાં એ સજ્જન બોલ્યા :

'બેટા, તને મૂકવા નથી આવતો. રાજ્યના અગત્યના કામ અંગે હું પૂના જઈ રહ્યો છું. કોલેજમાં તો તું જાતે પણ દાખલ થઈ શકીશ.'

'રાજ્યના ક્યા કામ અંગે આપને જવાનું છે?'

'આપણા સાંગલી રાજ્ય માટે પ્રોમિસરી નોટોનો પ્રબંધ કરવા હું પૂના જાઉં છું.'

'આશરે કેટલા રૂપિયાની પ્રોમિસરી નોટ તમે પૂનાથી લઈ આવવાના છો!'

'ત્રણેક લાખ રૂપિયાની તો ખરીદવી જ છે.'

માત્ર પુત્ર જ સાંભળી શકે એટલા ધીમે સ્વરે એમણે કાનમાં કહ્યું.

'પિતાજી, આપને કદાચ ખબર નહિ હોય, પણ નોટોના ભાવ તો છાશવારે બદલાતા રહે છે. આપણે જો ભાવ કસીને લઈશું તો સસ્તે ભાવે મળી જશે.'

'બેટા, તારી વાત હું ધ્યાનમાં રાખીશ. સસ્તી પ્રોમિસરી નોટો મળશે તો રાજ્યને એટલો ફાયદો થશે ને!' પિતાજી ઉત્સાહભર્યા સ્વરે બોલ્યા.

'પણ પિતાજી! આપણે રાજ્યને એની જાણ કરવાની શી જરૂર છે! રાજ્યને તો બજારમાં જે ભાવ રહે છે એ જ જણાવવાનો હોય અને એમાંથી જે નફો મળે એ આપણે જ રાખી લેવાનો.' પ્રપંચનાં સોગઠાં ગોઠવતાં પુત્રે કહ્યું.

પુત્રની વાત પર ધ્યાન આપવું મૂકી દઈ, પિતા હવે ગાડીની બારીમાંથી બહાર દેખાતા ગગન તરફ તાકી રહ્યા.

પુત્ર તો હજી પણ વાત કહેવાના ઉત્સાહમાં હતો. પોતાની વાત આગળ ચલાવતાં એ બોલ્યો : 'પિતાજી! આ મબલખ નફાની કોઈનેય ગંધ સુદ્ધાં નહિ આવે.'

પુત્રની વાતનો જવાબ આપવાને બદલે પિતા તો ઊંડા ચિંતનમાં પડી ગયા.

પુત્રને લાગ્યું કે, પિતાજી પોતાની વ્યવહારિક સલાહ પર જ વિચારી રહ્યા છે.

પણ પિતાની મન-માટલીમાં તો વિચારવલોણું ઝડપથી ઘૂમી રહ્યું હતું.

પુત્રના મુખેથી આવી વાતો સાંભળી પિતાને મનમાં અનહદ અફસોસ થયો.

થોડી વાર પછી પુત્ર સામે અનુકંપા ભરી દૃષ્ટિ કરતાં એ બોલ્યા :

'બેટા ! તારા વિચારોમાં આટલું બધું પરિવર્તન ક્યારથી આવી ગયું? આ શું બોલે છે તું? મારું લોહી બોલે છે આ? ના, મારા લોહીમાં અપ્રમાણિકતાનું એકે રજકણ પ્રવેશી શકે નહિ. તું કોઈ નાટકના ગોખેલા સંવાદ તો નથી બોલતો ને!'

પિતાને મુખેથી આવી અસંબદ્ધ વાત સાંભળીને પુત્ર તો ઘડીભર ડઘાઈ જ ગયો.

વિનયભર્યા સ્વરે એ બોલ્યો : 'પિતાજી! આમ કેમ કરો છો! મને આપની વાતમાં કંઈ જ સમજ પડતી નથી'.

'મને પણ તારા વર્તનમાં કંઈ સમજ પડતી નથી.' પિતા ગંભીર સ્વરે બોલ્યા : 'મેં સ્વપ્ને પણ એવી કલ્પના નહોતી કરી કે તારા મનના સરોવરની નીચે આટલી બધી હીનતાનો કાદવ ભરેલો હશે!'

પિતાએ એવો સખત ઊધડો લીધો કે પુત્ર તો સાવ મૂંગો જ બની ગયો.

પોતાની વાત આગળ ચલાવતાં એ બોલ્યા :

'ભાઈ, તારી સલાહનો હું અમલ કરું તો એનો અર્થ એ થાય કે, મેં મારા અન્નદાતા સાથે છેતરપિંડી કરી છે. તારી આવી હલકી કેળવણી પર ધૂળ પડી.

'બેટા! લક્ષ્મી તો ચંચળ છે. કોઈની થઈ નથી ને થવાની નથી. પ્રભુએ આપેલી જિંદગીને કોરી સ્લેટ માફક રાખી જીવવું. ઈજ્જતભેર રહેવું એ મોટી વાત છે. તું કહે છે એમ હું મારા રાજ્યને છેતરું તો મૃત્યુ પછી ભગવાન સમક્ષ હું કયે ઊજળે મોઢે ઊભો રહી શકીશ? તું કૉલેજમાં આવું જ અનીતિનું શિક્ષણ લેવા જઈ રહ્યો હોય તો તો પછી અહીંથી જ પાછો વળી જા.'

પિતાની વાત સાંભળીને પુત્ર તો સ્તબ્ધ બની ગયો.

પછી તો એને ઊંઘ જ ન આવી. રાત આખી પડખાં ઘસીને જ પૂરી કરવી પડી.

ગાડી સવારે પૂના પહોંચી ત્યારે એ મંગલ પ્રભાતે યુવાને મંગલ સંકલ્પ કર્યો.

'આજથી અનીતિનું ધન મેળવવાનો વિચાર કદીયે નહિ કરું.'

કૉલેજની સાચી કેળવણી એ દિવસે સાંગલીથી પૂના જતાં મેળવનાર એ જ યુવાન ભવિષ્યમાં કાકા કાલેલકરને નામે વિખ્યાત થયો.

**– સંત પુનિત**

## સ્વાધ્યાય



**સ. ૧ કોણ બોલે છે? કોને કહે છે?**

(૧) 'કૉલેજમાં તો તું જાતે પણ દાખલ થઈ શકીશ.'

(૨) 'બેટા ! તારા વિચારોમાં આટલું બધું પરિવર્તન ક્યારથી આવી ગયું?'

**સ. ૨ સાચું કે ખોટું લખો.**

(૧) સાંગલી રાજ્યના કાર્ય માટે કાકાસાહેબ ટ્રેનમાં બેઠા.

(૨) સસ્તી પ્રોમિસરી નોટો મળશે તો રાજ્યને નફો થશે.

(૩) પુત્રને લાગ્યું કે પિતાજી પોતાની સલાહ પર નથી વિચારતા.

(૪) આજથી અનીતિનું ધન મેળવવાનો વિચાર કદીયે નહીં કરું.

**સ. ૩ નીતિ અને અનીતિ વિશેના તમારા વિચારો લખો...**

✻✻✻


**જે કંઈપણ હૃદયને પવિત્ર કરે છે,**
**તે મજબૂત પણ કરે છે.**

# ૨ ફરવા આવ્યો છું.

**નિરંજન ભગત :** આ કવિ સ્વાતંત્ર્યોત્તર કાળના કવિ છે. તેઓ અંગ્રેજીના પ્રાધ્યાપક હોવા છતાં ગુજરાતી ભાષા સાહિત્યનો તેમનો ઊંડો અભ્યાસ છે. નવા અભિગમની તાજગી સાથે ઊંડો માનવપ્રેમ અને તાજગીભરી મૌલિકતા તેમના કાવ્યોમાં પ્રગટ થાય છે. તેમનાં કાવ્યો 'છંદોલય બૃહત્' માં સંગ્રહાયેલાં છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત કાવ્યમાં કવિએ જીવન જીવવાનો સકારાત્મક દૃષ્ટિકોણ બતાવ્યો છે. સંસારમાં આપણે ભમવાનું છે. અહીં કવિ આનંદની આરાધના કરે છે. કોઈ ઉદ્દેશ વગર જીવન જીવવાની વાત દ્વારા કવિ 'હળવાશ' અનુભવવા કહે છે. 'પ્રેમ'ના ગીત દ્વારા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સાકાર કરે છે.

---




હું તો બસ ફરવા આવ્યો છું!
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?
અહીં પથ પર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા!
– રે ચહું ન પાછો ઘેર જવા!
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્ન મહીં સરવા આવ્યો છું!
જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બેચાર ઘડી
ને ગાઈ શકું બેચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું!
હું તો બસ ફરવા આવ્યો છું!

---

## • માર્ગદર્શક સ્તંભ •

પ્રસ્તુત કાવ્ય શીખવતી વખતે વિદ્યાર્થીઓને કેટલાંક પ્રશ્નો પૂછવા. કોઈપણ જગ્યાએ જવા માટે કોઈ હેતુ હોય છે. આજના જમાનામાં કારણ વગર કોઈ ક્યાંય જતું નથી.

જીવન જીવવાનો પણ ઉદ્દેશ હોય છે. ક્યારેક 'હેતુ' કે 'ઉદ્દેશ' વિના જીવીએ તો? એવી વિદ્યાર્થીઓને કલ્પના કરવા કહેવું. ક્યારેક એવી રીતે રહેવું પણ જરૂરી છે. અલગારી રીતે રહેવા અંગેની વાત દ્વારા મૂળ કૃતિનો ઉદ્દેશ સમજાવવો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ગાન (૨) સ્નેહ (૩) ધરતી (૪) સપનું
(૫) ડગલાં (૬) રમણીય (૭) સિકલ (૮) પંક્તિ

**સ. ૨ પ્રાસવાળા શબ્દો લખો.**

તમારું - __________ હવા - __________
જડી - __________ ફરવા - __________

**સ. ૩ અર્થ બદલ્યા વિના રેખાંકિત શબ્દોના વિરોધી શબ્દો લખીને વાક્યો ફરીથી લખો.**

(૧) ગંગા પવિત્ર નદી છે.
(૨) માંદા માણસમાં શક્તિ ન હતી.
(૩) સુરેશ મહેનતુ છોકરો નથી.
(૪) હું પરીક્ષામાં નાપાસ ન થઈ.

**સ. ૪ નમૂના પ્રમાણે કરો.**

એકેય - એક પણ
ક્યારેય - __________ કશુંયે - __________
કદીયે - __________ કંઈયે - __________

**સ. ૫ ખાલી જગ્યા પૂરો.**

(૧) હું તો બસ __________ આવ્યો છું.
(૨) __________ એવો જાય જડી.
(૩) તો ગીત __________ નું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું.
(૪) અહીં __________ મહીં સરવા આવ્યો છું.

**સ. ૬ યોગ્ય રીતે જોડો.**

અહીં પથ પર
બે ચાર ઘડી
ફ ચાલી શકું
બેચાર ફરી
ધી મધુર હવા
ને ગાઉં છું.
પાછો ઘેર જવા
રે ચહું ન

**સ. ૭ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો**

**સ. ૮ યોગ્ય વિકલ્પ શોધો.**

(૧) ચહેરા ચમકે -----

(અ) અવનવા (બ) નવાનવા

(ક) અલબેલા (ડ) નવા જૂનાં

(૨) ને ગાઈ શકું -----

(અ) બે ચાર ઘડી (બ) બેચાર કાવ્યો

(ક) ઘણી પંક્તિ (ડ) બે-ચાર કડી

(૩) તો ગીત પ્રેમનું આ પૃથ્વીના -----

(અ) છેડે પહોંચાડવા આવ્યો છું. (બ) ક્ષિતિજે ધરવા આવ્યો છું.

(ક) કર્ણપટે ધરવા આવ્યો છું. (ડ) પેટાળે મૂકવા આવ્યો છું.

**સ. ૯**

★ સંધિ જોડો :

(૧) પરિ + ઈક્ષા = ☐ (૨) દેવ + અંશ = ☐

(૩) મહા + ઈશ = ☐ (૪) સુ + અલ્પ = ☐

★ વર્ણાક્ષર મુજબ ગોઠવો.

યશોદા, યંત્રો, યશસ્વી, યુગાવતાર, યજ્ઞ, યથાશક્તિ

★ તમે કરેલા પ્રવાસનું વર્ણન વર્ગમાં કરો.

## પ્રકલ્પ

તમારા શહેરના જોવાલાયક સ્થળોની માહિતી ઈન્ટરનેટ પરથી શોધીને તેના વિષે ચાર-પાંચ વાક્યો લખી સચિત્ર નાનકડી પુસ્તિકા તૈયાર કરો.

## લેખન કૌશલ્ય



## પત્રલેખન

પત્રલેખન એ લેખન રચનાનું ઉપયોગી અંગ છે. આપણાં જીવનમાં પત્રલેખન મહત્ત્વનો ભાગ ભજવે છે. પત્રલેખનને ભાષા, વિષયવસ્તુ અને કલાની દૃષ્ટિથી વિકસાવવું જરૂરી છે. પત્રની ભાષા વાંચનારને ગમે, સમજાય એવી હોવી જોઈએ. પત્રની ભાષા સરળ સહજ હોવી જોઈએ.

પત્રના પ્રકારો

- અંગત કે ખાનગી પત્ર
- ધંધાદારી પત્ર
- અરજી પત્ર

★ અંગત/ખાનગી પત્ર : મિત્રો, સગાંસંબંધી અને ઓળખીતાઓને જે પત્ર લખવામાં આવે.
★ ધંધાદારી પત્ર : વ્યાપાર કે ધંધા સંબંધી જે પત્ર લખવામાં આવે.
★ અરજી પત્ર : નોકરી મેળવવા માટે અથવા સરકારી કામકાજ માટે જે પત્ર લખવામાં આવે.

પત્રના માળખાના મુખ્ય ભાગો

શરૂઆત | મધ્યભાગ | અંતભાગ

★ શરૂઆત : મથાળું - પત્ર લખનારનું પૂર્ણ નામ-સરનામું તારીખ જમણી બાજુએ. તારીખ - સંબોધન - ડાબી બાજુ
★ મધ્યભાગ : પત્રની વિગતો / વિષયવસ્તુ.
★ અંતભાગ : છેવટનું સંબોધન અને પત્ર લખનારનું નામ જમણી બાજુએ લખવું.

**સુંદર પુસ્તક વાંચવાના આનંદને વ્યક્ત કરતો પત્ર મિત્રને લખો.**

અ બ ક
૪૭, એમ. જી. રોડ,
બોરીવલી (ઈસ્ટ)
મુંબઈ - ૬૭
ફેબ્રુઆરી ૧૭,૨૦૧૭.

પ્રિય દોસ્ત હિરેન,

કેમ છે દોસ્ત? તારી પરીક્ષા હવે શરૂ થવાની છે એમ જાણવા મળ્યું. મારી પરીક્ષાઓ પણ હવે શરૂ થશે. પત્ર લખવાનો મુખ્ય હેતુ એ છે કે તારી પાસેથી લીધેલું પુસ્તક 'સત્યના પ્રયોગો' મેં વાંચ્યું. વાંચ્યા પછી મને ખૂબ ખુશી થઈ.

ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજીની આત્મકથા મેં વાંચી. તે દ્વારા રાષ્ટ્રપિતાના જીવનની ઝાંખી કરવા મળી. તેમની સાદગી મારા હૃદયને સ્પર્શી ગઈ. સાચાબોલા ગાંધીજીના બાળપણના પ્રસંગો વાંચીને મારું હૈયું ગદ્‌ગદ્ થઈ ગયું. ખરેખર ! મહાત્માનાં જીવનપ્રસંગો વાંચીને હું ધન્ય થઈ ગયો. મારી શાળામાં યોજાયેલ બાળસભામાં મેં ગાંધીજીના જીવનનો 'પેન્સિલ'નો પ્રસંગ રજૂ કર્યો હતો. તેના બદલામાં મને આચાર્ય સાહેબની પ્રશંસા મળી. મને અહેસાસ થાય છે કે જીવનમાં વાંચનનું મહત્ત્વ કેટલું બધું છે.

મિત્ર, તારી પાસે બીજા પુસ્તકો હોય તો મને મોકલજે. જેથી હું મારા જ્ઞાનને સમૃદ્ધ કરી શકું. તારા માતા-પિતાને મારા પ્રણામ. નાની બહેનને પ્યાર. આવજે...

લિ. તારો પ્રિય મિત્ર,
અ બ ક ની યાદ

***

## હું માનવી માનવ થાઉં તો ઘણું

# ૩ ચીલો નવો

**ડૉ. ભીખુ વેગડા :** તેમનો જન્મ ઈ.સ. ૧૯૬૭માં ધોળકા તાલુકાના વટામણ ગામમાં થયો હતો. પી.ટી.સી કર્યા બાદ એમ.એ. બી. એડ. અને પી. એચ. ડી. ની ડિગ્રી તેમણે મેળવી. ધોળકામાં તેઓ હાલમાં સર્વ શિક્ષા અભિયાનમાં સમન્વયક તરીકેની સફળ કામગીરી બજાવી રહ્યાં છે. સમાજજીવનમાં નવો ચીલો ચાતરીને કવિએ પોતાના મૌલિક વિચોરોને વાચા આપવા પ્રયત્ન કર્યો છે. તેમનો કવિતા સંગ્રહ 'આપનો પરસ આપ' અને સંશોધનાત્મક નિબંધ 'ગુજરાતી દલિત સાહિત્ય' તેમનાં મુખ્ય પ્રકાશનો છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત કાવ્યમાં કવિએ નવો ચીલો ચાતરવાની વાત કરી છે. 'નવો ચીલો' અપનાવવા પાછળ અસમાનતાનો ભાવ દૂર કરી સમાનતા કેળવવાનો કવિનો ઉદ્દેશ્ય છે. કવિ નવા ધ્યેયો પૂર્ણ કરવામાં આવતી મુશ્કેલીઓનો સામનો કરી, એકબીજાનો સાથ ન છોડવા અંગે કહે છે. મુક્તિની મશાલ હાથમાં લઈ સતત આગળ ધપવાની વાત કરે છે. મંજિલ ન મળે ત્યાં સુધી ચાલતા રહો એવો સંદેશ આપી કવિતાના માધ્યમ દ્વારા નવીનતા તરફ વળવાનો કવિ સંકેત આપે છે.



ચીલો નવો ચાતરીને રૂઆબદાર ચાલીએ;
લ્યો, હાથમાં હાથ મિલાવી શાનદાર ચાલીએ;
પગલે પગલે પહાડ હો યા પાતાળ હો;
ચાલી પ્રવાહ પલટાવીને પાણીદાર ચાલીએ;
ના રહે કોઈ આગળ, ના રહે કોઈ સદા પાછળ;
અસમાનતાને ઉથાપીને આરપાર ચાલીએ;
છે જે યુગોથી બંધ એ દિશાના દ્વાર ખોલી દ્યો;
મુક્તિની મશાલ જલાવીને જાનદાર ચાલીએ;
કાગળ કલમ હાથમાં લઈ બેસી રહો નહીં દોસ્તો;
હથિયાર શબ્દોના સજાવી ધારદાર ચાલીએ;
છે ક્યાં સુધી ચાલવાનું 'સાફલ્ય' એમ ના પૂછો;
મંઝિલ મળે નહિ જ્યાં લગી લો, લગાતાર ચાલીએ.

## • માર્ગદર્શક સ્તંભ •

કોઈપણ એક પ્રસિદ્ધ ગેય કાવ્ય વર્ગમાં ગાઈને વિદ્યાર્થીઓને તેનો આસ્વાદ કરાવવો. નવીનતા કે પરિવર્તન એ સમાજના વિકાસનું અંગ છે આ વિધાનની સકારાત્મક ચર્ચા કરી, કાવ્યના શીર્ષકની સાર્થકતા સમજાવવી. નવીનતા એટલે પરિવર્તન- વિકાસ કે જે સમાજ માટે આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય છે તે બાબત સંવાદ સાધવા ચર્ચા કરવી અને આ કૃતિનું અધ્યાપન કરાવવું.

## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) શિરસ્તો - ______

(૨) કર - ______

(૩) ડુંગર - ______

(૪) નિરંતર - ______

(૫) દરવાજા - ______

(૬) લેખિની - ______

(૭) ધ્યેય - ______

(૮) ઓજાર - ______

**સ. ૨ આપેલા ઉદાહરણ મુજબ લખો.**


ઉદા. જૂનો × નવો

બંધન × ______ દુશ્મન × ______ ખુલ્લા × ______

આકાશ × ______ બુઠ્ઠું × ______ સમાનતા × ______

**સ. ૩ 'દાર' પ્રત્યય લગાવી શબ્દો બનાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

દા. ત. : પાણીદાર - સાચાં મોતી પાણીદાર હોય છે.



**સ. ૪ ઉદાહરણ મુજબ વાક્યો બહુવચનમાં ફેરવો.**

દા. ત. : તું પ્રશ્ન પૂછ – તમે પ્રશ્નો પૂછો.

(૧) તું જમવા બેસ – __________

(૨) તું દોડવા જા – __________

(૩) તું પાણી પી – __________

(૪) તું પ્રાર્થના કર – __________

(૫) તું કપડાં ધો – __________

(૬) તું ફળ લે – __________

**સ. ૫ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (૧) પ્રવાહ પલટાવીને | (૧) જાનદાર ચાલીએ |
| (૨) અસમાનતા ઉથાપીને | (૨) લગાતાર ચાલીએ |
| (૩) મંઝિલ મળે નહિ જ્યાં લગી | (૩) આરપાર ચાલીએ |
| (૪) મુક્તિની મશાલ જલાવીને | (૪) પાણીદાર ચાલીએ |

**સ. ૬ શબ્દ સાંકળ જોડીને પૂર્ણ પંક્તિ લખો.**

(૧) હાથમાં → ( ) → મિલાવી → ( ) → ચાલીએ

(૨) ( ) → કલમ → ( ) → લઈ બેસી → રહો નહિ → ( )

(૩) ( ) → મળે નહિ → ( ) → લગાતાર → ( )

(૪) અસમાનતાને → ( ) → આરપાર → ( )

**સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) __________ કલમ હાથમાં લઈ બેસી રહો નહીં દોસ્તો.

(અ) કાગળ (બ) પુસ્તક (ક) નોટબુક

(૨) કોઈ રહે ના આગળ, ના રહે કોઈ સદા __________

(અ) નીચે (બ) પાછળ (ક) ઉપર

(૩) લ્યો, હાથમાં હાથ મિલાવી __________ ચાલીએ.

(અ) પાણીદાર (બ) શાનદાર (ક) જાનદાર

**સ. ૮ ‘નવો ચીલો’ કાવ્યના કવિના વિચારો તમારા શબ્દોમાં લખો.**

**સ. ૯ સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો.**

| સામાસિક શબ્દ | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| આગળ પાછળ | ________ | ________ |
| આરપાર | ________ | ________ |
| કાગળકલમ | ________ | ________ |
| દહીંવડા | ________ | ________ |
| ખાણીપીણી | ________ | ________ |

**સ. ૧૦ કાળ ઓળખો.**

(૧) ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે જઈ આવ્યા.
(૨) બે કલાક વહેલા ઊઠી મજૂરી કરીશું.
(૩) લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે.
(૪) ચૂંટણી સમયે ઠેરઠેર સભાઓ ભરાશે
(૫) હું દાખલો પૂરો કરીશ

★ તમારા પરિવારની પ્રથામાં તમે જે પરિવર્તન ઈચ્છો છો તે જણાવો.

## પ્રકલ્પ

તમારા મનપસંદ એક કવિની માહિતી/ચિત્રો ઈન્ટરનેટ ઉપરથી એકત્રિત કરી, તેમની કવિતા સહિત નાની પુસ્તિકા તૈયાર કરો.

## વિશેષ વાંચન



### પ્રમાણ પત્ર

એક વખત પ્રખ્યાત રૂસી લેખક ટૉલ્સટૉયને એમના એક મિત્રે પૂછ્યું : 'મેં તારી પાસે માણસ મોકલ્યો' તો, તેની પાસે ઘણાં પ્રમાણપત્ર હતાં, પરંતુ તેં એને નાપસંદ કર્યો. મેં એવું જાણ્યું છે કે તેં એક એવા માણસની પસંદગી કરી છે, જેની પાસે એકે પ્રમાણપત્ર નહોતું. એવો તે ક્યો મોટો ગુણ એનામાં હતો કે તેં મારી વાતની અવગણના કરીને એની નિમણૂંક કરી?'

ટૉલ્સટૉયે કહ્યું : ' દોસ્ત, જેની મેં નિમણૂંક કરી છે એની પાસે અમૂલ્ય પ્રમાણપત્રો હતાં. એણે મારા ઓરડામાં પ્રવેશતાં પહેલાં પરવાનગી માગી. પછી એના પગને એણે બાજુમાં પડેલા પગલૂછણિયા પર સાફ કર્યા. એનાં કપડાં સામાન્ય હોવા છતાં ચોખ્ખાં હતાં. બેસતાં પહેલાં એ ખુરશી સાફ કરીને બેઠો. એનામાં આત્મવિશ્વાસ હતો, મારા દરેક સવાલનો એણે સાચો અને ધૈર્યપૂર્વક જવાબ આપ્યો. મારા સવાલો પૂરા થયા પછી શાંતિથી મારી સંમતિ માગી, તે ઊઠીને ચાલ્યો ગયો. એણે કોઈપણ પ્રકારની ચાપલૂસી કે ભલામણની કોશિશ નહોતી કરી. આ ગુણોને કારણે મેં એને પસંદ કર્યો. આ એવાં પ્રમાણપત્રો હતાં જે બહુ થોડા માણસો પાસે જોવા મળે છે. આવા ગુણવાન માણસો પાસે લેખિત પ્રમાણપત્રો ન પણ હોય તોયે કંઈ વાંધો નહિ!'

– દાદા ધર્માધિકારી

## સ્વાધ્યાય



**સ. ૧ યોગ્ય વિકલ્પ શોધી વાક્યો ફરીથી લખો.**

(૧) પ્રખ્યાત રૂસી લેખકનું નામ __________ હતું.

અ) અબ્રાહમ લિંકન

બ) ટૉલ્સટૉય

ક) ચાર્લ્સ ગુડ ઈયર

ડ) પિકાસો

(૨) લેખકે એવા માણસની પસંદગી કરી જેની પાસે __________

અ) ઘણાં પ્રમાણપત્ર હતાં.

બ) અમૂલ્ય પ્રમાણપત્ર હતાં.

ક) એકેય પ્રમાણપત્ર નહોતું.

ડ) લાગવગ હતી.

(૩) પસંદ થયેલા માણસે કોઈ પ્રકારની __________

અ) મદદ કરી ન હતી.

બ) કોશિશ કરી ન હતી.

ક) ચાપલૂસી કરી ન હતી.

ડ) લાંચ આપી ન હતી.

(૪) એણે મારા ઓરડામાં પ્રવેશતા પહેલા __________

અ) બેલ મારી.

બ) દરવાજો ખખડાવ્યો.

ક) પગરખા ઉતાર્યા.

ડ) પરવાનગી માગી.

**સ. ૨** તમારી દૃષ્ટિ એ પસંદ થયેલો માણસ યોગ્ય છે કે અયોગ્ય? તે જણાવો.

**સ. ૩** તમારી દૃષ્ટિએ નોકરી મેળવવા માટે આવશ્યક ગણાતા હોય તેવા ગુણો લખો.

***

**પરિવર્તન સંસારનો નિયમ છે.**

# ૪ દીકરો

**ડૉ. મુકુલ મનોહરલાલ ચોકસી :** તેમનો જન્મ ઈ. સ. ૧૯૫૯માં સુરત શહેરમાં થયો હતો. તેઓએ એમ.બી.બી.એસ સાથે ડી.પી. એમ. ની ડિગ્રી મેળવી છે. હાલમાં તેઓ સાઈક્રીઆટીસ્ટની પ્રવૃત્તિ કરી રહ્યા છે. વ્યવસાયે ડૉક્ટર હોવા છતાં તેઓનું પદ્યસાહિત્ય વિપુલ અને વિવિધતા ભર્યું છે. તેમના કાવ્યોમાં તેમણે હૃદયની ઊર્મિઓને વાચા આપી છે.

તેમનાં 'તાજા કલમમાં એ જ કે', 'ગઝલ - સંગ્રહ ૨૦૦૧' ને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત ગીતમાં કવિએ ભગવાન પાસે દીકરો માગવાની વાત કરી છે. દીકરો માગવા પાછળ વંશવેલો વધારવાની કે વૃદ્ધાવસ્થાના આધારની ઈચ્છા નથી. બહેનને ભાઈ મળે, તેને રાખડી બાંધે, તેમજ પારકી દીકરી વહુ બનીને આવ્યા પછી તે પણ પોતાની દીકરી બને એવી ઈચ્છા છે. પારકી દીકરી પોતાને માતા-પિતા ગણશે અને પોતાનું જીવન અમારી સાથે જોડશે એવી મનોભાવના અહીં વ્યક્ત થઈ છે. પરાઈ દીકરી તેનું કુટુંબ છોડીને અમારા કુટુંબનો એક ભાગ બનશે, આવી પળના સાક્ષી બનવા માટે કવિ દીકરો માગે છે. ટૂંકમાં, દીકરાની માગણી દ્વારા પરાઈ દીકરીને પોતાની કરવાની કવિની ભાવના આ કાવ્યમાં વ્યક્ત થઈ છે.

---

બધા ભગવાન પાસે દીકરો આ જગમાં માગે છે
જીવન દીકરા વિના કેટલાયને બહુ ખાલી લાગે છે
સમુદ્રને વંશવેલા વિસ્તરે એવી અપેક્ષા છે
કોઈકને પાછલી ઉંમરની એકલતાની ચિંતા છે
નથી આધાર કે વિસ્તારની ઈચ્છા મને ઈશ્વર!
હું તારી પાસે દીકરો માંગુ છું બહુ જુદા કારણસર
કે મારી લાડલી દીકરીને મળશે સાથ ભાઈનો
ને એની રાખડી અજવાળશે એક હાથ ભાઈનો
હશે દીકરો તો પરણીને વહુને લાવશે ઘરમાં
કોઈ કોડીલી કન્યા આવશે અમ સહુના જીવતરમાં
અમારા ખોળામાં ઊછરેલ વ્હાલા બાળકો સઘળા
અમે પોતે ઊછેર્યા હોવાથી બહુ લાગશે વ્હાલા
પરંતુ પારકા ઘરમાં જે ઊછરી છે તે કન્યા પણ
અચાનક એક બે ક્ષણમાં બની જશે અમારુ જણ
નથી તો પણ એ અમને પોતાના માતા પિતા ગણશે
જીવન આખું અમારી જીંદગીના પોતમાં વણશે



કોઈ વેલી ઊખેડાઈ બીજા કુંડામાં પાંગરશે
જગતમાં આવી ઘટનાનો કોઈ જોટો નહીં જડશે
બનું સાક્ષી હું આવી પળનો એટલા માટે હે ઈશ્વર!
જો દીકરો દે મને તો માત્ર દેજે આ જ કારણસર

## • માર્ગદર્શક સ્તંભ •

કાવ્યનો પ્રારંભ કરતાં પહેલાં આપણા સમાજમાં પ્રવર્તેલા દીકરો અને દીકરી વચ્ચેની સમાનતા અને તફાવતની વર્ગમાં વાત કરવી. કન્યા પ્રત્યેના ભેદભાવને કેવી રીતે દૂર કરવા તે વિષે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. સ્ત્રી-પુરુષ સમાનતાના કિસ્સાઓની જાણકારી આપી બંનેના મહત્ત્વ વિષે પ્રશ્નોત્તર પૂછી વિદ્યાર્થીઓના મંતવ્ય જાણવા. સમાનતાનો ભાવ કેળવાય તેવા સંદેશ સાથે કાવ્યને ગતિ પ્રદાન કરવી.


## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) સહકાર - ____________
(૨) બધા - ____________
(૩) ગોદ - ____________
(૪) જોડ - ____________
(૫) એકાએક - ____________
(૬) જીવન - ____________
(૭) વિકસવું - ____________
(૮) ભગવાન - ____________

**સ. ૨ 'તર' પ્રત્યય લગાવી શબ્દો બનાવો.**



**સ. ૩ ઉદાહરણ મુજબ ક્રિયાપદનું રૂપ બનાવી ખાલી જગ્યા પૂરો.**

દા. ત. : અમે પોતે ઊછેર્યા (હોવું) હોવાથી બહુ લાગશે વ્હાલા

(૧) તેઓના (જવું) ________ ઘર લાગે છે ખાલી ખાલી.

(૨) સંગીતનો રિયાજ (કરવું) ________ તેમાં સિદ્ધિ મળે છે.

(૩) ઈશ્વર પાસે (માગવું) ________ બધું જ મળી જતું નથી.

(૪) દૂધમાં સાકર (ભેળવવું) ________ તે મીઠું લાગે છે.

(૫) ઘરનું ખાવાનું (ખાવું) ________ સ્વાસ્થ્ય સારું રહે છે.

**સ. ૪ નીચેના શબ્દોને વાક્યમાં વાપરો.**

ઘટના , જિંદગી , ક્ષણ , આધાર , અપેક્ષા

**સ. ૫ કોષ્ટકમાંથી શોધીને લખો.**

દા. ત. દિવસ × રાત

| | વ | હા | લા | જ |
|---|---|---|---|---|
| દવલા × | શ | અ | જ | ત |
| ભરેલું × | પા | પે | તી | પા |
| આગલી × | ર | ક્ષા | ન | છ |
| પોતાનાં × | કાં | ર | ખા | લી |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(૧) કે મારી લાડલી દીકરીને મળશે સાથ ________ નો.

અ) માબાપ  બ) બહેન  ક) ભાઈ

(૨) પરંતુ ________ ઘરમાં જે ઊછરી છે તે કન્યા.

અ) પારકા  બ) પોતાના  ક) ભાઈ

(૩) કોઈકને પાછલી ઉંમરની ________ ની ચિંતા છે.

અ) વૃદ્ધાવસ્થા  બ) એકલતા  ક) ઘડપણ

**સ. ૭ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (૧) હશે દીકરો તો પરણીને | (૧) કોઈ જોટો નહીં જડશે |
| (૨) જગતમાં આવી ઘટનાનો | (૨) અમ સહુના જીવતરમાં |
| (૩) બધા ભગવાન પાસે દીકરો | (૩) વહુ લાવશે ઘરમાં |
| (૪) કોઈ કોડીલી કન્યા આવશે | (૪) આ જગમાં માગે છે. |

**સ. ૮ કોણ? તે લખો.**

(૧) લાડલી દીકરીને સાથ આપનાર ________

(૨) સહુના જીવતરમાં આવનાર ________

(૩) દીકરો પરણીને લાવશે ________

(૪) ખોળામાં ઉછરનાર ________

(૫) પારકા ઘરમાં ઉછરનાર ________

**સ. ૯ પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૦ સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો**

| | વિગ્રહ | પ્રકાર |
|---|---|---|
| માતાપિતા - | ________ | ________ |
| સુખદુઃખ - | ________ | ________ |
| શાકભાજી - | ________ | ________ |
| જીવનમૃત્યુ - | ________ | ________ |

**સ. ૧૧ સંધિ.**

ન્યાય + આલય = ન્યાયાલય

સૂર્ય + [ ] = સૂર્યોદય

સદા + એવ = [ ]

ઈતિ + આદિ = [ ]

★ દીકરીઓ સાથે થતા ભેદભાવ વિશે ચર્ચા કરો. તે દૂર કરવાના ઉપાય જણાવો.

## પ્રકલ્પ

'બેટી બચાવો, બેટી ભણાવો' વિષય ને ધ્યાનમાં લઈ સ્લોગનો તૈયાર કરી વર્ગમાં લગાડો.

## લેખન કૌશલ્ય



## નિબંધ લેખન

નિબંધ એ ગદ્ય સાહિત્ય સ્વરૂપનો એક પ્રચલિત અને અગત્યનો પ્રકાર છે. નિબંધ કોઈપણ વ્યક્તિના ભાવવિશ્વને અને કલ્પનાને સાકાર કરે છે. કાવ્યાત્મક ભાષા, કલાત્મક રજૂઆત અને હૃદયના ઊંડાણની લાગણીના ભાવની રજૂઆત નિબંધમાં થાય છે.

નિબંધના પ્રકારો :

(૧) વર્ણનાત્મક

(૨) કલ્પનાત્મક

(૩) આત્મકથનાત્મક

નિબંધ લખતી વખતે....

- મનગમતો વિષય પસંદ કરો.
- માહિતી એકઠી કરો.
- સુઘડ ફકરાઓમાં રજૂઆત
- સરળ ભાષામાં રજૂઆત
- જોડણી, વિરામચિહ્નો, કહેવતો, રૂઢિપ્રયોગોનો કુનેહપૂર્વક ઉપયોગ
- નિબંધ ત્રણ વિભાગમાં હોય છે.

(૧) પ્રારંભ કે પ્રસ્તાવ (૨) મધ્ય (૩) અંત. આ ત્રણે વિભાગનું લખાણ પ્રમાણસર હોવું જોઈએ. પ્રારંભ આકર્ષક હોય તો તે વાંચનારના મન પર સારી છાપ ઉપજાવે છે. તેવી જ રીતે અંત ટૂંકો - લેખકના અભિપ્રાય અને નિબંધના વિષય વસ્તુ સાથે સુસંગત હોવો જોઈએ.

- નિબંધ શરૂ કરતાં પહેલાં એ અંગેના મુદ્દાઓ વિચારી તેને ટાંકી લેવા જોઈએ. નક્કી કરેલા દરેક મુદ્દા માટે યોગ્ય ફકરા પાડવા જોઈએ.

**મને આવેલું સ્વપ્ન**

ગઈકાલે એક સામાયિકમાં ચંદ્રલોક પર માનવ વસ્તીનો લેખ વાંચી મારા મનમાં જાતજાતના તરંગો ઊઠ્યા. આખો દિવસ એ વિચારો મનમાં ઘૂમ્યા કરતા હતા. એ જ વિચારો કરતા કરતા હું સૂઈ ગયો.

એક દિવસ હું અગાસીમાં બેઠો હતો. ત્યાં પાસેના એક મેદાનમાં એક અવકાશયાન ઊતર્યું. થોડી જ વારમાં આ અવકાશયાનમાંથી એક સુંદર પરીને બહાર નીકળતી મેં જોઈ. પરી હળવે હળવે મારી પાસે આવી અને મને પ્રેમથી પૂછ્યું, ‘‘ભાઈ અનિલ, કેમ છે? તારે ચંદ્રલોક જોવો છે? ચાલ, મારી સાથે ત્યાંની અજબ-ગજબની દુનિયા હું તને બતાવીશ.’’ મેં કહ્યું, ‘‘તું કોણ છે?’’ તેણે કહ્યું, ‘‘હું સોનપરી છું. મારી સાથે આવીશ?’’

સોનપરીની વાત સાંભળી હું આનંદમાં આવી ગયો. મેં કહ્યું, ‘‘હું આવું તો ખરો પણ મને પાછો અહીં મૂકી જઈશ ને?’’ પરીએ હા પાડી. હું જલ્દી જલ્દી ઘરમાં ગયો. બાને વાત કરી. પહેલા તો બાએ આનાકાની કરી. પણ પછી રાજી થઈ ગઈ. બધાની અનુમતિ લઈ હું નીકળ્યો. પરીએ મને અવકાશયાનમાં પહેરવા માટેના કપડાં આપ્યાં. હું એ પહેરીને સજ્જ થયો.

હું બાને પગે લાગ્યો. પરીએ મને અવકાશયાનમાં બેસાડ્યો. અવકાશયાન ઊડ્યું. તે ઊંચે ને ઊંચે જવા લાગ્યું. ઊંચેથી પૃથ્વી મને ચંદ્ર જેવી નાની લાગી. અવકાશયાન ચંદ્રલોક પર ઊતર્યું. અમે એમાંથી બહાર આવ્યાં. પરીનો કેટલો સુંદર મહેલ હતો! પરીએ મને આખો મહેલ બતાવ્યો. પછી અમે જમવા બેઠા. ભોજનની સામગ્રી જોઈ મારા આનંદનો પાર ન રહ્યો.

ત્યારપછી મેં પરી સાથે ચંદ્રલોક જોયું. એ નગરની શોભા જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો. ખૂબ અદ્‌ભુત દુનિયા હતી એ! ત્યાં એક રંગબેરંગી ફૂલોનું ઝાડ જોયું. મેં એક ડાળી નમાવી એટલે ત્યાં તૂટીને પડી. હું ગબડી પડ્યો. ગબડી પડતાં જ મારી આંખો ઊઘડી ગઈ. જોયું તો હું મારા ઘરમાં જ હતો. ઊંઘમાં પલંગ પરથી ગબડી પડ્યો હતો.

મારા મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો, ‘‘અરે, સ્વપ્ન? પણ કેવું અદ્‌ભુત સ્વપ્ન!’’

# કહેવતો

- કૂવામાંનો દેડકો.
- ખાડો ખોદે તે પડે.
- ગાજ્યા મેહ વરસે નહિ
- ઘી ઢોળાયું તો ખીચડીમાં
- ચેતતા નર સદા સુખી
- છાશમાં માખણ જાય ને વહુ ફૂવડ કહેવાય.
- જાગ્યા ત્યાંથી સવાર.
- ઝાઝા હાથ રળિયામણા
- ટાઢે પાણીએ ખસ જાય.
- ઠોઠ નિશાળિયાને વતરણાં ઝાઝા
- ડુંગરા દૂરથી રળિયામણાં
- ઢોલ વાગે ઢાંકયો ન રહે
- તરત દાન ને મહાપૂણ્ય
- દયા ડાકણને ખાય
- દેશ તેવો વેશ
- ધીરજનાં ફળ મીઠાં
- નમે તે સહુને ગમે.
- પારકી આશ સદા નિરાશ
- ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે
- બાવાના બેય બગડ્યાં
- બોલે તેના બોર વેચાય
- ભેંસ આગળ ભાગવત
- એક પંથ ને દો કાજ
- સંપ ત્યાં જંપ
- યથા રાજા તથા પ્રજા

***


**સર્વ ખુશી આપવામાં છે – લેવા તથા માગવામાં નથી**

# ૫ શિક્ષા શાણાને...

**દયારામ :** તેઓ વડોદરા જિલ્લાના ચાણોદ ગામના વતની હતા. તેમણે ડભોઈમાં વાસ કર્યો હતો. આ કવિએ પોતાનું આખું જીવન કૃષ્ણસેવામાં સમર્પી દીધું હતું.

તેઓ ગુજરાતી ભાષાના ઉત્તમ ઊર્મિકવિ છે. 'રસિક વલ્લભ', 'ભક્તિ પોષણ', 'દયારામ રસસુધા ૧ તથા ૨', 'દયારામ રસધારા ૧-૨-૩ વગેરે તેમની વૈષ્ણવ સંપ્રદાયને લગતી રચનાઓ છે. તેમની કવિ તરીકેની ખરી પ્રતિભા ગરબીઓમાં ઝળકી રહે છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત બોધકાવ્યમાં કવિએ જીવનવ્યવહાર ચલાવવા માટે શ્રદ્ધા-ભક્તિ, સદ્ગુણ-સદ્વિચાર, ઉપદેશ-શિખામણની આવશ્યકતા તેમજ મહત્ત્વ વિશે જાણકારી આપી છે. 'જે સમજે તે શાણો' એવું કહીને કવિ 'સમજદાર વ્યક્તિ કોણ?' તે તરફ અંગૂલિનિર્દેશ કરે છે. લઘુતાગ્રંથિ ન બાંધતા જે મળ્યું છે તેમાંથી આગળ વધવાની સમજદારી કેળવવી જોઈએ. કૃતિમાં જીવનનાં મૂલ્યોનું મહત્ત્વ સમજાવ્યું છે.



સરવ કામ છાંડીને પરથમ શ્રીગુરુ ગોવિન્દ ભજિયે જી;
સકલ કામના-સિદ્ધિ જેથી, વારે તેહેને તજિયે.
શિક્ષા શાણાને...
પરોપકાર, પ્રીતિ, મૃદુ વાણી; મોટા જન તે જાણોજી;
નિર્દય, આપસ્વારથી, જૂઠા; તે નીચા પરમાણો.
શિક્ષા શાણાને...

ખરી મહેનતનું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયે જી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાણ હાંસીથી ડરિયે.
શિક્ષા શાણાને...

વિના વિચાર્યું કામ કરે તે પાછળથી પસ્તાય જી;
બગડી બૂંદ ન હોજે સધરે, મળે ન તક જે જાય.
શિક્ષા શાણાને...

ઋણ કાઢીને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુઃખજી;
જેહેવી સંપત તેહેવું ભોજન, સદા પામિયે સુખજી
શિક્ષા શાણાને...

સુખ આવ્યે છકી ન જૈયે, દુઃખ આવ્યે નવ ડરિયે જી;
આપણથી અધિકાંને જોઈને ગરવ ક્લેશને હરિયે.
શિક્ષા શાણાને...

લાખ, ગમાવી સાખ રાખજો, સાખે મળશે લાખ જી;
લાખ ખરચતાં સાખ નહિ મળે, સાખ ગયે સહુ ખાખ.
શિક્ષા શાણાને...

## • માર્ગદર્શક સ્તંભ •

કવિતામાં આવતા 'શાણા' શબ્દને અનેક રીતે અલગ-અલગ સંદર્ભમાં સમજાવીને કાવ્યમાં વાંછિત ઉપદેશની ચર્ચા કરવી. સારા અને સજ્જન વ્યક્તિઓની વિશેષતા વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી. વર્ગમાં ચર્ચા કર્યા પછી સદ્ગુણોની વિસ્તૃત જાણકારી આપી, જીવનમાં શું કરવાનું, શું નહિ કરવાનું તેના વિષે પ્રેરણાદાયી વાક્યો/સુવિચારો/સુભાષિતો દ્વારા વિદ્યાર્થીઓનું જ્ઞાન સંવર્ધન કરી કવિતાનું અધ્યયન કરાવવું.

## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ઈચ્છા - ______________
(૨) આબરૂ - ______________
(૩) પરિશ્રમ - ______________
(૪) શિખામણ - ______________
(૫) પહેલા - ______________
(૬) કોમળ - ______________
(૭) મશ્કરી - ______________
(૮) અભિમાન - ______________

**સ. ૨ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધીને લખો.**

(૧) ભજિયે - ____________________

(૨) જાણો - ____________________

(૩) લાખ - ____________________

(૪) દુઃખજી - ____________________

**સ. ૩ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. બધાં જ શબ્દો ''નિ'' થી શરૂ થાય છે.**

(૧) જેનામાં દયા નથી તે - __________

(૨) જેણે પાપ નથી કર્યું તે - __________

(૩) જેને ડર નથી તે - __________

(૪) જે કલંકિત નથી તે - __________

(૫) જેને સ્વાર્થ નથી તે - __________

**સ. ૪ શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સકલ | લગન | નગર | રમત | તરલા |
| (૨) | કામના | __________ | __________ | __________ | __________ |
| (૩) | મહેનત | __________ | __________ | __________ | __________ |
| (૪) | નજર | __________ | __________ | __________ | __________ |
| (૫) | ખરચ | __________ | __________ | __________ | __________ |

**સ. ૫ નીચે આપેલા શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

નિર્દય , પસ્તાવો , ઋણ , શિક્ષા

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**


(૧) સકલ __________ જેથી, વારે તેહેને તજિયે. (અષ્ટસિદ્ધિ, કામના-સિદ્ધિ, નવનિધિ)

(૨) ખરી __________ નું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયે જી. (મહેનત, કમાણી, કસોટી)

(૩) __________ કાઢીને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુઃખ જી. (સમય, સાખ, ઋણ)

(૪) આપણથી __________ ને જોઈને ગરવ કલેશને હરિયે. (શ્રેષ્ઠ, ઉચ્ચ, અધિકાં)

**સ. ૭ કાવ્યમાં આવતાં જીવનમૂલ્યો લખો.**



## સ. ૮ નમૂના પ્રમાણે પ્રશ્નો બનાવો.

દા. ત. : બધું કામ છોડીને પહેલા શ્રીગોવિંદને ભજવું જોઈએ. (કોને?)

બધું કામ છોડીને પહેલા કોને ભજવું જોઈએ?

(૧) ખરી મહેનતનું દ્રવ્ય જોડીએ. (કયુ)

(૨) વિના વિચાર્યું કામ કરે તે પાછળથી પસ્તાય છે. (કોણ?)

(૩) દુ:ખથી ન ડરવું જોઈએ. (શેનાથી?)

(૪) લાખ ખરચતાં સાખ નહિ મળે. (શું?)

## સ. ૯ ચાલો જવાબ લખીએ.

(૧) કાવ્યમાં જેને શિખામણ આપી છે તે - ________

(૨) મહાન પુરુષોના સદ્‌ગુણો - ૧) ________ ૨) ________

(૩) પાછળથી પસ્તાય છે તે - ________

(૪) સુખથી છકી ન જઈએ તો દુ:ખથી - ________

(૫) આબરુ અને ધનમાં આ ચડિયાતું છે - ________

## સ. ૧૦ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

(૧) વિના વિચાર્યું કામ કરે તે ________

અ) મોટો જન ગણાય જી

બ) ઘણો રાજી થાય જી.

ક) પાછળથી પસ્તાય જી

ડ) સહુનો વહાલો થાય જી

(૨) લાખ ખરચતાં સાખ નહિ મળે ________

અ) સાખ ગયે સહુ ખાખ

બ) સાખે મળશે લાખ

ક) સાખ નહિ મળે રાખ

ડ) લાખ ગુમાવી સાખ

(૩) સુખ આવ્યે છકી ન જૈયે ________

અ) દાટીને દુ:ખ સહિયે જી

બ) સુખ આવ્યે નવ ડરિયે જી

ક) ઊંચી નજર ના કરિયે જી

ડ) શ્રીગુરુ ગોવિન્દ ભજિયે જી

(૪) સરવ કામ છાંડીને પરથમ ________

અ) સહુને રાજી કરિયે જી

બ) કોઈથી નવ ડરિયે જી

ક) સહુ સાથે હળિયે મળિયે જી

ડ) શ્રી ગોવિન્દ ગુણ ભજિયે જી

**સ. ૧૧ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો :**

**સ. ૧૨ ★ સંધિ વિગ્રહના યોગ્ય શબ્દો લખો :**

| | | | |
|---|---|---|---|
| પરોપકાર = પર + ______ | | નિર્દય = ______ + દય | |
| વ્યવહાર = વિ + ______ | | કદાપિ = ______ + અપિ | |
| યોગીન્દ્ર = યોગ + ______ | | | |

★ **નમૂના પ્રમાણે પ્રમાણ ભાષાના શબ્દો લખો :**

| | | | |
|---|---|---|---|
| પરથમ | = પ્રથમ | પરજા | = |
| પરણામ | = | પરમાણ | = |
| ઈન્દર | = | સમરાટ | = |
| પરભુ | = | ચન્દર | = |

★ કાળ ઓળખો –

(૧) ખરી મહેનતનું દ્રવ્ય જોડે છે – ______

(૨) લાખ ગુમાવી સાખ રાખશે – ______

(૩) શાણાને શિખામણ આપી – ______

(૪) પાછળથી પસ્તાવો ઉપજ્યો – ______

★ કૃષ્ણની બાળલીલાનો એક પ્રસંગ વર્ગમાં રજૂ કરો.

## પ્રકલ્પ

કવિ દયારામના જીવનચરિત્રની વાતો ઈન્ટરનેટ પરથી મેળવીને ભીંતપત્રક તૈયાર કરો.

## વિશેષ વાંચન



### • રણકાર •

જીવનમાં નાની, મોટી, સારી, ખરાબ, ધારી, અણધારી... દરેક વાતમાં અનપેક્ષિત, અણધાર્યું અને ચકિત કરી દેનારું બની શકે છે. સરસ મજાનો શિયાળો એકાએક હાડ ગાળતી ટાઢ બની શકે છે. ઝરમર વરસતો વરસાદ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. આવી બાબતોને રોકવા માટે માણસની વિસાત નાની પડે એમાં નવાઈ શી? નવાઈ જોકે એક મુદ્દે અવશ્ય હોય. તંગ પરિસ્થિતિમાં કેવી રીતે વિચાર અને આચાર કરી શકાય છે એમાં. વળતી લડત આપવાની ખુમારી કેટલી રાખીએ છીએ એમાં. હારવાને તો પુરુ રાજાએ હારવાનું જ છે. સુનિશ્ચિત છે એ. છતાં સિકંદર જેવા હરીફની સામે માથું ઊંચકીને માનભેર વાત કરીને જ પરાજિત રાજા પુરુ તરીકે ઉભરી આવે. દરેક જણમાં આવું અકલ્પનીય સાહસ કરવાની આવડત હોય છે. કરે છે બહુ ઓછા લોકો. બાકી મોટાભાગના લોકોની

મહાન શક્તિ વેડફાઈ જાય છે. નાની-ક્ષુલ્લક દુન્યવી બાબતોને થાળે પાડવામાં. શક્તિના બગાડથી જે સર્જાય એ સરેરાશ જીવન અને એનો સંચય કરીને ધડાકો કરી શકાય તો બને દૃષ્ટાંતરૂપ જીવન. જે રીતે એક-એક સાધનને ભેગાં ગોઠવ્યા પછી કમાલની કામગીરી કરતું ઉપકરણ બની જાય છે એ રીતે. સુંદર ફૂલો અસંખ્ય હોય અને બગીચો સર્જાય છે એ રીતે. તમારી શક્તિનો ક્યાસ તમારે પોતે કાઢવો રહ્યો. રોજિંદી જવાબદારી રૂપાળી રીતે ભજવવા માટે આટલું તો કરવું જ રહ્યું તમારે. ચાલો, જૂની વિચારસરણી ખંખેરી નાખો. તૈયાર થઈ જાવ. તમારા માટે પણ બધું જ શક્ય હતું અને છે. બસ, જે શક્ય છે એને શક્ય બનાવવા અશક્યમાંથી માર્ગ કાઢવાની આદત પાડવાની છે હવે.

**– કલ્પના જોશી**

## સ્વાધ્યાય



**સ. ૧ યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(૧) ઝરમરતો વરસાદ __________ સ્વરૂપ ધારણ કરી શકે છે.

(૨) __________ જેવા હરીફ સામે માથું ઊંચકીને વાત કરીએ.

(૩) તમારી __________ નો ક્યાસ તમારે પોતે કાઢવો રહ્યો.

(૪) જૂની __________ ખંખેરી નાખો.

**સ. ૨ ચાલો લખીએ.**

(૧) જીવનમાં આવનારી બાબતો.

(૨) ગદ્યાંશમાં ઉલ્લેખ કરેલ મહાન વ્યક્તિઓ

**સ. ૩** ‘જૂની અને નવી વિચારધારા’ ની તુલના તમારા શબ્દોમાં લખો.

***

## તમારું કર્મ એ જ તમારો ધર્મ


# ૬ ધૂળિયે મારગ

**મકરન્દ દવે :** રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. વર્ષો સુધી મુંબઈ રહ્યા પછી તેઓ વલસાડ પાસે નંદિગ્રામમાં વસ્યા. સાહિત્યની સાધનાની સાથે સાથે આધ્યાત્મિક ક્ષેત્રે ગતિ કરતા રહ્યા. ગાંધીયુગ પછીના ગાળામાં આધ્યાત્મિક સાધનાને અનુલક્ષતી કવિતા રચનાર તેઓ મર્મજ્ઞ કવિ હતા. તેમના કાવ્યોમાં જીવનનો આધ્યાત્મિક અનુભવ સાદી-સરળ ભાષામાં પણ ચોટદાર રીતે રજૂ થાય છે. તેમને ૧૯૭૯નો ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ એનાયત થયો હતો.

**સૂર કૃતિનો –** આજના યુગમાં ‘પૈસા’ પાછળની દોડધામ જોવા મળે છે. ધનની પાછળ વલખા માર્યા વગર વર્તમાન સ્થિતિમાં, સામાન્ય માનવીને સ્વમાનભેર જીવન જીવવાનો સંદેશ આપતું આ કાવ્ય છે. જીવન વિશેનો જુદો જ ખ્યાલ કવિ અહીં દર્શાવે છે. જીવનના બે માર્ગો છેઃ એક ધૂળિયો એટલે કે સાદા-સાત્વિક જીવનનો માર્ગ અને બીજો સોનાનો એટલે કે ધન-સંપત્તિની લાલસાવાળો માર્ગ. કવિ અહીં ધૂળિયે મારગ ચાલવા માટે કહે છે.

---

કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?
કાં ભૂલી જા મન રે ભોળા! આપણાં જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું? એમાં તે શી ખોટ?
ઉપરવાળી બૅન્ક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ,
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખદુઃખોની વારતા કે’તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જો ને, પ્રેત!
માનવી ભાળી અમથું-અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ!



## • માર્ગદર્શક સ્તંભ •

આજના ભૌતિકવાદી યુગમાં પૈસાની ઘેલછા, મહત્તા વિશે વિસ્તૃત ચર્ચા કરવી.'સબસે બડા રૂપૈયા' વાક્યની જીવનમાં કેટલી જરૂરિયાત છે? તેમજ માનવીય સંબંધ અને જીવવાની વાતોનો તુલનાત્મક અભ્યાસ કરી, વિદ્યાર્થીઓને તે હકીકતથી વાકેફ કરવા. જીવનમૂલ્યોને ટકાવવા માટે સંપત્તિ કે સંસ્કૃતિનાં મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓનો મત ચર્ચા દ્વારા જાણીને મુખ્ય વિષયવસ્તુ તરફ આગળ વધવું.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) જમણ (૨) દીન (૩) ફાયદો (૪) મહોર
(૫) આકાશ (૬) પ્રેમ (૭) હેમ (૮) ગેરફાયદો

**સ. ૨ નીચેના શબ્દોની સામે આપેલ કોષ્ટકમાંથી યોગ્ય શબ્દ શોધો.**

દા.ત. ગરીબ × અમીર
કાલ ×
ખુલ્લા ×
નાનું ×
સાંકડી ×

| | | | | |
|---|---|---|---|---|
| અ | મી | ર | જા | ડ |
| હ | તા | ણ | મો | સ |
| મા | બં | ધ | ટું | આ |
| પ | હો | ળી | ન | જ |

**સ. ૩ કાવ્યમાંથી ઉદાહરણ પ્રમાણે પ્રાસવાળા શબ્દો શોધીને લખો.**

રાંક – આંક

________ ________
________ ________
________ ________

**સ. ૪ યોગ્ય વિશેષણ મૂકો.**

( ) ખેતર ( ) આભ
( ) મારગ ( ) ગામડું
( ) ગલી ( ) મન
( ) બેંક ( ) પ્રેત

**સ. ૫ નીચેના શબ્દોને વાક્યોમાં વાપરો.**

(૧) સિક્કા (૨) વ્હાલ (૩) ગામડું
(૪) લાભ (૫) વાતો (૬) નદી

**સ. ૬** કાવ્યમાંથી જોડાક્ષરો શોધો અને તેને વર્ણાક્ષરના ક્રમાનુસાર ગોઠવો.

**સ. ૭ ખાલી જગ્યા પૂરો.**

(૧) ખુલ્લા ખેતર _________, માથે નીલું આભ. (આજુબાજુ, આસપાસ, અડખે-પડખે)

(૨) નોટ ને સિક્કા નાખ નદીમાં, _________ મારગ ચાલ. (ધૂળિયે, સાદા, સાત્વિક)

(૩) _________ માટે દોડતાં એમાં જીવતાં જો ને, પ્રેત ! (દોકડા, દોઢિયાં, નાણાં)

(૪) ઉપરવાળી બેંક બેઠી છે, આપણી _________. (સ્ટેટ બેંક, રાષ્ટ્રીય બેંક, માલંમાલ)

(૫) વચ્ચે નાનું _________ બેઠું, ક્યાં આવો છે લાભ? (ગામડું, સ્વર્ગ, ઘર)

**સ. ૮ ચોકઠામાં યોગ્ય શબ્દ લખીએ.**

(૧) અડખે પડખે - [ ]
માથે - [ ]
વચ્ચે - [ ]

(૨) થોડાક નથી - [ ]
થોડીક નથી - [ ]

(૩) આજનું ખાણું - [ ]
કાલની વાતો - [ ]

**સ. ૯** કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

**સ. ૧૦ યોગ્ય રીતે જોડો.**

| સમાસ | પ્રકાર |
|---|---|
| પંચપાત્ર | વૈકલ્પિક દ્વંદ્વ સમાસ |
| મા-બાપ | દ્વિગુ સમાસ |
| આરામ ખુરશી | ઈતરેતર દ્વંદ્વ સમાસ |
| સુખદુ:ખ | મધ્યમપદ લોપી સમાસ |

★ આપેલા વાક્યોમાંના કાળ ઓળખો અને તે જ કાળ માટે બીજું વાક્ય બનાવો.

(૧) મીરાંબાઈ ઉત્તમ કવયિત્રી છે.

(૨) ખરીદીનો હિસાબ લખી રાખ્યો હતો.

(૩) તારો ભાગ તને આપી દઈશ.

(૪) દશ્ય મનોહર લાગતું હતું.

★ 'શહેરી જીવન અને ગ્રામ્ય જીવન વચ્ચેનું અંતર' આ વિષય ઉપર વર્ગમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

ગાંધીજીની આત્મકથામાંથી કોઈપણ એક પ્રસંગ પસંદ કરી તેની PPT બનાવો.

## લેખન કૌશલ્ય



### ● ભાષાંતર ●

★ **નીચેનાં વાક્યોનો ગુજરાતીમાં અનુવાદ (ભાષાંતર) કરો.**

(1) You cannot believe in God until you believe in yourself.

(2) Each person is unique and great.

(3) How much time did you spend on studies?

(4) My nation, my pride.

(5) It was a victory for all of us.

(6) Every problem has a solution.

(7) Life gives us daily lessons, not to study but to understand.

(8) Every black board makes the student's life bright.

(9) Always be truthful.

(10) Work while you work & play while you play.

(11) Sun rises in the East & sets in the West.

(12) We play Cricket everyday.

★ **જુઓ, વિચારો અને ધ્યાનમાં રાખો.**

(૧) લાભ + અલાભ = લાભાલાભ
(૨) સર્વ + ઉત્તમ = સર્વોત્તમ
(૩) કિશોર + અવસ્થા = કિશોરાવસ્થા
(૪) રજની + ઈશ = રજનીશ
(૫) મહા + ઈન્દ્ર = મહેન્દ્ર
(૬) રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર
(૭) મધુ + ઊર્મિ = મધુર્મિ
(૮) એક + અંત = એકાંત
(૯) વાત + આવરણ = વાતાવરણ
(૧૦) સ્વ + અધ્યાય = સ્વાધ્યાય

ઉપરના દરેક શબ્દમાં બે-બે શબ્દો જોડાયા છે. બે શબ્દોના જોડાણને અને તેથી બનતાં એક શબ્દને ધ્યાનમાં રાખો.

★ **નીચેના શબ્દોની સંધિ છોડો.**

(૧) સમાંતર
(૨) એકાકાર
(૩) વિદ્યાભ્યાસ
(૪) વિવેકાનંદ
(૫) જયેન્દ્ર
(૬) મહોદય
(૭) પરોપકાર
(૮) રામેશ્વર
(૯) ધર્મેન્દ્ર
(૧૦) કર્મેન્દ્રિય
(૧૧) પરીક્ષા
(૧૨) અવનીશ
(૧૩) મંત્રોચ્ચાર
(૧૪) ઉત્તમોત્તમ

**સુખ અને દુઃખ જીવનની ઘટમાળ છે.**

★ **નીચેના શબ્દોની સંધિ જોડો.**

| | |
|---|---|
| (૧) ચિંતા + આતુર | (૨) મહા + ઈશ |
| (૩) યોગ + ઈન્દ્ર | (૪) મહા + ઈચ્છા |
| (૫) કવિ + ઈશ્વર | (૬) લોક + ઉક્તિ |
| (૭) પુરુષ + ઉત્તમ | (૮) ભુવન + ઈશ્વર |
| (૯) નાગ + ઈશ્વર | (૧૦) રાજ + ઈશ્વર |
| (૧૧) જલ + આવરણ | (૧૨) બાહ્ય + આવરણ |
| (૧૩) આનંદ + ઊર્મિ | (૧૪) સિન્ધુ + ઊર્મિ |

## સંધિ

★ **આપેલા ચોરસમાંથી સંધિ શોધીને યોગ્ય જવાબ લખો.**

| | |
|---|---|
| (૧) સત્ય + આગ્રહ = સત્યાગ્રહ | (૯) આજ્ઞા + અંકિત = ________ |
| (૨) સેવા + આશ્રમ = ________ | (૧૦) મહા + ઈશ્વર = ________ |
| (૩) નર + ઈન્દ્ર = ________ | (૧૧) સૂર્ય + ઉદય = ________ |
| (૪) પર + ઉપકાર = ________ | (૧૨) ગ્રામ + ઉદ્ધાર = ________ |
| (૫) પ્રતિ + ઈક્ષા = ________ | (૧૩) પર + અધીન = ________ |
| (૬) શિષ્ટ + આચાર = ________ | (૧૪) દૃષ્ટ + અંત = ________ |
| (૭) એક + અંત = ________ | (૧૫) વાત + આવરણ = ________ |
| (૮) ગણ +ઈશ = ________ | (૧૬) હિમ + આલય = ________ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ | ત્યા | ગ્ર | હ | પ | રી | ક્ષા | ગ | શિ |
| મ | હે | શ્વ | ર | દ | ષ્ટાં | ત | ણે | ષ્ટા |
| હિ | મા | લ | ય | ર | ત | પ | શ | ચા |
| પ | સે | વા | શ્ર | મ | ન | રે | ન્દ્ર | ર |
| રો | ગ્રા | મ | વા | તા | વ | ર | ણ | સ |
| પ | મો | એ | પ | રા | ધી | ન | પ્ર | દ |
| કા | દ્ધા | કાં | સૂ | ર્યો | દ | ય | તી | ગુ |
| ર | ર | ત | આ | જ્ઞાં | કિ | ત | ક્ષા | ણ |

**સિધ્ધિ તેને જઈ વરે**
**જે પરસેવે ન્હાય.**

# કાળ

## ભાષિક સમજ

કાળ એટલે સમય

ક્રિયાપદ ઉપરથી કાળ સમજી શકાય છે.

**કાળના પ્રકાર :-**

(૧) વર્તમાનકાળ : વર્તમાન એટલે ચાલુ સમય ---- ક્રિયા ચાલુ હોય એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે વર્તમાન કાળ છે.

**દા. ત. –**
- રવિ શાળામાં જાય છે.
- પૂજા ગીત ગાય છે.
- શિક્ષક બાળકોને ભણાવે છે.

(૨) ભૂતકાળ : ભૂત એટલે પહેલાના સમયનું ---- ક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે ભૂતકાળ છે.

**દા. ત. –**
- તેઓ ફરવા ગયા હતા.
- ગયા વરસે બહુ વરસાદ પડ્યો.
- અમે નવો પાઠ ભણ્યાં.

(૩) ભવિષ્યકાળ : ભવિષ્ય એટલે હવે પછીના સમયનું ---- ક્રિયા હવે પછીના સમયમાં થવાની છે એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે ભવિષ્યકાળ છે.

**દા. ત. –**
- સીતા અને ગીતા આવતીકાલે મુંબઈ જશે.
- માએ કહ્યું, ''નીરવ, કાલથી વાંચજે.''
- કોણ મિજબાની આપશે?

**કાળ**

| વર્તમાન કાળ | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| ક્રિયા ચાલુ હોય | ક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય | ક્રિયા થવાની હોય |
| ↓ | ↓ | ↓ |
| આજે | ગઈ કાલે | આવતી કાલે |
| ↓ | ↓ | ↓ |
| છે | હતું | હશે |

**ઉપક્રમ**

**વાંચો, વિચારો અને નક્કી કરો**

**શું કહેવાય? છલ્લે 'રૂ' અથવા 'રું' આવે તેવા શબ્દમાં જવાબ નક્કી કરો.**

(૧) પાયલ
(૨) છોકરીઓ પરણીને જાય તે
(૩) ઓસ્ટ્રેલિયાનું પ્રાણી
(૪) ઘણા વખતથી બંધ પડેલું
(૫) જેમાંથી માથાનું તેલ બને
(૬) બારોબાર
(૭) બાંધકામના મજૂરનું સાધન
(૮) લોકોના ગજવા કાપે તે
(૯) એક વાજીંત્ર
(૧૦) ભાઈબંધ, મિત્ર
(૧૧) સાપનું બીજું નામ
(૧૨) યજમાન મહેમાનને આપે
(૧૩) પાલતું વફાદાર પ્રાણી
(૧૪) પ્રત્યક્ષ મળવું તે
(૧૫) કીડીઓથી ઉભરાતું
(૧૬) લોકોને લૂંટે તે
(૧૭) પ્રવાસી, મુસાફર
(૧૮) ભીનું ન હોય તેવું
(૧૯) એક પર્વતનું નામ
(૨૦) દીવો કરવાની જગ્યા

જવાબ : ઘૂંઘરું, સાસરું, કાંગારું, અવાવરું, કોપરું, પરબારું, તગારું, ખિસ્સાકાતરું, નગારું, ભેરૂ, એરૂ, નોતરું, કૂતરું, રૂબરૂ, કીડિયારું, લૂટારું, ઉતારું, કોરું, મેરુ, પાણિયારું.

❋❋❋

**જીવનનું ગીત તે પામે, જે જીવનને જીવી જાણે.**

# ૧ ભાતાનું પોટલું

**ધીરજલાલ બ્રહ્મભટ્ટ :** આપણા સાહિત્યના સમર્થ સાહિત્યકાર ધીરજલાલ બ્રહ્મભટ્ટનો જન્મ તારાપુર જિલ્લાનાં આણંદમાં થયો હતો. તેમણે બી.એ. અને હિન્દી ભાષા રત્નની પદવી પ્રાપ્ત કરી. જવાહરલાલ નેહરુ વિદ્યાલય, સુરેન્દ્રનગરમાં શિક્ષક તરીકે સેવાઓ બજાવી છે. તેમણે હાસ્ય વાર્તામાળા, નાટક તથા બાળસાહિત્ય ક્ષેત્રે અસાધારણ કાર્ય કર્યું છે. 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા તેમને 'હાસ્ય વાર્તામાળા' માટે પુરસ્કાર એનાયત થયેલ છે. તેમનું નાટક 'ભાત-ભાત કે લોક', બાળસાહિત્ય 'હસી-ખુશી વાર્તામાળા', 'હાસ્ય : વ્યંગ, રંગ અને વંટોળ' પણ પ્રસિદ્ધ છે. સરળ અને સહજ શૈલીની આગવી રીત ઊડીને આંખે વળગે તેવી છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત કૃતિ લોકકથા છે. 'ભાતાનું પોટલું' વિષયક લોકકથા 'ઘરનો રોટલો બહાર અને બહારનો રોટલો ઘર' એ ઉક્તિ સાર્થક કરે છે. તો 'વાવો તેવું લણો' એ કહેવત પણ સાચી ઠરે છે. 'આતિથ્ય ભાવના' ભારતીય સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે, તેનું અહીં સુંદર અને સચોટ દર્શન થાય છે.


---

પશા પટેલ ભારે કંજૂસ. સૌ તેમને એક નંબરના કડકા ગણે. પોતા માટે બધું કરી છૂટે. પણ પારકા માટે પૈસો પણ ન ખરચે. પારકાં તો શું પોતાના માટે પણ એવો જ વહેવાર. ઉનાળામાં પોતાને શિખંડ ખાવાનું મન થાય પણ પટેલ શિખંડને ઘર ન બતાવે. ઘરે લાવે તો ખાસ્સો બે કિલો જોઈએ. તેથી પશાકાકા હોટલમાં જઈ શિખંડને પેટમાં પધરાવી દે! આમ એકલપેટા પણ ખરા.

તેમનાં પત્ની તો ઘણાં માયાળુ. પતિ-પત્નીના સ્વભાવ વચ્ચે જમીન અને આસમાન જેટલું અંતર. પોતાનું કામ પડતું મૂકીને પણ પત્ની પાડોશીનું કામ કરી છૂટે. કોઈ તેમની પાસે કંઈ વસ્તુ માગે તો તે ગમે તેમ કરીને પણ તેને આપે. પશાકાકાને પત્નીનો સ્વભાવ વિચિત્ર લાગતો. ઘણી વખત ગુસ્સે થઈને તેઓ કહેતા પણ ખરા કે, 'તું તો મારું ઘર લૂંટાવા બેઠી છે. તારા આવા વર્તનથી મારે એક દિવસ ભીખ માગવાનો દહાડો આવશે. ત્યારે તું જોજે કે મારા ચપણિયામાં કોઈ ભીખ પણ નહીં નાંખે.'

પશાકાકા ગુસ્સે થાય ત્યારે કાકી શાંત થઈ જતાં અને ગુસ્સો ઊતરે ત્યારે હળવેકથી કહેતાઃ 'તમે માનો કે ન માનો પણ પાડોશી જ આપણો સાચો સગો છે. માનવી માનવીના ખપમાં ન આવે તો માનવ અવતારનો અર્થ શો?

કાકીની આવી ડાહી વાતો પશાકાકાને ગળે ઊતરતી નહિ. એ તો ઉપરથી ટોણો મારતા, કે, 'એ બધાં જ તારાં સાચાં સગાં છે. મારે તૂટી મરવાનું ને તારે મોટી દાનેશ્વરી થવાનું !' જો કે કાકાના વચનોની કાકી પર ખાસ અસર થતી નહીં. એ તો એમનો નિત્ય નિયમક્રમ કર્યે જ રાખતાં, ગામમાં બહારગામથી મહેમાન આવે તો તરત તેને ઘેર બોલાવી લાવે. જેને ચા પાવા જેવી હોય તેને ચા પાય. નાસ્તો કરાવવા જેવો હોય તેને નાસ્તો કરાવે અને જમાડવા જેવાને જમાડે પણ ખરાં. કોઈ જમવાની ના પાડે તો તેને તાણ કરીને પણ જમાડ્યાં વગર જવા જ ન દે.



કાકીના આ સ્વભાવને કારણે આજુબાજુનાં ગામોમાં અને સગાંવહાલાંમાં પશાકાકાની આબરૂ વધી ગઈ. મહેમાનગતિ કાકી કરે પણ ઘર તો પશાકાકાનું જ ને ! સૌ કહેતું, 'ભાઈ, પશાકાકાનું ઘર એટલે પશાકાકાનું ઘર. એમના ઘરે ગયેલો તાકાત છે કે જમ્યા વગર પાછો આવે? એમના ઘેરથી પણ લાખ રૂપિયાની બાઈ છે. કાંડું પકડીને હોંશથી જમાડે છે.'

એક દિવસ પશાકાકાને બહારગામ જવાનું થયું, છ સાત દિવસનો પ્રવાસ. કાકાએ કાકીને કહ્યું : ' જો મારે કાલે અગત્યના કામે બહારગામ જવાનું છે. માટે મારા માટે લસણ નાંખીને મેથીનાં સરસ ઢેબરાં બનાવજે. સાથે તળેલાં મરચાં પણ મૂકજે.'

કાકીએ કહ્યું : 'બહારગામ જવું છે એમાં ઢેબરાંની શી જરૂર છે ? મેં તમારે માટે આગળથી જ ભાતું પહોંચાડ્યું છે.'

કાકાએ કહ્યું : 'આગળથી કોની સાથે મોકલાવ્યું છે ?' પટેલ ગુસ્સે થયા પણ કાકીએ ભાતું ન કરી આપ્યું. બસ એક જ વાત પકડી રાખી. 'મેં ભાતું આગળથી પહોંચાડ્યું છે.' પટેલને થયું કે સારા કામે બહાર જતાં કકળાટ કરવો ઠીક નહીં. કામ પતાવીને આવ્યા પછી વાત.

બીજે દિવસે પટેલ તો ભાતું લીધા વગર જ બહારગામ જવા ઊપડ્યા. બે-ત્રણ કિલોમીટર ચાલ્યા હશે ત્યાં એક ગામ આવ્યું. ગામની ભાગોળે વડ નીચે બે-પાંચ જુવાનો બેઠા હતા. તેમની નજર પટેલ પર પડી. પટેલને જોતાં જ તેઓ ઊભા થઈને પટેલને ભેટી પડ્યા અને કહ્યું : 'તમે અમારા ગામમાં ક્યાંથી?' પશાકાકાએ કહ્યું : 'મારે બહુ દૂર જવાનું છે.' જુવાનોએ કહ્યું, પણ આમ ને આમ જવાય ? અમે કદી તમારા ઘેરથી જમ્યા વગર

આવ્યા નથી. અને તમે આમ ને આમ જાઓ તો તો અમારા ગામનું નામ લજવાય.' પટેલ ના... ના... કરતા રહ્યા પણ જુવાનિયા તેમને કાંડું પકડીને ખેંચી ગયા.

પ્રેમથી દાળ, ભાત, શાક, લાપશી બનાવ્યાં. તાણ કરી કરીને જમાડ્યા. જમીને પટેલે થોડો આરામ કર્યો અને પછી આગળ ચાલ્યા.

આમ પટેલ જે જે ગામમાંથી પસાર થતાં ત્યાં સૌ તેમને આવકાર આપવા લાગ્યા. ચાના સમયે ચા અને નાસ્તાના સમયે નાસ્તો મળ્યો, તો જમવાના સમયે ભોજન પણ મળ્યું.

હવે પશાકાકાને સમજાઈ ગયું કે એ કહેતી હતી તે વાત સાવ સાચી છે. તેણે મારા માટે આગળથી જ ભાતું પહોંચાડ્યું છે. ઘરનું ભાતું તો ટાઢું મળે પણ આ બહારનું ભાતું તો ગરમાગરમ મળે છે. ઘરનું ભાતું ઝાડ નીચે બેસીને કે તળાવની પાળે બેસીને ખાવું પડે ત્યારે આ તો ઘરમાં બેસીને માણસોની વચમાં ખાવા મળે છે.

પટેલને ઘેર પાછા આવતાં સાત દિવસને બદલે પૂરા પંદર દિવસ થઈ ગયા. તે ઘેર આવ્યા ત્યારે તેમના મોઢા ઉપર પ્રવાસનો થાક ન હતો, પણ આનંદ તરતો હતો. પટેલનો ખુશખુશાલ ચહેરો જોઈને કાકી બધું સમજી ગયાં. તેમણે કહ્યું : 'સાત દિવસને બદલે આટલા બધા દિવસ કેમ રોકાઈ ગયા? પશાકાકા તો લહેરમાં આવી ગયા હતા. હાથ ઉલાળીને કહેવા લાગ્યા, 'જે ગામમાં જાઉં તે ગામવાળા નીકળવા જ દેતા નહોતા. બસ સૌ એક જ હઠ પકડે કે અમે તમારું બહુ દહાડા ખાધું છે. ખાધા વગર જવાય જ નહિ.' કાકીએ કહ્યું, 'મારી વાત સાચી ને!' મેં આગળથી ભાતું પહોંચાડ્યું હતું ને? એ તો કુદરતનો નિયમ જ છે કે 'ઘરનો રોટલો બહાર અને બહારનો રોટલો ઘેર.'

આપણે કોકને રોટલો ખવરાવીએ તો કોક આપણને ખવડાવે; નહીં તો જ્યાં ત્યાં ભાતાનાં પોટલાં ઉપાડીને ફરવું પડે !' તે દિવસથી પટેલનો સ્વભાવ બદલાઈ ગયો. ગામમાં મહેમાન આવે તો પટેલ પોતે બોલાવી લાવે અને મહેમાનની સાથે બેસીને જમે. વળી ભાગોળ સુધી વળાવવા પણ જાય. તેમના આવા વર્તનથી ઘરની આબરૂ હતી તેના કરતાં પણ વધી ગઈ.

## • માર્ગદર્શક સ્તંભ •

પ્રસ્તુત પાઠનું અધ્યયન કરાવતા પહેલા 'અતિથિ દેવો ભવ' વિષે વર્ગમાં ચર્ચા કરવી. ભારતીય સંસ્કૃતિમાં 'અતિથિ'નું મહત્ત્વ વિશેની માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી. 'કર ભલા તો હો ભલા' કહેવતને વિદ્યાર્થીઓના માનસ પર દૃઢ કરાવવી. 'કોઈને ખવડાવીને ખાવ' ભારતીય સંસ્કૃતિની આ આગવી વિશિષ્ટતા છે. આ વિશિષ્ટતાને સિદ્ધ કરવા વિદ્યાર્થી પ્રેરાય તેવો પ્રયાસ કરવો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) ગરીબ - ________ (૨) જરૂરિયાત - ________

(૩) કજિયો - ________ (૪) સ્વાર્થી - ________

(૫) જીદ - ________ (૬) ક્રોધ - ________

(૭) શક્તિ - ________ (૮) યાત્રા - ________

**સ. ૨ નમૂના પ્રમાણે શબ્દ લખો.**

**દા. ત.** સ્વાર્થ × નિઃસ્વાર્થ

(૧) શાંત (૨) ડાહી (૩) આનંદ (૪) જુવાન

(૫) કંજૂસ (૬) આવકારો (૭) મહેમાન (૮) સાચી

**સ. ૩ 'શિખંડ' મિષ્ટાન્ન છે. તેમ અન્ય મિષ્ટાન્ન નામ લખો.**

**સ. ૪ શબ્દસમૂહને માટે એક શબ્દ લખો.**

દા.ત ' જે સત્ય નથી તે - અસત્ય

જે દાન કરે તે - ________

યાત્રા માટે અપાતું ભોજન - ________

ભીખ માંગવાનું પાત્ર - ________

જે પવિત્ર નથી તે - ________

જે સ્વસ્થ નથી તે - ________

**સ. ૫ ચાલો લખીએ ..............**

(૧) પશા પટેલનો સ્વભાવ - ________

(૨) પશા પટેલની પત્નીનો સ્વભાવ - ________

(૩) પશા પટેલના પ્રવાસના દિવસો - ________

(૪) કાકાએ કાકી પાસે ભાતામાં માગેલી ચીજો - ________

(૫) કુદરતનો નિયમ - ________

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વિધાન ફરીથી લખો :-**

(૧) પશા પટેલ પારકા માટે -----

(અ) દોડીને મદદ કરે. (બ) પૈસો પણ ન ખરચે.

(ક) ભોજન બનાવે. (ડ) ધર્મશાળા બંધાવે.

(૨) પશાકાકાને પત્નીનો સ્વભાવ -----

(અ) શાંત લાગતો. (બ) મધુર લાગતો.

(ક) વિચિત્ર લાગતો. (ડ) મળતાવડો લાગતો.

(૩) આજુબાજુના ગામોમાં પશાકાકાની -----
(અ) આબરૂ વધી ગઈ. (બ) તાકાત વધી ગઈ.
(ક) ઈજ્જત વધી ગઈ. (ડ) પ્રતિષ્ઠા વધી ગઈ.

**સ. ૭ ✓ અને ✗ ચિહ્ન મૂકી ખોટા વાક્યો સુધારીને ફરીથી લખો.**

(૧) પશા પટેલ ઉદાર હતા. ☐
(૨) તેમના પત્ની માયાળું હતાં. ☐
(૩) કાકી અશાંત થઈ જતાં. ☐
(૪) કાકીની વાત સાવ ખોટી હતી. ☐
(૫) પશાકાકાએ કહ્યું, ‘‘મારે બહુ દૂર જવાનું છે. ☐

**સ. ૮ તમને મહેમાન બનવું ગમે કે યજમાન – સંવાદ સાધો.**

**સ. ૯ યોગ્ય વિરામચિહ્નો મૂકો :-**

(૧) મારે તૂટી મરવાનું ને તારે મોટી દાનેશ્વરી થવાનું
(૨) આગળથી કોની સાથે મોકલાવ્યું છે
(૩) પશાકાકાએ કહ્યું મારે બહુ દૂર જવાનું છે
(૪) જુવાનોએ કહ્યું પણ આમ ને આમ જવાય
(૫) સૌ તેમને એક નંબરના કડકા ગણે

**સ. ૧૦** તમને પશાકાકા કે કાકીમાંથી જેનું વ્યક્તિત્ત્વ ગમે – તેના વિશે લખો.

## પ્રકલ્પ

મહેમાનોના સ્વાગતની જુદીજુદી પદ્ધતિઓના ચિત્રો ઈન્ટરનેટ ઉપરથી મેળવીને ચાર્ટસ તૈયાર કરો.

## વિશેષ વાંચન



### આજની ઘડી રળિયામણી

આજના દિવસને હું સ્વસ્થ રીતે જીવવા પ્રયત્નશીલ રહીશ ને ભૂત-ભવિષ્યની પંચાતમાં પડી જીવનના બધા પ્રશ્નો એકસાથે ઉકેલવાની ઘેલછા નહીં સેવું.

આજના દિવસે હું આનંદી રહીશ. ‘સુખી થવાનો દઢ નિર્ધાર કરે ત્યારે મનુષ્યો સુખી થાય છે’ એવા અબ્રાહમ લિંકનના વિચારને હું સતત સ્મરણમાં રાખીશ.

આજના દિવસે હું મારા મનોબળને દઢ કરીશ. અધ્યયન કરીશ ને પુરુષાર્થ, વિચાર ગાંભીર્ય તથા એકાગ્રતા માગી લે તેવું સાત્ત્વિક વાંચન કરીશ.

આજના દિવસે હું પરિસ્થિતિને પહોંચી વળવા મથીશ અને સંજોગો સદાય મને સાનુકૂળ રહે એવા દિવાસ્વપ્નોમાં નહીં રાચું. પ્રાપ્તકર્મ કરતાં સહજ રીતે જે પામીશ તેથી આનંદ માનીશ ને ખોટાં હવાતિયાં નહીં મારું.

આજના દિવસે હું મારા આત્માને ત્રિવિધ વ્યાયામ કરાવીશ : કોઈનું ભલું કરીશ, પણ છતો નહીં થાઉં. જે કામ કરવામાં હું આળસી જતો હોઈશ ને તેટલા પૂરતું એ કાર્યો કરવાનું હું ટાળતો કે મુલતવી રાખતો હોઈશ એવાં સહેજે એક-બે કામ અવશ્ય કરીશ. જેથી મારું ઘડતર થાય; અને ક્વચિત્ મને મનદુઃખ થશે તો પણ આજ મારું મનદુઃખ હું લાગણીવશ થઈ પ્રદર્શિત નહીં કરું.

આજના દિવસે હું મળતાવડો અને સૌમ્ય રહીશ, હું સ્વચ્છ, સુઘડ ને મનહર દેખાવાની ચીવટ રાખીશ. હું આજે મૃદુભાષી ને સૌજન્યશીલ રહીશ, આક્રમક અને ટીકાત્મક નહિ થાઉં, ખણખોદની પ્રવૃત્તિમાં નહીં પડું અને મારી જાતને સુધારવાનું વીસરી અન્યના કાજી બનવાના અભરખા નહીં સેવું.

આજના દિવસનો કાર્યક્રમ હું ઘડી કાઢીશ અને તે અનુસાર કામ કરવા કોશિશ કરીશ. શક્ય છે કે બધું યોજના મુજબ ન પણ થઈ શકે. પરંતુ આયોજન અવશ્ય કરીશ; કારણકે આમ કરવાથી હું મારી જાતને રઘવાટ ને અનિશ્ચિતતાના કીડાઓથી છિન્નભિન્ન થતી બચાવી શકીશ.

આજના દિવસે ઓછામાં ઓછો અડધો કલાક હું એકાંતમાં ગાળીશ, જેથી ઈશ્વરનું સાંનિધ્ય તથા શારીરિક ને માનસિક આરામ મેળવી શકાય. સંભવ છે કે આ પળોમા મને જીવનનો સાચો માર્ગ લાધી જાય.

આજના દિવસે હું નિર્ભય બનીશ. જે સુંદર, સુખકર ને આનંદદાયક છે તેને હું ચાહીશ અને એ વાત સતત રટતો રહીશ કે જગતને આપવાથી જ હું જગત પાસેથી પામી  શકીશ. 'तेन त्यक्तेन भुंजिथा:'।'

## સ્વાધ્યાય



**સ. ૧ યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂર્ણ કરો :-**

(યોજના; ભલું; ખણખોદ; સ્વસ્થ)

(૧) આજના દિવસને હું _________ રીતે જીવવા પ્રયત્નશીલ રહીશ.

(૨) કોઈનું _________ કરીશ પણ છતો નહિ થાઉં.

(૩) _________ ની પ્રવૃત્તિમાં નહિ પડું.

(૪) બધું _________ મુજબ ન પણ થઈ શકે.

**સ. ૨ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :-**

(૧) 'સુખી થવાનો દઢ નિર્ધાર કરે ત્યારે મનુષ્યો સુખી થાય છે' આ વિચાર ----- નો છે.
(અબ્રાહમ લિંકનનો, ટૉલ્સ્ટોયનો, મહાત્મા ગાંધીનો)

(૨) આજના દિવસે હું ----- પહોંચી વળવા મથીશ.
(શત્રુઓને, પરિસ્થિતિને, પોતાની જાતને)

(૩) આજના દિવસે હું મારા આત્માને ----- વ્યાયામ કરાવીશ.
(ચતુર્વિધ, દ્વિવિધ, ત્રિવિધ)

**સ. ૩ તમારા મનમાં આવતા સકારાત્મક વિચારોને તમારા શબ્દોમાં લખો :-**

***


## મહેમાનોને આવકાર, ભારતીય સંસ્કૃતિનો સંસ્કાર

# ૨ ઢોરાં

**ઈશ્વર પરમાર :** બાળ સાહિત્યકાર અને લઘુકથાઓના લેખક તરીકે ઈશ્વર દામજીભાઈ પરમારનું નામ જાણીતું છે. તેમનો જન્મ કચ્છના રોહા ગામમાં થયો હતો. દ્વારકાની ઍજ્યુકેશન કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે તેમણે કાર્ય કર્યુ છે.

એમની બાળવાર્તાઓનો સંગ્રહ 'બહુબીન' અને લઘુકથાઓનો સંગ્રહ 'તુલસીની માળા' છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત લઘુકથામાં ગામમાં રહેતા રાજીમાને વૃદ્ધાવસ્થામાં એમનાં ઢોરાં – પશુઓએ સાથ આપ્યો છે. તેમના દીકરાઓ શહેરમાં સ્થિર થયા છે, પોતાના સંસારમાં રચ્યાપચ્યા છે. રાજીમાને ઢોરો વેચી ભજનભક્તિ કરવા સૂચવાય છે. રાજીમા જ્યારે ઢોરાંને વેચે છે તો પણ અર્ધી રાત્રે રાજીમાની ડેલીએ આવી જાય છે. પંડના દીકરાઓ પારકા થઈ ગયા જ્યારે પારકાં ઢોરાં રાજીમાનો સાથ સંગાથ ઝંખે છે. મૂંગાં પશુઓનો રાજીમા પ્રત્યેનો પ્રેમ આ નાની કથામાં જીવંત બન્યો છે.



રાજીમા એકલ પંડ ને ડેલીબંધ ઘરમાં નાનાંમોટાં ઢોર નવ ! માજી ઢોર સાથે બોલે ને બાઝે; પાછા પંપાળે!

એમના બેઉ દીકરા ભણતાં ભણતાં પરણીને દૂરના શહેરમાં સ્થિર થઈ ગયા. તેઓ તેડાવે ખરા પણ માજી જવાબ લખાવે : ''ભોમકાની માયા મેલી નથી મેલાતી. તમે સઘરિયાં આંટો દઈ જાવ વેલેરાં.''

ફરી દીકરાનો કાગળ : ''અમારે નોકરીમાં રજા જમે નથી. આવીએ તો છોકરાનું ભણતર ભાંગે, તમારી વહુની તબિયત ઠીક-અઠીક રહ્યા કરે છે. હાલ તો નહીં અવાય. પૈસા મોકલ્યા છે. હવે ઢોરાં વેચીને નિરાંતે રહો. ઘણું વેઠ્યું. ભજનભાવ કરો. તબિયત સાચવજો...''

એકવાર આવા કાગળનો જવાબ લખાવવા મારી દુકાને પત્તું લઈને રાજીમાં આવ્યા ત્યારે મેં ય કહ્યું :

''માડી, વેચી દોને ઢોર. નાણાંની ક્યાં આપદા છે તમારે ?...''

ચહેરા પરની કરચલીઓ પર અટકી અટકીને સરતાં આંસુથી ભીના થતા શબ્દોમાં રાજીમા કહે : ''ગગા, ઢોરાંને વેચું છું તો પીટ્યાં પારકા ખીલા તોડાવી-છોડાવીને અધરાતે ડેલીબા'ર ભાંભરડાં નાંખે છે, ને પંડનાં છોરાં... વણવેચે વેચાઈ ગયાં ! નથી લખવો કાગળ મારે...''

પેલું કોરું પત્તું ફાડી ફેંકતા વળી કહે :

''ભાઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં...''

## • માર્ગદર્શક સ્તંભ •

પ્રસ્તુત લઘુકથા સમજાવતા પહેલાં પાલતુ (પાળેલાં) પ્રાણીઓ વિષે પ્રશ્નો પૂછવાં. શહેરમાં લોકો કૂતરાં - બિલાડાં પાળે, ગામમાં ગાય-ભેંસ પાળે, જેથી ગાયભેંસના દૂધમાંથી આવક મેળવી શકાય. પાલતુ જનાવરની વફાદારી અને માણસોની વફાદારીની ચર્ચા કરવી.

'વૃદ્ધાવસ્થા' દરમ્યાન માબાપને સાચવવાની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ સાથે વિચારોની આપ-લે કરવી.

## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલાં શબ્દો લખો.**

(૧) અશ્રુ (૨) સ્વાસ્થ્ય (૩) જાનવર (૪) વતન

(૫) પંડ (૬) મુશ્કેલી (૭) વહેલા (૮) શાંતિ

**સ. ૨ શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :-**

તબિયત - તરાજૂ - ( ) - ( ) - ( ) - ( ) - ( )

**સ. 3 નીચે આપેલા શબ્દો પરથી વાક્યો બનાવો :-**

(૧) શહેર (૨) તબિયત (૩) ભજન (૪) આપદા

**સ. ૪ યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :-**

(૧) ________ ની માયા મેલાતી નથી.

(૨) આવીએ તો છોકરાનું ________ ભાંગે.

(૩) રાજીમા એકલ પંડ ને ________ ઘરમાં નાનાં મોટાં ઢોર નવ!

(૪) દીકરાઓ દૂરના ________ માં સ્થિર થઈ ગયા.

**સ. ૫ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.**

(૧) રાજીમા ઢોર સાથે બાઝે, પછી -----

(અ) નવડાવે (બ) પંપાળે

(ક) ખવડાવે (ડ) મારે

(૨) રાજીમાના દીકરા નોકરી માટે -----

(અ) પરદેશ ગયા (બ) ઑફિસે ગયા

(ક) શહેરમાં સ્થિર થયા (ડ) વિદ્યાલયમાં ગયા

(૩) દીકરાઓએ રાજીમાને કહ્યું -----

(અ) ભજનભાવ કરો (બ) પ્રાર્થના કરો

(ક) પૂજા કરો. (ડ) સેવા કરો.

(૪) પંડના છોરાં પણ -----

(અ) કીધે જતા રહ્યાં (બ) બોલાવ્યે આવી ગયા

(ક) સાંભળે બોલી ગયા (ડ) વણ વેચે વેચાઈ ગયા.

**સ. ૬ કોણ લખે છે કોને?**

(૧) ‘‘ભોમકાની માયા મેલાતી નથી’’

(૨) ‘‘અમારે નોકરીમાં રજા જમે નથી’’

**સ. ૭ ઉદાહરણ પ્રમાણે ‘નું’ ના યોગ્ય રુપ સાથે ખાલી જગ્યા પૂરો :-**

દા.ત. પંડનું - પંડના છોરાં

(૧) (પંડનું) - __________ મકાન

(૨) (પંડનું) __________ દીકરી

(૩) (પંડનું) __________ ભાંડરડાં

(૪) (પંડનું) __________ પૈસા

(૫) (પંડનું) __________ દીકરો


**સ. ૮** તમારી દાદીમા/નાનીમા સાથે વીતાવેલ તમારા સ્મરણોને કે અનુભવોને વર્ગમાં કહી સંભળાવો.

**સ. ૯** ‘છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં’ વાક્યને તમારા શબ્દોમાં સમજાવો.

**પ્રકલ્પ**

‘વૃદ્ધાશ્રમ’, ‘વિપશ્યના શિબિર’, ‘સાહસ કૅમ્પ’ માંથી કોઈપણ એકની દિનચર્યા વિશે તક્તો બનાવો.

**શબ્દો કરતાં કાર્ય વધુ અસરકારક હોય છે.**



## લેખન કૌશલ્ય

### અહેવાલ લેખન

આપણે રોજબરોજના જીવનમાં જે કાંઈ જોઈએ છીએ કે સાંભળીએ છીએ તેને યથાર્થ સ્વરૂપમાં રજૂ કરવું તેને અહેવાલ કહેવાય. સચોટ, સરળ અને સંક્ષિપ્ત અહેવાલ લેખન માટે સૂક્ષ્મ નિરીક્ષણ ખૂબ જરૂરી છે.

ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મોટી આગ, ટ્રેન અકસ્માત, બસ અકસ્માત, પૂર જેવી ઘટનાઓ તેમજ વાર્ષિક સમારોહ, કવિ સંમેલન, પરિસંવાદ જેવા પ્રસંગો બનતા રહે છે. આવી ઘટનાઓનું સમચારપત્રોમાં વર્ણન આવતું હોય છે આવા વર્ણનોનું આલેખન એટલે જ અહેવાલ લેખન... પત્રકાર બનવા માટે અહેવાલ લેખનની તાલીમ ખૂબ જરૂરી છે.

અહેવાલ લેખન માટે ધ્યાનમાં રાખવાની કેટલીક સૂચનાઓ :-

- પ્રથમ વિભાગ → સમગ્ર ઘટનાની સંક્ષેપમાં રજૂઆત
  બીજો વિભાગ → ઘટનાનું વિગતવાર વર્ણન
  ત્રીજો વિભાગ → સારાંશ / ઉપસંહાર
- પ્રસંગને અનુરૂપ રોચક લખાણ
- આરંભથી અંત સુધીની ઘટનાનું ક્રમવાર આલેખન
- સાદી, સરળ, સચોટ, અસરકારક ભાષા
- પ્રસંગને અનુરૂપ લોકોક્તિ, કહેવતો, રૂઢિપ્રયોગો, તળપદા શબ્દોનો ઉપયોગ કરવાથી હૃદયસ્પર્શી અહેવાલ બનશે.
- કેટલીકવાર અન્યએ જોયેલી ઘટનાનું વર્ણન કરવાનું હોય ત્યારે તેની સત્યતાની ચકાસણી કરવી, વિગતો મેળવીને તેને ક્રમબદ્ધ વિકસાવવી.

વિષયો : આગ / દુકાળ / પૂર / અકસ્માતની દુર્ઘટના

- વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ
- પારિતોષિક વિતરણનો અહેવાલ
- વૃક્ષારોપણનો અહેવાલ

## અહેવાલ લેખન (નમૂનો)

❊ તમારી શાળામાં યોજાયેલ પારિતોષિક વિતરણ સમારોહનો અહેવાલ તૈયાર કરો :-

**વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનો અહેવાલ**

**સ્થળ** : જ્ઞાનદીપ હાઈસ્કૂલ, સાંગલી

**સમય** : સવારે ૧૦.૦૦

**તારીખ** : ૧૨ મી ઑગસ્ટ, ૨૦૧૫

શ્રી ગુજરાતી કેળવણી મંડળ, સાંગલી સંચાલિત જ્ઞાનદીપ હાઈસ્કૂલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭નો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ શાળાના પટાંગણમાં યોજાયો હતો. ધોરણ - પાંચથી દશ સુધીના વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ ગુણવત્તા મેળવનાર પચાસ વિદ્યાર્થીઓનો અત્રે સત્કાર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અતિથિવિશેષ પદે સાંગલી શહેરના મેયરશ્રી ઉપસ્થિત હતાં. સંસ્થાના પદાધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્વાગતગીત મધુર કંઠે ગવાયું. સંસ્થાની ટૂંકમાં માહિતી શાળાના ઉપમુખ્યાધ્યાપિકા બહેને આપી. વિદ્યાર્થીઓના ચહેરા પરનો ઉત્સાહ જણાઈ આવતો હતો. વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રક અને પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. અતિથિવિશેષે વિદ્યાર્થીઓને પ્રેરણા આપનારું વક્તવ્ય આપ્યું હતું.

શાળાના મુખ્યાધ્યાપિકાએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન જ્યેષ્ઠ શિક્ષિકાએ કર્યું હતું.

❊ **નોંધ :**

મેયર, મુખ્યાધ્યાપિકા, ઉપમુખ્યાધ્યાપિકા, જ્યેષ્ઠ શિક્ષિકા વગેરેના નામોનો ઉલ્લેખ અહેવાલ લેખનમાં કરવા જરૂરી છે.

❊❊❊

# ૩ ચોરને માલૂમ થાય કે...

**જગદીશ લાભશંકર ત્રિવેદી :** તેમનો જન્મ ઈ.સ. ૧૯૬૭માં વઢવાણ મુકામે થયો હતો. એમ.એ.પી.એચ.ડી.ના અભ્યાસની પૂર્ણતા બાદ તેમની મુખ્ય પ્રવૃત્તિ 'હસવું અને હસાવવું' બની રહી. શ્રી જગદીશ ત્રિવેદીએ દેશ-વિદેશના પ્રવાસ કરી લોકોને અમૂલ્ય ટૉનિકરૂપે હાસ્ય પ્રદાન કરેલ છે. તેઓના ચિંતનાત્મક લેખ, નાટક, નટશૂન્ય એકાંકીઓ, સત્ય ઘટનાત્મક એકાંકીઓ દ્વારા ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ બન્યું છે. 'જગદીશની જમાવટ', 'રમૂજની રંગોળી', 'હાસ્યનું હેલિકૉપ્ટર' જેવા તેઓના પ્રસિદ્ધ હાસ્યસંગ્રહો છે. ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા તેઓને પુરસ્કાર એનાયત થયેલ છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત હાસ્યકથા 'રમૂજની રેલગાડી' માંથી લેવામાં આવેલ છે. લેખકનો મૂળ હેતુ હળવા હાસ્યનો છે. ચોર ચોરી કરે તો તેને કંઈક મળે, પરંતુ અહીં ચોરની દશા કફોડી છે. ચોર ચોરી કરીને પસ્તાય છે. ચોરી થયા બાદની બધી પ્રક્રિયાઓ વિનોદાત્મક રીતે રજૂ કરી છે. જેમ કે – જેને ત્યાં ચોરી થાય છે તેની મનોદશા, પોલીસની કાર્યવાહી, પાડોશી અને સ્વજનોની પ્રતિક્રિયા...

---

બે-ત્રણ મહિના પહેલા જામખંભાળીયા નગરપાલિકા દ્વારા મારો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ખંભાળીયા મારું સાસરું હોવાથી હું મારા એકમાત્ર પુત્ર અને એકમાત્ર પત્ની સાથે ત્યાં ગયો. તે રાત્રે હું લોકોને હસાવતો હતો. બરાબર તે જ સમયે સુરેન્દ્રનગર મારા ઘરનાં તાળાં તૂટ્યાં હતાં. એટલે કે મને રડાવવાની પૂર્વ તૈયારી થતી હતી. મારા ઘરમાં ખરેખર થયેલી ચોરીની વાત અહીં રજૂ કરું છું. અને આશા છે કે મને રડાવનાર ચોર પણ આ લેખ વાંચતો હશે.

એક ભગતના ઘરમાં રાત્રે ચોર આવ્યો. વળી ચોરીના માલનું પોટલું વાળી લઈ જવા માટે સાથે ચાદર લઈ આવ્યો. એણે પહેલા ચાદર પાથરી પછી તપાસ આદરી. ઘરના ચારે ખૂણા સરખા હતા. મતલબ ઘરમાં કંઈ જ હતું નહીં. ભગતના ઘરમાં ઉંદર પણ આપઘાત કરે એવું હતું. ચોર નિરાશ થઈ પાછો આવ્યો અને જે દૃશ્ય જોયું તો અંધારામાં આંખે અંધારાં આવી ગયાં. ચોરની પાથરેલી ચાદર પર ભગત સૂઈ ગયા હતા. જો ભગત પડખું ફરે તો પોતાની ચોરીની કમાણીની ચાદર લઈને જતા રહેવું એવી ગણતરીએ ચોર પરોઢીયા સુધી બેસી રહ્યો. અંતે કંટાળી રોવા જેવો થઈ ચોર ચાદરવિહીન અવસ્થામાં ચાલતો થયો. જતી વખતે બારણું અટકાવવા ગયો ત્યારે ભગત સૂતાસૂતા બોલ્યા કે ભલે ઊઘાડું રહ્યું, તું જેમ પાથરણું આપી ગયો એમ કોઈ ઓઢવાનું આપી જશે.

આજે માણસને સાત રૂપિયાના તાળામાં વિશ્વાસ છે, એટલો લાખ રૂપિયાના માણસમાં વિશ્વાસ નથી. તે રાત્રે મારા ઘરે વણનોતર્યા પધારેલા ચોરભાઈને (આશા રાખું કે ભાઈ જ હશે – બાકી અત્યારે તમામ ક્ષેત્રમાં સ્ત્રી પુરુષ સમોવડી થઈ ગઈ છે.) મારા તાળાં ઉપરનો મારો વિશ્વાસ તાળા સાથે જ તોડી નાખ્યો અને મધરાતે મારા અવાવરા ઘરમાં વિજય પ્રવેશ કર્યો.

ત્યારબાદ ચોરે મારો લોખંડનો કબાટ પણ ખોલી નાખ્યો. એ કબાટમાં એક ચોરખાનું છે. એ એવી ગુપ્ત જગ્યાએ છે કે મારો કબાટ હોવા છતાં મને ઘણીવાર મળતું નથી. એવું ભેદીખાનું પણ ચોરે ભેદી નાખ્યું અને



જેનું નામ જ ચોરખાનું હોય એ ચોર ન ખોલે તો કોણ શાહુકાર ખોલે ? અહીં શાહુકારનો અર્થ આવકવેરા અધિકારી એવો કરવો. ચોર વ્યવસાયે ચોર છતાં શાહુકાર કરતાં નીતિવાન હતો. એને સોનું અને રોકડ સિવાય કશામાં રસ નહોતો અને મારા સદ્‌નસીબે અને ચોરના બદ્‌નસીબે મારા ઘરમાં એક પણ તોલો સોનું નહોતું અને પૂરા પાંચસો રૂપિયા પણ નહોતા. આ નિરખીને નિરાશ થયેલો ચોર ટી.વી., ટેપ, ઘડિયાળ કે સાડીઓની લાલચ વગર કંઈ જ લીધા વગર ખાલી હાથ જતો રહ્યો એનું આજે પણ મને આશ્ચર્ય થાય છે.

કદાચ એવું બને કે કબાટ દર્શન બાદ નિરાશ થયેલો ચોર લાખો નિરાશામાં અમર આશા છુપાયેલી છે એમ બોલતો બોલતો ઉપલા માળે ગયો હશે પણ મારો પોતાનો ઉપલો માળ ખાલી છે તો મારા ઘરનો ક્યાંથી ભરેલો હોય ? ઉપલા માળે પુસ્તકોના ઢગલા જોઈ ચોરને થયું હશે કે રોંગ નંબર લાગી ગયો છે ! જેની પાસે આટલા બધા પુસ્તકો હોય એની પાસે સોનું કે રૂપિયા થોડા હોય ? પુસ્તકો કાયદાના હોય તો એને અડ્યા વગર પણ રૂપિયા આવે. બાકી સાહિત્યનાં પુસ્તકોને ગમે તેટલા વાંચો છતાં બે પાંદડે થવાતું નથી.

બીજા દિવસે ફોન દ્વારા મને ભર ઊંઘમાંથી ઊઠાડીને અશુભ સમાચાર આપવામાં આવ્યા કે તમારા ઘરનાં તાળાં તૂટ્યાં છે. તમારા પાડોશમાં દિવાળી જેવો માહોલ છે. તમે જલ્દી આવો. આ સાંભળીને હું એવો ધાંધો થયો કે લેંઘા ઉપર શર્ટ પહેરીને સુરેન્દ્રનગર પહોંચી ગયો. પત્ની ઉતાવળમાં મોજડી બદલે સ્લીપર પહેરીને બેસી ગઈ. મૌલિકને તો આખા રસ્તે એક જ ચિંતા હતી કે ચોર જો પુત્રવાન હશે અને મારું બેટ ચોરી ગયો હશે તો સાંજે પાડોશીના ઘરમાં દડા કેમ નાખીશું?

અમે આવ્યા એટલે પાડોશીઓએ ખોટા દુઃખ સાથે અમને પોખ્યાં. પણ એમનો રાજીપો આંખોમાં ડોકાઈ જતો હતો. અમે ઘરમાં આવીને ટી.વી.થી માંડીને ટાંકણીના બોક્ષ સુધી બધી વસ્તુ તપાસી લીધી. મેં શેરીમાં આવીને જાહેરાત કરી કે મારું કંઈ જ ગયું નથી. માત્ર ઘરમાં કંઈ જ હતું નહીં તેથી ચોર પાસે મારી આબરૂ ગઈ છે. પણ પાડોશીને મારી વાતમાં વિશ્વાસ નહોતો. તેઓ અંદરોઅંદર કહેતા કે ગયું તો હોય પણ કહેતા નથી.

ત્યારબાદ મારા ઘરમાં કોઈ અવસાન થયું હોય એમ ખરખરો કરનારની લાઈન લાગી ગઈ. હું ઓળખતો નહોતો એવા માણસો પણ મળવા આવ્યા. દરેકને મારે એકની એક કેસેટ રિવાઈન્ડ કરીને સંભળાવવી પડતી. એ લોકોને ચા અથવા ઠંડું પાવું, નજીકના હોય તો નાસ્તો કરાવવો. ત્રણ દિવસમાં તો અમે ત્રણેય રોવાં જેવા થઈ ગયાં. શરબતના છ બાટલા, પાંચ કિલો ખાંડ, બે કિલો ચા, નાસ્તાના ત્રણ ડબા ખલાસ થઈ ગયાં. ત્રીજા દિવસે મારો અવાજ બેસી ગયો, જેના ઉપર મારા ધંધાનો આધાર છે. બોત્તેરમા ભાઈ ખબર પૂછવા આવ્યા એને હું એટલું જ કહી શક્યો : ચોરી થઈ, ગયું નથી.

પોલીસને જાણ થતાં તેઓ પણ ચોરની માફક વગર બોલાવ્યે આવ્યા. પુરાવામાં તૂટેલું તાળું લેતા ગયા. મને ત્રણ વખત પોલીસ સ્ટેશન બોલાવ્યો. મારે ફરિયાદ કરવી નહોતી છતાં નોકરીના ઈન્ટરવ્યુ કરતાંયે અઘરા સવાલ પૂછ્યા. ઘડીક તો મને એમ થયું કે મેં કોઈને ત્યાં ચોરી કરી છે ! ઘરે કોઈને સૂવડાવીને ન જવા બદલ ઠપકો આપ્યો. બધાએ પોલીસ સ્ટેશનમાં મારી ચા પીધી. હું ચોર હોઉં એમ ફરી ચોરી ન થવી જોઈએ એવી સૂચના આપી. મને માંડ માંડ જવા દીધો.

ચોથા દિવસે કંટાળીને મેં દરવાજા ઉપર મોટું બોર્ડ માર્યું. એ બોર્ડ બનાવવાનો મને પાંચસો રૂપિયા ખર્ચ થયો પણ લોહીઉકાળા થઈ ગયા. બોર્ડમાં મેં સ્પષ્ટ લખ્યું કે રાત્રે મારા ઘરે ચોરી થઈ હતી પણ હું સત્યપ્રતિજ્ઞાપૂર્વક, શાંતચિત્તે, તબિયત બહાલ રાખીને, બિનકેફે લખી જણાવું છું કે મારા ઘરમાંથી કંઈ જ ચોરાયું નથી. મને દિવસે કંઈ જ જડતું નથી તો ચોરને રાત્રે ક્યાંથી મળે ? આ વાંચી આપને દુઃખ થાય તો ભલે થાય પણ મહેરબાની કરીને મારા ઘરમાં આવી, ખોટી લાગણી દેખાડી, મફતમાં મારી ચા પી, મને સલાહ પીવડાવવા પધારશો નહીં. લિખિતંગ આપનો અદર્શનાભિલાષી જગદીશ ત્રિવેદી.

પાંચમાં દિવસે મારા એક બહુ દૂરના માસી આવ્યાં. એ એટલા બધા દૂરના હતા કે મારા બા પણ એમને ઓળખી ન શક્યા. એ માસી સાથે ચાર પુત્રો લઈને આવ્યાં. એ પુત્રોને જુઓ તો એમ લાગે કે એ ચારેય વાંદરામાંથી માણસ બનવાનું ભૂલી ગયા છે. માસીને કોઈકે ચોરીના સમાચાર આપ્યા હશે. તે મને કહે. જ્યાં સુધી ચોર પકડાય નહીં અમે પાંચેય અહીંથી જવાના નથી. આ સાંભળી હું રોવા જેવો થઈ ગયો. મેં બે હાથ જોડીને કહ્યું કે મારે ચોર પકડાવવાનો નથી પણ તમે વાહન પકડી લો.

ત્યારબાદ મેં અને મારી પત્નીએ હિસાબ કર્યો તો બોર્ડના પાંચસો, શરબતના છ બાટલાના એકસો એંસી, પાંચ કિલો ખાંડના પંચોત્તેર, બે કિલો ચાના એક સો એંસી, નાસ્તાના અઢીસો, સગાવહાલાને ફોનના બસો વીસ, બધું થઈ આશરે દોઢ હજાર રૂપિયા વપરાઈ ગયા હતા. ચોર ભલે કંઈ જ ન લઈ ગયો પણ દોઢ હજાર રૂપિયા અમારી નજર સામે ચોરાઈ ગયા !

ચોરને માલૂમ થાય કે આ લેખ જો તે વાંચતો હોય અને કોઈ મોટા માણસને ત્યાં ચોરી કરી હોય તો આ નાના માણસના દોઢ હજાર મોકલી આપવા નમ્ર વિનંતી છે. તારો ધંધો વધે એવી શુભેચ્છા.

## • માર્ગદર્શક સ્તંભ •

પ્રસ્તુત હાસ્યકથાનું અધ્યયન કરાવતા પહેલા નવરસમાંનાં એક એવા હાસ્યરસથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવા. 'હાસ્યનું જીવનમાં મહત્ત્વ' અને 'હાસ્યના ફાયદા' વિષે વર્ગમાં ચર્ચા કરવી. 'હાસ્ય કલબ'ની માહિતી વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી. હાસ્ય પ્રસંગોપાત ઉદ્‌ભવે છે. રોજબરોજના જીવનમાંથી પણ હાસ્ય મળી આવે. 'ચોરી' જેવી અનીતિની બાબતને પણ લેખકે અહીં રમૂજના રંગમાં કેવી રીતે રંગી છે તે વિષે જણાવવું.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો લખો :**

(૧) આત્મહત્યા - ____________ (૨) બારણું - ____________

(૩) જીત - ____________ (૪) જૂઠી - ____________

(૫) છૂપું - ____________ (૬) ઈજ્જત - ____________

(૭) ભરોસો - ____________ (૮) ખબર - ____________

**સ. ૨ નમૂના પ્રમાણે લખો.**


દા.ત. નમ્ર (ઉદ્ધત)

(૧) વિશ્વાસ ( ) (૨) સદ્‌નસીબ ( )

(૩) ગુપ્ત ( ) (૪) શાહુકાર ( )

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દો બનાવો :-**

દા.ત. બપોર - ભરબપોર




**સ. ૪** 'વાન' પ્રત્યય લગાવી નવા શબ્દો બનાવો.

દા.ત : નીતિવાન, __________ , __________

**સ. ૫ ચાલો વાક્ય પૂર્ણ કરીએ :-**

(૧) મારે ફરિયાદ કરવી નહોતી છતાં ________

(૨) કોઈ મોટા માણસને ત્યાં ચોરી કરી હોય તો ________

(૩) શેરીમાં આવી લેખકે જાહેરાત કરી કે ________

(૪) ચોથા દિવસે કંટાળીને મેં ________

**સ. ૬ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો :-**

(૧) જામખંભાળિયામાં મારું -----

(અ) માવતર હતું (બ) મોસાળ હતું

(ક) સાસરું હતું (ડ) ઘર હતું

(૨) ચોરની પાથરેલી -----

(અ) રજાઈ હતી (બ) ચાદર હતી

(ક) પથારી હતી (ડ) સાડી હતી

(૩) આજે માણસને વિશ્વાસ છે -----

(અ) માણસ પર (બ) વિજ્ઞાન પર

(ક) ભગવાન પર (ડ) તાળા પર

**સ. ૭** પ્રસંગોને ક્રમાનુસાર ગોઠવો : -----

(અ) લેખક સાસરે ગયા.

(બ) લેખકે દરવાજા ઉપર બોર્ડ માર્યું.

(ક) લેખકને પોલીસ સ્ટેશને બોલાવ્યા.

(ડ) લેખકના દૂરના માસી આવ્યા.

(ઈ) લેખકે ચોરને દોઢ હજાર મોકલવાની વાત લખી.

**સ. ૮ નામ લખો :-**

લેખકનું સાસરું - ________

લેખકનું ગામ - ________

કબાટ દર્શન કરનાર - ________

પાંચમા દિવસે લેખકના ઘરે આવનાર - ________

ચોરને શુભેચ્છા આપનાર - ________

**સ. ૯ ★ સંધિ કરો :-**

દર્શન + અભિલાષી = ☐

સ્થળ + અંતર = ☐

સત્ય + આગ્રહ = ☐

પરમ + અર્થ = ☐

રૂપ + અંતર = ☐

દેવ + ઈન્દ્ર = ☐

★ **બેવડાતી ક્રિયાના અન્ય શબ્દો લખો :**

દા.ત.- સૂતા સૂતા __________ __________ __________ __________

★ પ્રસ્તુત હાસ્યપ્રસંગને તમારા શબ્દોમાં વર્ગમાં કહી બતાવો.

## પ્રકલ્પ

ગુજરાતી હાસ્યલેખકોનાં નામ, ચિત્રો અને માહિતી ઈન્ટરનેટ પરથી શોધીને ચાર્ટ બનાવો.

## હાસ્ય – ટૂચકા

❇ દરદી : ડૉક્ટરસાહેબ, મને કોઈ વાત એક મિનિટ પણ યાદ નથી રહેતી

ડૉક્ટર : આવું ક્યારથી છે?

દરદી : શું ક્યારથી છે ?

❇ રાજુ શાક લેવા ગયો. શાકવાળો શાક પર પાણી છાંટી રહ્યો હતો. ઘણું મોડું થઈ ગયું ત્યારે રાજુ બોલ્યોઃ અંકલ, જો આને ભાન આવી ગયું હોય તો ૧ કિલો બટાકા આપી દો.

❇ એક છોકરો (પોતાનો મિત્રને) શું તને ખબર છે, આજે ચિલ્ડ્રન્સ ડે છે.

મિત્ર (ગભરાઈને) : કમાલ છે, જ્યારે હું ઘરેથી નીકળ્યો હતો ત્યારે તો ફ્રાઈડે હતો.

❇ બંટી : હું આ દુનિયામાંથી તારું નામો નિશાન મિટાવી દઈશ.

ચિંટુ : હું તને રબર આપીશ તોને !

❇ જંબો (જંપીને) તું શું કરી રહ્યો છે?

જંપી : હું જાંબુનું વૃક્ષ વાવી રહ્યો છું અને બરાબર તેની જમણી બાજુએ ગુલાબનો છોડ વાવી રહ્યો છું.

જંબો : પરંતુ કેમ?

જંપી : કારણકે મારે ગુલાબજાંબુ ખાવા છે.

❇ આંટી (અંકુરને) તારો જન્મ ક્યાં થયો હતો ?

અંકુર : જી આંટી તિરુવનંતપુરમ્માં

આંટી : ઠીક છે એનો સ્પેલીંગ બોલ જોઈએ.

અંકુર : સોરી આંટી હું ગોવામાં જન્મ્યો હતો.
સ્પેલીંગ બોલું ?



## વિશેષ વાંચન

### કુદરતની કરામત

આપણી આસપાસ એવી કેટલીય કુદરતની કરામત જોવા મળે છે કે એને બારીકાઈથી જોતાં એમાંથી ઘણું શીખવા-સમજવા-અમલમાં મૂકવા જેવું મળી રહે છે.

આકરા શિયાળાથી બચવા હજારો માઈલની મુસાફરી કરીને આપણાં દેશમાં શિયાળો ગાળવા આવતાં બગલા પ્રકારનાં પક્ષીઓ અંગ્રેજી મૂળાક્ષરોના V આકારમાં ઊડતાં તમે જોયાં હશે. આ રીતે V આકારમાં ઊડીને બગલાના આખા સમૂહની ઊડવાની ક્ષમતામાં એકલા ઊડવાની સરખામણીએ ૭૧ ટકા વધારો થાય છે.

**તારણ :** એક દિશામાં એક ટીમ તરીકે કાર્ય કરવામાં આવે તો ઝડપથી અને વધુ સરળતાથી મંજિલે પહોંચી શકાય છે.

એક બગલો સમૂહમાંથી છૂટો પડી જાય ત્યારે એને હવાના જબરદસ્ત અવરોધનો અનુભવ થાય છે ને ઊડવામાં મુશ્કેલી પડે છે. એ પછી તરત જ સામૂહિક શક્તિનો લાભ લેવા ફરી સમૂહમાં જોડાઈ જાય છે.

**તારણ :** સંગઠિત રહેવાથી પ્રયાસ ઓછા કરવા પડે ઉપરાંત લક્ષ્ય સુધી પહોંચવાનું વધુ સરળ અને આનંદભર્યું રહે.

આગેવાની કરતો બગલો ઊડતાં ઊડતાં થાકી જાય ત્યારે એ V આકારના છેડે ચાલ્યો જાય છે ને બીજો બગલો આગેવાની લઈ લે છે.

**તારણ :** આગેવાની માટે આપસમાં પારસ્પરિક સમ્માન હોવું જોઈએ. આગેવાન બદલાય, આગેવાનીનો જુસ્સો નહીં.

કોઈ બગલો બીમાર પડે, ઈજાગ્રસ્ત થાય કે થાકી જાય ત્યારે એને મદદ કરવા બીજા બગલા પણ સમૂહથી છૂટા પડી જાય છે ને પેલો બગલો સાજો થાય ત્યાં સુધી એની મદદમાં સાથે રહે છે.

**તારણ :** મુશ્કેલી અને પડકારોના સમયમાં આપસમાં સાથે રહીને એકબીજાને હૂંફ આપવી જોઈએ.

– રાજુ અંધારિયા

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના વાક્યો પૂર્ણ કરો :-**

(૧) એક દિશામાં એક ટીમ તરીકે કાર્ય કરવામાં આવે તો -----

(૨) સંગઠિત રહેવાથી પ્રયાસ ઓછા કરવા પડે ઉપરાંત -----

(૩) આગેવાની માટે આપસમાં -----

(૪) મુશ્કેલી અને પડકારોના સમયમાં -----

**સ. ૨ સાચું કે ખોટું લખો.**

(૧) શિયાળાથી બચવા હંસ ઊડીને આપણા દેશમાં આવે છે ________

(૨) ટીમ વર્કથી મંજિલ આસાન બને છે ________

(૩) સંગઠિત રહેવાથી ઘણાં પ્રયાસ કરવા પડે છે ________

(૪) આગેવાન બદલાય, આગેવાનીનો જુસ્સો નહીં ________

**સ. ૩** શાળાની 'સ્વચ્છતા અભિયાન' પ્રવૃત્તિના તમે આગેવાન છો. તમારી યોજનાને શબ્દ સ્વરૂપ આપો.

***

**હસે તેનું ઘર વસે**

# ૪ નામ વગરનું સ્ટેશન

**નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા :** તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. નરસિંહરાવને સાહિત્યના સંસ્કાર ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થયા હતા. ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સરકારી નોકરીમાં જોડાઈને કલેક્ટરના હોદ્દા ઉપર પહોંચ્યા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈને મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સારી એવી કામગીરી બજાવેલી. કાવ્યો, વિવેચનો, ટૂંકીવાર્તાઓ, રેખાચિત્રો વગેરે સાહિત્યના સ્વરૂપોમાં તેમણે પોતાનો ફાળો નોંધાવલો છે. નરસિંહરાવનો વિશેષ ફાળો ભાષાશાસ્ત્રી તરીકેનો છે. 'મનોમુકુર (૧-૪)', 'સ્મરણમુકુર', 'કુસુમમાલા', 'હૃદયવીણા' વગેરે એમનાં પ્રકાશનો  છે.

**સૂર કૃતિનો –** 'સ્વર્ગ અને નર્ક' એક કાલ્પનિક જગ્યા છે. સામાન્ય માન્યતાનુસાર સ્વર્ગ કોઈ જુદી જ જગ્યાએ પૃથ્વીથી દૂર છે અને એ કોઈ વિરલ વ્યક્તિ સિવાય અન્યને માટે તે મેળવવું પણ મુશ્કેલ છે. પરંતુ આ પ્રસંગચિત્ર દ્વારા લેખક દર્શાવે છે કે, સ્વર્ગ અહીં – પૃથ્વી ઉપર જ છે. મનુષ્ય પોતાની જીવંત અવસ્થામાં જ તે મેળવી શકે છે. જ્યાં હૃદયનો શુદ્ધ, નિર્દોષ પ્રેમ હોય, દયાભાવ અને માનવતા હોય, સૂઝ-સમજ હોય, ત્યાં બધે જ સ્વર્ગ છે. ઈશ્વરનો નિવાસ પણ ત્યાં જ છે એવું અહીં સૂચિત કરવામાં આવ્યું છે.

---

શ્રદ્ધાળુ લોકો કહે છે કે સિદ્ધપુર ક્ષેત્રથી સ્વર્ગ એક વેંત છેટું છે, ઊંચું છે. તેનો મર્મ જુદો છે. તે અહીં મારા વક્તવ્યના ક્ષેત્રમાં નથી. હું તો, આ જીવનમાં અનેક અનપેક્ષિત સ્થળે, પ્રસંગે સ્વર્ગ પ્રત્યક્ષવત થાય છે તે ઉદ્દેશીને બોલું છું. ભક્તો ગાય છે :

વૈકુંઠ ઢુંકડું રે;
પ્રેમી જનને ઢુંકડું, દુર્જનને મન દૂર,
અવિચલને મન મનસા વાચા
ભક્તિથી ભરપૂર-વૈકુંઠ ઢુંકડું રે.

નિર્દોષ બાળકોની નિર્મળ પ્રવૃત્તિઓ, દિવ્ય પ્રેમથી જોડાયેલાં પ્રેમીજનો, વાત્સલ્યભાવ ઝરતી માતા અને એ ઝરણ ઝીલતું મુગ્ધ શિશુ-આ સર્વ અને એવાં એવાં સ્થળોમાં તમે સ્વર્ગ નહિ તો શું જોશો? આવું એક સ્વર્ગદર્શન કરાવનારું ચિત્ર આજ તમારી સમક્ષ મૂકું?

સંધ્યાકાળે દુકાનદારો, ઑફિસના કલાર્કો, વેપારીઓ, ધંધાદારીઓ વગેરે પોતપોતાના કામથી પરવારેલા અનેક મનુષ્યોથી ચિક્કાર ભરેલી ટ્રામગાડી લંડનના એક મહોલ્લામાં જતી હતી. બેઠકને એક છેડે ખૂણામાં એક જાડી બાઈ અને તેની પાસે એક નાનો છોકરો બેઠેલાં હતા. એ બંને એટલા લગોલગ બેઠાં હતાં કે સ્ત્રીના લટકતા 'ગાઉન'થી છોકરાના પગ ઢંકાઈ ગયા હતા. અને છોકરાનું નિર્દોષ ગંભીર મોં, વિશાળ ગંભીર ભૂરી આંખો અને ગુંચળાંવાળા ચળકતા વાળ સિવાય બધે લૂગડાંનો ઢગલો કર્યો હોય એમ જણાતું હતું. પાસે બેઠેલા છોકરા ઉપર તે સ્ત્રી જાણે કંઈ ધ્યાન જ આપતી ન હતી. લગભગ કલાકોની મજલથી છોકરો કંટાળી પણ ગયો હશે. આપણને



સહજ એમ લાગે છે કે સ્ત્રી છોકરાને ખોળામાં બેસાડી છાતી ઉપર માથું ટેકવી જરા વહાલથી વાતચીત પણ કેમ કરતી નહિ હોય?

આ શંકાપ્રશ્નનો ખુલાસો થોડી વાર પછી મળ્યોઃ

એક પછી એક ઉતારું પોતપોતાને ઠેકાણે ઊતરવા મંડયા, અને છેવટે તે ટ્રામગાડીમાં તે સ્ત્રી, છોકરો, અને કાળા પોશાકમાં સજ્જ થયેલી એક સુંદર શોકગ્રસ્ત વદનવાળી સન્નારી એટલાં જ રહ્યાં.

છેવટે તે જાડી સ્ત્રીએ ઘંટડી વગાડી અને ટ્રામગાડી ઊભી રહી; તે ઊતરતી હતી એટલામાં ટ્રામ-કન્ડક્ટર બોલ્યો : 'બાઈ ! તમે તમારા છોકરાને લેવો ભૂલી ગયાં?'

'મારો છોકરો? મારે છોકરો છે જ નહિ.'

કન્ડક્ટર દિઙ્મૂઢ થઈ સામું જોવા લાગ્યો.

'ત્યારે પેલો કોણ છે? ગાડી નીકળી ત્યારથી અમે તેને તમારી સોડમાં બેઠેલો જોયો છે. અમે જાણ્યું કે તમે ઊતરીને તેને ઊંચકી લેશો.'

'હું તેને ઊંચકી ઉતારું?' તે સ્ત્રી જરા ગુસ્સે થએલી જણાઈ. 'મેં એ છોકરાને આજે જ પહેલો દીઠો.'

હજી પણ કન્ડક્ટરના ધ્યાનમાં વાત ઊતરી નહિ, તેણે છોકરાને પૂછયું : 'આ બાઈ તારી મા નથી ?'

સુંદર મીઠા અવાજથી બાળકે જવાબ દીધો : 'ના રે સાહેબ, મારી મા તો સ્વર્ગમાં ગઈ છે; ત્યાં હું પણ તેને મળવા જાઉં છું. મેં તમને ટિકિટનો પેની આપવા માંડ્યો, પણ તમારી નજર બીજી તરફ હતી. જ્યારે મારે ઊતરવાનું ઠેકાણું આવે ત્યારે મહેરબાની કરી મને કહેશો?'

કન્ડક્ટરનો અવાજ નરમ થયો. તેણે કહ્યું :

'ભાઈ, હું દિલગીર છું. પણ આ ટ્રામને રસ્તે સ્વર્ગ આવતું નથી.'

આ વખતે કાળા પોશાકવાળી સ્ત્રીએ આવી છોકરાને વહાલથી ઊંચકી લીધો.

'મારા વહાલા બચુડા !' તે બોલી, 'મને બધી હકીકત માંડીને કહે, તારું નામ શું ને તું ક્યાં રહે છે?'

મારું નામ ડિક હતું પણ હવે સૌ મને નંબર સત્તાવન કહે છે અને હું આશ્રમમાં રહું છું. મારી માતા ગયા પછી એક માણસ મને ત્યાં લઈ ગયો. ત્યાં ઘણાં છોકરા તથા છોકરીઓ છે, પણ મા નથી. કોઈ ત્યાં મને ચુંબન કરનાર, કે પથારીમાં સોડમાં સુવાડનાર, અથવા સૂતી વખતે પ્રાર્થના કરાવનાર નથી. તમે કદી સ્વર્ગમાં ગયાં છો? તે અહીંથી ઘણું દૂર છે?'

પેલી પ્રેમાદ્ર બાઈ બોલી : 'હું જાતે તો ત્યાં કોઈ વખત ગઈ નથી, પણ મારો એક તારા જેવડો છોકરો હતો તે ત્યાં ગયો છે. એ જગ્યા ઘણી ઘણી દૂર છે. તારાથી ત્યાં એકલા તો ન જ જવાય.'

'પણ તમારો નાનો છોકરો ગયો ને ! તે રસ્તે ભૂલો પડ્યો'તો?'

'ના તેને રસ્તો બતાવનાર કોઈક હતું'

'ત્યારે એ 'કોઈક' મને પણ રસ્તો નહિ બતાવે?'

'બતાવશે બેટા, પણ હમણાં નહિ. થોડો વખત ધીરજ રાખી રાહ જોયા કર.'

'મારી મા પણ એમ જ કહેતી હતી કે, 'ધીરજ રાખ, ધીરજ રાખ' પણ હવે તો વાટ જોઈને કંટાળી ગયો છું'

'હું પણ મારા છોકરાને મળવાની વાટ જોઈ કંટાળી ગઈ છું. ભાઈ, તું મારે ઘેર આવીને રહીશ? આપણે બન્ને સાથે બેસીને વાટ જોયા કરીશું?

કોમળ, નિર્દોષ ભૂરી આંખોએ, ઊંડા શોકવાળી મૃદુ આંખો તરફ ધ્યાનથી થોડો વખત જોયા કર્યું, સંપૂર્ણ વિશ્વાસ આવ્યો હોય તેવો તે છોકરાનો ચહેરો જણાયો. પોતાના નાજુક હાથ તે સ્ત્રીની ગરદન આસપાસ વીંટી, માથું તેની છાતી ઉપર તેણે નિશ્ચિતપણે મૂક્યું.

કન્ડક્ટરે કોટની બાંય વડે પોતાની આંખ લૂછી.

તે ધીમેથી બોલ્યો : 'મારી ભૂલ થઈ. અમારા સ્ટેશનના લિસ્ટમાં સ્વર્ગનું નામ નથી. પણ મને લાગે છે કે આ રસ્તે જ તે આવેલું છે.'

જ્યાં છોકરાને રૂપાંતરે મા મળી, જ્યાં બાઈને રૂપાંતરે પુત્ર મળ્યો, ત્યાં સ્વર્ગભૂમિ હતી.

## • માર્ગદર્શક સ્તંભ •

વિદ્યાર્થીઓ સાથે સ્વર્ગ-નર્કની ચર્ચા પ્રશ્નોત્તરી રૂપે કરવી. ત્યાર બાદ સંકલ્પના સ્પષ્ટ કરી વિષય તરફ વળવું. માતૃત્વ અને મમતા જેવા શબ્દોને સરળ ભાષામાં સમજાવી વિષય વસ્તુમાં આવનાર સન્નારીનું ચરિત્ર ચિત્રણ કરવું. 'સત્કાર્ય એ જ સ્વર્ગની અનુભૂતિ' ની વાતને પાઠને આધારે ઉદાહરણ સાથે પ્રસ્તુત કરી વિદ્યાર્થીઓને સત્કાર્ય માટે પ્રેરણા આપી પ્રોત્સાહિત કરવા.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો :-**

(૧) કોમળ - ________ (૨) અંતર - ________

(૩) આશ્ચર્યચકિત - ________ (૪) બાળક - ________

(૫) ચહેરો - ________ (૬) દુઃખ - ________

(૭) પ્રેમ - ________ (૮) દૂર - ________

**સ. ૨ નમૂના પ્રમાણે પાઠમાંથી શબ્દ શોધીને લખો :-**

દા.ત. નર્ક [સ્વર્ગ]

(૧) આનંદ [ ] (૨) સજ્જન [ ]

(૩) નફરત [ ] (૪) પરોક્ષ [ ]

(૫) નિર્મળ [ ] (૬) અપેક્ષિત [ ]

**સ. ૩ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :-**

- કલ્પેલું ન હોય તેવું ________
- આંખની સામે ________
- જેમાં દોષ નથી તે ________
- અપેક્ષિત ન હોય તેવું ________
- જેમાં ચિંતા નથી તેવું ________

**સ. ૪ જૂથમાં બંધબેસતો ન હોય તેવો શબ્દ જુદો તારવો :**

(૧) પેની , રૂપિયો , ટ્રામ , ડોલર

(૨) લિસ્ટ , બસ , ટ્રેન , ટ્રામ

(૩) બાળુડાં , બાળક , શિશુ , સ્ત્રી

(૪) પિતા , કલાર્ક , વેપારી , ધંધાદારી

(૫) વદન , ચહેરો , મુખ , ગ્રીવા

**સ. ૫ પાઠમાંથી અંગ્રેજી શબ્દો શોધીને તેની યાદી તૈયાર કરો.**

**સ. ૬ ચાલો લખીએ .............**

(૧) છોકરાનો દેખાવ → (વાળ ________) (આંખો ________) (________ મોં)

(૨) (છોકરાનું નામ ________) → (લોકો એને ________ કહે)

(૩) છોકરાની આંખો → ( ) ( )

(૪) સ્ત્રીની આંખો → ( ) ( )

**સ. ૭ કોણ બોલે છે ? કોને કહે છે ?**

(૧) ‘‘મારો છોકરો ? મારે છોકરો છે જ નહિ.’’

(૨) ‘‘ભાઈ હું દિલગીર છું, પણ આ ટ્રામને રસ્તે સ્વર્ગ આવતું નથી.’’

(૩) ‘‘મારા વહાલા બચુડા !’’

(૪) ‘‘ના, તેને રસ્તો બતાવનાર કોઈ હતું.’’

(૫) ‘‘પણ તમારો નાનો છોકરો ગયો ને?’’

**સ. ૮ ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.**

(૧) ના રે સાહેબ, મારી મા તો સ્વર્ગમાં ગઈ છે.

(૨) કન્ડક્ટરે કોટની બાંય વડે પોતાની આંખ લૂછી.

(૩) તમે તમારા છોકરાને લેવો ભૂલી ગયા?

(૪) મનુષ્યોથી ચિકાર ભરેલી ટ્રામ ગાડી લંડનના એક મહોલ્લામાં જતી હતી.

(૫) હવે તો વાટ જોઈને કંટાળી ગયો છું.

**સ. ૯ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.**

(૧) સિદ્ધપુર ક્ષેત્રથી સ્વર્ગ છેટું છે.

(૧) ચાર વેંત (૨) આઠ વેંત

(૩) પાંચ વેંત (૪) એક વેંત

(૨) સ્ત્રીના લટકતાં ગાઉનથી છોકરાનાં ઢંકાઈ ગયા હતા.

(૧) વાળ (૨) પગ

(૩) હાથ (૪) બૂટ

(૩) કન્ડક્ટર દિઙ્મૂઢ થઈ સામે જોવા લાગ્યો.

(૧) છોકરાની (૨) સન્નારીની

(૩) જાડી સ્ત્રીની (૪) યાત્રીઓની

(૪) છોકરાની વાટ જોઈ કંટાળી ગઈ હતી.

(૧) લાંબી સ્ત્રી (૨) દુબળી સ્ત્રી

(૩) જાડી સ્ત્રી (૪) કાળા પોશાક વાળી સ્ત્રી

**સ. ૧૦ ડિક અને સન્નારી વચ્ચે થયેલ વાતચીતને તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૧** (અ) યોગ્ય વિરામચિહ્ન મૂકો.

(૧) તું ક્યાં રહે છે

(૨) પેલી પ્રેમાદ્ર બાઈ બોલી હું જાતે તો ત્યાં કોઈ વખત ગઈ નથી

(૩) ભાઈ તું મારે ઘેર આવીને રહીશ

(૪) ત્યાં મહાન પિતાની સ્વર્ગભૂમિ હતી

(બ) કાળ ઓળખો :

(૧) મેં એ છોકરાને આજે જ દીઠો.

(૨) તમે આવતી કાલે ત્યાં જશો.

(૩) હું મારું કામ કરું છું.

(૪) અમે આજે મંદિરે જશું.

(૫) પરીક્ષા પતી ગઈ હતી.

(ક) સંધિ વિગ્રહ કરો.

(૧) નિર્મળ - ________ + ________

(૨) નિર્દોષ - ________ + ________

(૩) પ્રત્યક્ષ - ________ + ________

(૪) રૂપાંતર - ________ + ________

(૫) પ્રેમાર્દ્ર - ________ + ________

(૬) દેવાલય - ________ + ________

**સ. ૧૨** પ્રસ્તુત પાઠને વાર્તારૂપે તમારા શબ્દોમાં વર્ગમાં કહી બતાવો.

**પ્રકલ્પ**

વાહનવ્યવહારના સાધનોની માહિતી ઈન્ટરનેટ પરથી શોધી નોંધપોથીમાં સચિત્ર ચોંટાડો.

## જાહેરાત લેખન

જાહેરાત લેખન એક વ્યાવસાયિક વિષય છે. દરેક વિષયની જાહેરાતની વિગત જૂદી જૂદી હોઈ શકે. ટૂંકી, સચોટ, ઓછામાં ઘણું કહી દે એવી જાહેરાતો પ્રચલિત બને છે.

- આભૂષણોની જાહેરાત
- પ્રવાસ અંગેની જાહેરાત
- રિસોર્ટની જાહેરાત
- ખાદ્યપદાર્થોની જાહેરાત
- શિબિરની જાહેરાત (રક્તદાન શિબિર, નેત્રચિકિત્સા શિબિર, દંતચિકિત્સા શિબિર)
- યોગવર્ગની જાહેરાત
- પુસ્તકમેળાની જાહેરાત

**નીચેની જાહેરાત વાંચી આવી અન્ય જાહેરાતો તૈયાર કરો :-**

વાંચો ને નીકળી પડો !

**ગુજરાત તથા આસપાસના રાજ્યોની યાદગાર રોડ ટ્રીપ**

**ચાલો, 'સફર ટ્રાવેલ' સંગાથે**

*જાનદાર - શાનદાર - યાદગાર પ્રવાસે...*

| | | |
|---|---|---|
| રાણકી વાવ, મોઢેરા | : | ઈતિહાસના સોનેરી પ્રકરણ |
| સુરત | : | ખાના-પીના ઔર જીના |
| નળ સરોવર | : | પંખીઓએ કલશોર કર્યો ભાઈ.... |
| કચ્છ | : | રંગરંગીલા રણની આજુબાજુ |
| જયપુર | : | શોપિંગ બારેમાસ |
| તારકરલી બીચ | : | નીરવ શાંતિ જ્યાં હિલ્લોળા લે છે. |

અમારા ટ્રાવેલ સંગાથે આપની સુખસગવડની સંપૂર્ણ વ્યવસ્થા, પારિવારિક પ્રેમ સહ, વ્યાજબી ભાવે, નિરંતર મળતી રહેશે. 'વહેલાં તે પહેલાં'. પ્રવાસવિષયી પુસ્તિકા નિઃશુલ્ક મળશે.

***

**દયા ધર્મનુ મૂળ છે, પાપ મૂળ અભિમાન.**

# ૫ જાગરૂકતાની કેડીએ

**વિઠ્ઠલ પંડ્યા :** જન્મ સાબરકાંઠાના નાના ગામ કાબોદરામાં, ખેડૂત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. આ સર્જકે ૧૦ વર્ષની ઉંમરે મુંબઈ આવીને સાહિત્ય ક્ષેત્રે ખેડાણ કર્યું. તેઓ લોકપ્રિય સર્જક તરીકે પ્રખ્યાત થયા. તેમણે ૫૧ નવલકથાઓ, ૧૦ વાર્તાસંગ્રહ, આત્મકથા, સંસ્મરણ તથા અન્ય પુસ્તકો સાથે કુલ ૬૮ પુસ્તકો ગુજરાતી સાહિત્યને આપ્યા છે. ફિલ્મક્ષેત્રે પણ તેઓ પ્રસિદ્ધ બન્યા. 'સાતજન્મના દરવાજા' નવલકથાને સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે. તેમજ ૧૯૫૩-૫૪ની વાર્તા સ્પર્ધામાં તેમને સુવર્ણ ચંદ્રકથી નવાજવામાં આવ્યા હતા. તેમની ઉલ્લેખનીય સાહિત્ય કૃતિઓ 'મન-મોતી ને કાચ' અને 'મીઠાં જળના મીન' છે. આજે એમના પરિવારના સભ્યો પણ સાહિત્ય ક્ષેત્રે સેવા આપી રહ્યા છે.

**સૂર કૃતિનો –** પ્રસ્તુત વાર્તાનો આરંભ બે મિત્રોના શૈશવના સંસ્મરણોથી થાય છે. પણ લેખકનો મૂળ હેતુ ગ્રામ્યજીવન/આદિવાસી વિસ્તારમાં રહેનારા લોકોની દિનચર્યા રહેણી-કરણી તેમજ જીવન જીવવાના અભિગમને પ્રસ્તુત કરવાનો છે. સર્વોદય આશ્રમ અને બુનિયાદી શાળામાં ખેતી, પશુપાલન, હાથસાળ જેવા વિષયોનું પ્રત્યક્ષ જ્ઞાન સાથે શૈક્ષણિક ડૉક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા આદિવાસી પ્રજામાં ''વટાળ પ્રવૃત્તિ''નો વિરોધ કરી જનજાગૃતિ લાવવાનું છે. શિક્ષણ અને સુખસગવડના અભાવે લોકો રૂક્ષ થઈ જાય છે અને આધુનિકતાને અપનાવવા તૈયાર નથી થતા. મક્કમતા અને દૃઢ નિશ્ચયથી સફળતા અવશ્ય મળે છે એવો ઉલ્લેખ લેખક એક અભણ કન્યાના માધ્યમથી દર્શાવે છે. તળપદી ભાષાના પ્રયોગથી કૃતિ સરળ અને સહજ બની રહે છે.

---

જર્જરિત વસ્ત્રની જેમ સગાંવહાલાંની માયા ઊતારી નાખી અવિનાશ ચાલી નીકળ્યો હતો. ગમગીન કોકિલાબાને એટલું જ કહ્યું કે પોતે ફોઈ પાસે ઈડર જાય છે એટલે ચિંતા ન કરવી.

અમદાવાદ છોડી ગાડી ઉત્તર ગુજરાત તરફ આગળ વધી. અમેરિકાથી પાછા ફર્યા બાદ મુંબઈના વાતાવરણમાં એનો જીવ મૂંઝાતો હતો એટલે એને ગમતી વડવાઓની ભૂમિ તરફ અવિનાશ જઈ રહ્યો હતો.

હિંમતનગર ઊતરી એણે લોજમાં જમી લીધું. ઈડરની બસ પકડવા બસસ્ટોપ તરફ એ જઈ જ રહ્યો હતો ત્યાં એક સ્ટેશન - વેગન એની પાસે આવી ઊભી રહી. એના આશ્ચર્ય વચ્ચે ડ્રાઈવરની બાજુની સીટ પર નારાયણ હતો. વૅનમાંથી ઊતરી નારાયણ અવિનાશને ભેટી પડ્યો, 'કેટલા વર્ષે તને જોયો અવિ !'

'હા, અમેરિકા હતો થોડાં વર્ષ ! અત્યારે ગામ જઈ રહ્યો છું.' મુંબઈ છોડ્યા પછી નારાયણ ગુજરાત સરકારના માહિતીખાતામાં જોડાયો હતો. આ વરસે એની બદલી સાબરકાંઠા જિલ્લામાં થઈ હતી. નારાયણ અવિનાશને ઘરે લઈ ગયો. બંનેએ ઘણી જૂની વાતો તાજી કરી.

નારાયણને વૅન લઈ બે દિવસ શામળાજીની પેલી તરફ આદિવાસી વિસ્તારમાં જવાનું હતું. શૈક્ષણિક અને પ્રચારાત્મક ડોક્યુમેન્ટરી દ્વારા આદિવાસી પ્રજામાં જાગૃતિ લાવવાનું કાર્ય ચાલતું હતું. નમતા બપોરે એણે અવિનાશને કહ્યું, 'એ પ્રજા વચ્ચે પણ જવા જેવું છે, અવિ ! ડૉક્યુમેન્ટરી ચિત્રો (ચલચિત્રો) બતાવી રાતે અમે શામળાજી પાછા ફરતા હોઈએ છીએ. ચાલ, તને એક નવી જિંદગીની ઝલક જોવા મળશે.

અવિનાશને ય થયું, ચાલો એક નવો અનુભવ લઈએ. ગામ તો બે દિવસ પછી જવાશે.




નારાયણ સાથે બે માણસો હતા. એક વેનનો ડ્રાઈવર અને બીજો પ્રોજેક્ટર ચલાવનાર ઑપરેટર. શામળાજી થઈ રાજસ્થાન જતા હાઈવે પર એમની ગાડી દોડી રહી હતી. સૂરજ નમ્યો હતો છતાં સૂકા અને તપ્ત પ્રદેશ પરથી પસાર થવાનું હતું એટલે ગરમ હવાથી અવિનાશના ગાલ શેકાઈ રહ્યા હતા. દસેક માઈલ બાદ જમણી બાજુ શ્વેત મકાનોની નાની વસાહત દેખાઈ. નારાયણે કહ્યું,

'આ જગ્યામાં સર્વોદય આશ્રમ છે. ખાસ તો આદિવાસી બાળકોને અહીં શિક્ષણ ને તાલીમ અપાય છે. ખેતી, પશુપાલન, હાથશાળ જેવા વિષયોનું પ્રત્યક્ષ જ્ઞાન લઈ, મેટ્રિક સુધીનો અભ્યાસ કરી બાળકો તૈયાર થાય છે !'

'સંચાલન સરકાર હસ્તક છે ?'

'ના, સરકાર થોડી ગ્રાન્ટ આપે છે એટલું જ બાકી જાહેર ફંડ દ્વારા સંસ્થા નભે છે. આ સંસ્થા બીજી કેટલીક શિક્ષણ સંસ્થાઓ પણ ચલાવે છે પણ એમના માર્ગમાં પરદેશીઓની હરોળ મુશ્કેલી ઊભી કરે છે.

'પરદેશીઓની હરોળ !' અવિનાશને આશ્ચર્ય થયું.

'હા, ગોરા મિશનરીઝ !' નારાયણે જવાબ આપ્યો. 'એવા ગોરા મિશનરીઓ વરસોથી અહીં ઘૂસ્યા છે અને ગરીબ તથા અભણ આદિવાસીઓને અનેક પ્રકારની મદદ દઈ, લલચાવી વટાળપ્રવૃત્તિ ચલાવે છે !'

'ઓહ, પણ એ માટે કોઈ પગલાં કેમ નથી ભરતું ?' અવિનાશ બોલી ઊઠયો. ત્યાં તો ગાડી શામળાજીમાં પ્રવેશી એટલે નારાયણે કહ્યું,

'આ બાજુની ભીલ અને આદિવાસી પ્રજામાં શામળાજીનું મોટું માહાત્મ્ય છે.'

શામળાજીથી બારેક માઈલ અંતરિયાળ જવાનું હતું. નાની નાની ટેકરીઓ પર આવેલા ઝૂંપડા સાંજના ધૂંધળા ઉજાસમાં ચિત્ર જેવા લાગતા હતા.

'આ અનેક ટેકરી પરની વસાહત એક ગામ તરીકે ઓળખાય છે. દરેક વસાહતની પોતાની ખુમારી છે.' નારાયણે કહ્યું.

'તો આવી ખુમારીવાળી પ્રજા ધર્મભ્રષ્ટ થવાનું કેમ પસંદ કરે છે?' અવિનાશે પૂછ્યું.

'લાચારી... આર્થિક મજબૂરી. આવા છેવાડાના વિસ્તારોમાં નથી પહોંચ્યા શિક્ષણ કે નથી પહોંચ્યા સુખસગવડ. એટલે પ્રજા સામે દેખાય એ માર્ગ લઈ લે !'

હવે અંધારું ઊતરવા માંડ્યું હતું. એક ટેકરીના સપાટ ભાગ પાસે વૅન ઊભી રહી. નારાયણ અવિનાશને એક ઝૂંપડા સુધી દોરી ગયો. બહાર ઊભેલી સ્ત્રીને નારાયણે ભગત વિશે પૃચ્છા કરી. ભગત ન્હાવા બેઠા હતા. અવિનાશ દૂરની ટેકરીઓને તાકી રહ્યો,

'નગરજીવનથી માઈલો દૂર અપૂરતાં સાધનો વડે આ લોકો શી રીતે જીવન વીતાવતા હશે? અહીં સુધી પહોંચવા ન પાકો રસ્તો છે, ન કોઈ સાધન. પાણી ભરીને આવતી પેલી છોકરી ય દૂરના કોઈક કૂવેથી પાણી લઈ આવતી હશે.'

'વનવાસીનું જીવન જ એવું છે અવિ ! તને જે વસ્તુ અકળાવે છે, એ એમને માટે સહજ છે.'

એટલામાં ભગત આવી પહોંચ્યા. પેલી છોકરી પણ કાખમાં ઘડો અને માથા પર માટલા સાથે અવિનાશ અને નારાયણ સામે જોતી જોતી ભગતના ઘરમાં ગઈ.

નીચે ઓપરેટરે લાઉડસ્પીકર ચાલુ કરી પડદો લગાવ્યો ભગતે એક જુવાનિયાને સાઈકલ પર રવાના કરી આસપાસની ટેકરીઓ પર અહીં 'ફિલમ' આવ્યાના ખબર દેવડાવ્યા.

નારાયણ અને અવિનાશ વૅન તરફ ઊતરવા માંડ્યા પણ ત્યાં ભાંજગડ ઊભી થઈ હોય એવું લાગ્યું.

'શું છે મહમદ, શાની બોલાચાલી છે ?'

'જુઓ ને સાહેબ, આ રૂપજી કે' છે કે બધું બંધ કરો ને હેંડતા થાઓ અહીંથી.'

નારાયણે સામે ઊભેલા વાંકડી મૂછોવાળા એ યુવાનને પૂછ્યું, 'કેમ ગામને ફિલ્મ બતાવીએ એમાં વાંધો શો છે?'

'વાંધો સે. અમારે એવી ફિલમ નથી જોવી.' રૂપજીએ મગરૂરીથી કહ્યું.

'કોણ છે આ?' અવિનાશે અકળાઈને પૂછ્યું.

'વટલાઈ ગયેલો અહીંનો આદિવાસી છે,જરા માથાભારે છે.' નારાયણે અંગ્રેજીમાં ઉત્તર આપ્યો.

'રૂપજી, સાયેબને કે'નારો તું કોણ?' બોલતી ટોળામાંથી ભગતની દિકરી બસુ આગળ આવી. 'તારે ફિલમ ન જોવી હોય તો હાલતો થા આંઈથી !'

રૂપીને લાગ્યું કે અત્યારે એના એકલાનું કંઈ ચાલી શકે એમ નથી એથી ધૂંધવાતો, આસપાસ ઊભેલાને ધકેલતો ટેકરી ઊતરી ગયો.

'લ્યો, તમે હવે ફિલમ ચાલુ કરો.' બસુએ કહ્યું.

વટાળપ્રવૃત્તિના સમર્થક સામે દીવાલની જેમ ઊભી રહેનારી આ યુવતી સામે અવિનાશ તાકી રહ્યો. આવડી અમસ્તી છોકરી કેવી તેજસ્વી છે. સામાજિક દૂષણો સામે લડવા આ ધરતી આવી તેજ છોકરીઓ તૈયાર કરતી રહેશે તો ધર્માંતરણ જેવા દૂષણથી આ ભોળી પ્રજાને બચાવી શકાશે. પ્રોજેક્ટર ચાલુ થતાં આછા અંધારાને ચીરતો પ્રકાશનો શેરડો સામેના પડદાને ઝળાહળાં કરી ગયો ! અહીં જ રોકાઈ, આ પ્રજાની સાથે રહી કાર્ય કરવું જોઈએ. એવી અવિનાશે મનોમન ગાંઠ વાળી.

## • માર્ગદર્શક સ્તંભ •

વિદ્યાર્થીઓ સાથે ગ્રામ્યજીવન અને શહેરીજીવન વિશે ચર્ચા કરી તેની વિસ્તૃત જાણકારી આપવી.

ગ્રામ્ય અને શહેરી જીવનનો તફાવત સમજાવી, શિક્ષિત અને અશિક્ષિત લોકોની સમજણ બાબત માહિતી આપવી. 'શિક્ષણ દ્વારા જાગૃતિ' આ મુદ્દા પર વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી મુખ્ય વિષય તરફ વળવું. આપણા સામાજિક દૂષણો તરફ અંગુલિ નિર્દેશ કરી એક સાચા નાગરિક તરીકે તે દૂષણોને દૂર કરવાના ઉપાયો માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા. અન્યાય વિરુદ્ધ લડવાની શક્તિ જાગૃત થાય તેવાં ઉદાહરણો આપવાં.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલ શબ્દ શોધો.**

(૧) ઉદાસ - __________ (૨) ચેતના - __________
(૩) પૂર્વજો - __________ (૪) ગરમ - __________
(૫) કેળવણી - __________ (૬) સફેદ - __________
(૭) ઝાંખીપ - __________ (૮) મહિમા - __________

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.**

દા.ત. સગવડ અગવડ

(૧) પ્રત્યક્ષ (૨) અભણ (૩) ગરીબ
(૪) તાજી (૫) ઉજાસ (૬) જમણી

**સ. ૩ (અ) પાઠમાં આવતા અંગ્રેજી શબ્દો લખો :**

**(બ) નમૂના પ્રમાણે શબ્દો બનાવો.**

પ્રચાર ⟶ પ્રચારાત્મક

(૧) પ્રતીક (૨) કલા (૩) સંશય
(૪) નકાર (૫) હકાર (૬) સ્પર્ધા

### સ. ૪ વિચારીને લખો.

(૧) અવિનાશ અહીં જઈ રહ્યો હતો. ________

(૨) અવિનાશને મિત્ર મળ્યો ________

(૩) નારાયણ કામ કરતો હતો ________

(૪) સર્વોદયમાં તાલીમ અપાય છે. ________

### સ. ૫ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.

(૧) મુંબઈના વાતાવરણમાં અવિનાશનો ________

(ક) શોખ ખીલ્યો હતો (ખ) ધંધો વધુ વિકસ્યો હતો.

(ગ) જીવ મૂંઝાતો હતો (ઘ) મિત્ર માંદો પડ્યો હતો.

(૨) આદિવાસી પ્રજામાં શિક્ષણ દ્વારા લાવવાની હતી ________

(ક) ક્રાંતિ (ખ) દૃષ્ટિ

(ગ) જાગૃતિ (ઘ) સમજ

(૩) ધરતી આવી તેજ છોકરીઓ તૈયાર કરતી રહેશે ________

(ક) સામાજિક દૂષણો સામે લડવા. (ખ) પોતાનું ધાર્યું કરવા.

(ગ) રાષ્ટ્રનિર્માણ કરવા. (ઘ) સ્ત્રીઓની પ્રતિષ્ઠા વધારવા.

### સ. ૬ યોગ્ય શબ્દ લખો.

(પ્રવૃત્તિ, મિશનરીઝ, બસુ, સરકાર, આશ્રમ, વિસ્તાર, મિત્ર, મગરૂર)

(૧) નારાયણ (૨) ગુજરાત (૩) આદિવાસી (૪) સર્વોદય

(૫) ગોરા (૬) તેજસ્વી છોકરી (૭) રૂપજી (૮) વટાળ

### સ. ૭ (અ) આપેલ ઉદાહરણ પ્રમાણે વિશેષણનું ક્રિયાવિશેષણમાં રૂપાંતર કરી તેનો વાક્યમાં પ્રયોગ કરો :-

દા.ત. મોડું - મોડેથી

વાક્ય : તમે મારા ઘરે મોડેથી આવજો.

(૧) પહેલું (૨) ઊંચું (૩) છેલ્લું

(૪) વચલું (૫) નીચું (૬) સામું

### (બ) ઉદાહરણ પ્રમાણે ભૂતકાળ નો 'ધ' પ્રત્યય લગાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો.

દા.ત. લેવું - લીધું

વાક્ય : મોતીરામે પૈસા લીધા.

(૧) ખાવું (૨) પીવું (૩) દેવું (૪) કહેવું

**(ક) જોડી બનાવો :**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (૧) | રાવ ખાધી | - | બડબડાટ કરી હેરાન કર્યા |
| (૨) | માથું ખાધું | - | ફરિયાદ કરી |
| (૩) | પૈસા ખાધા | - | નુકશાન કર્યું |
| (૪) | ભાવ ખાધો | - | ભૂલ કરી |
| (૫) | ખત્તા ખાધી | - | લાંચ લીધી |
| (૬) | ઠોકર ખાધી | - | માન માગ્યું. |

**સ. ૮ (અ) સમાસ વિગ્રહ કરો :**

(૧) સુખસગવડ (૨) ધર્મ ભ્રષ્ટ (૩) વનવાસી (૪) સગાંવહાલાં
(૫) નરનારી (૬) ખાવુંપીવું (૭) દેશપરદેશ (૮) લાજશરમ

**(બ) સંધિ વિગ્રહ કરો :**

(૧) ધર્માંતરણ (૨) વાતાવરણ (૩) પર્યાવરણ
(૪) સૂર્યોદય (૫) અભ્યાસ (૬) પ્રત્યક્ષ

**સ. ૯ આ પાઠ્યપુસ્તકમાંથી કઈ કઈ કૃતિની ડોક્યુમેન્ટરી ફિલ્મ બની શકે તેની ચર્ચા કરો.**

**સ. ૧૦** આદિવાસી લોકો વિશે તમારા શબ્દોમાં લખો.

## પ્રકલ્પ

★ શૈક્ષણિક ડૉક્યુમેન્ટરી ફિલ્મની જાણકારી ઈન્ટરનેટ પરથી મેળવો.

## વિશેષ વાંચન



### પ્રદૂષણ વિશે સજાગતા

બાળકો, તમને તો ખબર જ હશે, કે વાહનવ્યવહારની પ્રગતિને કારણે માણસો આજે ઘણું બધું કામ સરળતાથી કરતાં થયાં છે, જે પહેલાં શક્ય ન હતું, પરંતુ, માણસની આ પ્રગતિએ જ તેને આજે પ્રદૂષણના ભરડામાં ભરાવ્યો છે. અસંખ્ય વાહનોના ધુમાડાને કારણે પ્રદૂષિત થતી હવા માણસો શ્વાસમાં લે છે. તેને કારણે નાનાં બાળકો અને મોટા લોકોમાં રોગપ્રતિકારશક્તિ ઓછી થવાને કારણે શ્વસન સંબંધી રોગો, આંખના રોગો, વારંવાર શરદી-ઉધરસ-કફ જેવા નાકના રોગો, કાનમાં ધાક પડવી જેવા કાન સંબંધી રોગો, ચામડીના વિવિધ રોગો અને માનસિક રોગો - જેવા કે ઝડપથી થાકી જવું, કામ કરવાનો ઉત્સાહ મંદ થવો વગેરે બીમારીઓ થાય છે. માટે જ આવી દૂષિત હવાથી આપણું રક્ષણ કરવું જોઈએ. તે માટે -

★ પહેલો ઉપાય એ કે નજીકની અવરજવર માટે ચાલતા જવું અથવા સાયકલનો ઉપયોગ કરવો.

★ દૂષિત હવામાં જતી વખતે મોઢા પર કપડું બાંધવું.

★ આપણાં પર્યાવરણવિદોએ બતાવેલો એક ઉપાય સી. એન. જી. પણ છે. તમે જાણો છો, સી. એન. જી. શું છે?

★ તેનું આખું નામ 'કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ' છે.

- પેટ્રોલની સરખામણીમાં તે ખૂબજ સસ્તું છે.
- બીજા ઈંધણની સરખામણીમાં તેનો ઉપયોગ કરતાં ખર્ચ પણ ઓછો આવે છે, પ્રદૂષણ ઓછું થાય છે.
- બીજા ઈંધણોથી ચાલતાં ખાનગી તેમજ સાર્વજનિક વાહનોમાં થોડો ખર્ચ કરીને સી.એન.જી. વાહનમાં ફેરવી શકાય છે.
- પ્રદૂષણ જેવી વિકટ સમસ્યાને હળવી બનાવવામાં સી.એન.જી. સહાયક બની શકે છે.

## સ્વાધ્યાય



**સ. ૧ યોગ્ય રીતે જોડો :-**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| (૧) | પ્રદૂષણ | (૧) | હવા |
| (૨) | વાહનો | (૨) | ભરડો |
| (૩) | શ્વસન | (૩) | ધુમાડો |
| (૪) | દૂષિત | (૪) | રોગો |

**સ. ૨ આકૃતિ પૂર્ણ કરો :-**

(૧) સી. એન. જી.ના ફાયદા

__________ __________ __________

(૨) પ્રદૂષણથી થતી બિમારીઓ.

__________ __________ __________ __________

**સ. ૩** અહીં હવાના પ્રદૂષણના ઉપાયો દર્શાવ્યા છે તેમ જલપ્રદૂષણના ઉપાયો તમારા શબ્દોમાં લખો.

***

**સર્વ ધર્મ મહાન હોય છે.**

# ૬ પરિવર્તન

**જનક દવે :** રંગભૂમિ સાથે સીધો સંબંધ ધરાવનાર ભાવનગરના વતની જનક દવે એક પીઢ અને અનુભવી રંગકર્મી છે. નાટ્યશાસ્ત્રના જ્ઞાતા તથા બાળકોના સાચા મિત્ર એવા જનકભાઈએ પ્રસ્તુત પ્રસંગને સુંદર નાટ્યાત્મક રૂપ આપ્યું છે. તેમનું નાટ્યસાહિત્ય એટલું સુંદર છે કે રંગભૂમિ અથવા ટેલિવિઝનમાં નાની ફિલ્મના રૂપમાં પણ રજૂ કરી શકાય. તેઓ પોતે બાળ નાટકોની શિબિરમાં બાળક બની જાય છે. અમદાવાદની ગુજરાત કૉલેજના નાટ્યવિભાગના અધ્યક્ષ તરીકે તેમણે ફરજ બજાવેલી છે. તેમની દરેક રચનાઓ હેતુલક્ષી છે. 'હેતુલક્ષી એકાંકીઓ', 'આવો, ગાવો નાચો, તાક, ધિન' અને 'રમતાં રમતાં નાટક' તેમના સંગ્રહો છે. 'ભવાઈ' ના પ્રકાર માટે તેઓ આગવી સૂઝ ધરાવે છે.

**સૂર કૃતિનો :** પ્રસ્તુત કૃતિ નાટક છે. નાટકો રંગમંચ પર ભજવી શકાય છે. વળી બોધદાયક હોવાથી લોકોમાં જાગૃતિ નિર્માણ કરી શકે છે. અહીં બે નવલોહિયા યુવાન મિત્રો નવા સમાજની રચના કરવા કટિબધ્ધ છે. દુશ્મનોને પાઠ ભણાવવા અને મા-ભોમની રક્ષા કાજે કુરબાની આપવા થનગનતા આ બંને યુવાનો લશ્કરી તાલીમ લેવાનું નક્કી કરે છે. પરંતુ પિતાનું હદય લાગણીવશ થઈ પુત્રથી અલગ થવા ઈચ્છતું નથી. આખરે સમજાવટ પછી તેમનો પુત્રપ્રેમ પણ દેશપ્રેમ આગળ ઝૂકે છે, અને તેઓ પણ પુત્રને લશ્કરમાં જોડાવા ખુશી-ખુશી સંમતિ આપવા તૈયાર થઈ જાય છે.

---



**પાત્રો**

સુખલાલ - વેપારી પિતા

સનત - સુખલાલનો પુત્ર

રેણુકા - સુખલાલની પુત્રી

કમળાબેન - સુખલાલનાં પત્ની

કિશોર - સનતનો મિત્ર

**સ્થળ :** સુખલાલનું ઘર

સમય : સાંજનો

(સનત ખુરશી ઉપર બેસી પરીક્ષાનું વાંચે છે. વાંચતાં વાંચતાં વિચારે ચડે છે, સફાળો ઊભો થાય છે. કારણ કે તેને લગ્નગીતો, ઢોલ અને શરણાઈનો અવાજ સંભળાય છે.)

**સનત** : બંધ કરો આ ઢોલ અને શરણાઈ, કોણ લગ્નગીતો ગાઈ રહ્યું છે? આપણે કેવા છીએ ? ઘડીવારમાં બધું ભૂલી જઈએ છીએ. નવલોહિયા જવાનો ખપી ગયા. તેની રાખ પણ હજુ ઠંડી નથી પડી. એ શહીદોના આત્મા હજુપણ યુદ્ધનાં મેદાનમાં ઘુમરીઓ લેતા ફરી સજીવન થવા પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે અહીં લગ્ન ઉત્સવની મજા મણાય છે, જમણવારની જ્યાફત ઉડાવાય છે. આવી ભાવના છોડીને ચાલો આપણે એક નવા સમાજની રચના કરીએ. (કિશોર પ્રવેશે છે. તેણે છેલ્લાં વાક્યો સાંભળ્યાં છે.)

**કિશોર** : સનત ! દોસ્ત તને શું થયું છે ! આમ અકળાયેલો કેમ દેખાય છે?

**સનત** : શું નથી બન્યું ? આઝાદ છીએ પણ બંધાયેલા અને સ્વતંત્ર છતાં જકડાયેલા. તને કેમ કરીને સમજાવું ? અંદરના ઉકળાટે મને ગાંડો બનાવ્યો છે.

**કિશોર** : શાંત થા સનત, આમ અધીરાઈથી અસ્વસ્થ બનવાથી કંઈ જ નહિ થાય. આવતીકાલની જવાબદારી આપણા શિરે છે. જો સુકાની જ ધીરજ ગુમાવી બેસે તો...

**સનત** : આપણે શાંતિથી બેઠા એટલે જ દુશ્મનોએ આપણી શાંતિને નબળાઈ માની આક્રમણ કર્યું ને ?

**કિશોર** : પરંતુ આપણા જવામર્દોએ તો દુશ્મનોની મેલી મુરાદને બર ન આવવા દીધી ને ! દુશ્મનોના દાંત કેવા ખાટા કરી નાંખ્યા ?

**સનત** : પરંતુ પશ્ચિમના રાષ્ટ્રોની મદદ જો સમયસર ન મળી હોત તો આપણી શી દશા થાત ? પરંતુ હવે જો પારકી આશા રાખીશું તો ફરીથી ગુલામી વહોરીશું.

**કિશોર** : બસ સનત, આવા નિરાશાજનક વેણ ન કાઢ. આજે આપણને જરૂર છે શાંતિ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય ભાવનાની.

**સનત** : આવી વાતોએ જ આપણી તાકાત ઘટાડી છે.

**કિશોર** : કોણ કહે છે કે આપણે કમ તાકાત છીએ. આપણે તો સમગ્ર વિશ્વને યુદ્ધના આરેથી અનેક વખત બચાવ્યું છે.

**સનત** : આ બધી મનને મનાવવાની વાતો છે. બાકી કંઈક નક્કર વિચારીએ તો સારું.

**કિશોર** : તો હાથ મિલાવ મારી સાથે. આપણે શપથ લઈએ કે જ્યારે માભોમને આપણી જરૂર હશે ત્યારે કશાની ખેવના કર્યા વગર આ માથું વધેરવા તૈયાર થઈશું.
(ત્યાં જ રેણુકા પ્રવેશે છે.)

**રેણુકા** : શાબાશ, કિશોર, આજે સમય આવી પહોંચ્યો છે. છૂપા ઘૂસણખોરો શસ્ત્રસહિત આપણા દેશમાં આવી ચૂક્યા છે. જાઓ. શાંતિથી સમજાવો તેમને.

**સનત** : ના, ના સમજાવવાથી કંઈ જ વળવાનું નથી હવે તો નક્કી કરવાનું છે કે અભ્યાસ પૂરો કર્યા પછી મિલિટરી સ્કૂલમાં દાખલ થવું.

**કિશોર** : હું પણ તારી સાથે છું, બ્રિગેડીયર. (સુખલાલભાઈનો પ્રવેશ)

**પિતા** : આજે તો બહુ વાંચ્યું, દુકાને કેમ ન આવ્યો ?
ખેર ! લાવો તમારી પરીક્ષા લઉં. ક્યો વિષય વાંચતા હતા ?

**રેણુકા** : ઈતિહાસ. તેના ઘણાં પ્રશ્નો ઉકેલી નાંખ્યા.

**પિતા** : સરસ. તો કહો, સિંધુ નદીની સંસ્કૃતિ વિશે શું જાણો છો ? જવાબ આપો.

**સનત** : દેશની સંસ્કૃતિ વેરવિખેર કરવા એ ચઢી આવ્યા.

**પિતા** : તું આ શું બકે છે ? વાંચો છો કે ગપ્પાં મારો છો ?

**રેણુકા** : અમે સાચો ઈતિહાસ ભણીએ છીએ.

**પિતા** : પુસ્તકમાં શું ખોટો ઈતિહાસ છે ?

**સનત** : આ પુસ્તકનો ઈતિહાસ ભણીએ તો જ અમે હોંશિયાર.

**પિતા** : એટલે ? તમે કહેવા શું માંગો છો ?

**કિશોર** : અમે અભ્યાસ પૂરો કર્યા પછી મિલિટરી સ્કૂલમાં દાખલ થવા ઈચ્છીએ છીએ.

**પિતા** : તું શું બોલે છે ? તેનું તને ભાન છે ?

**સનત** : કિશોર સાચું જ કહે છે. હું તેની સાથે સહમત છું.

**પિતા** : સનત, તને આજે શું થઈ ગયું છે ?

**સનત** : અરે, પપ્પા અમારા ઉત્સાહ ઉપર પાણી ન રેડો.

**રેણુકા** : તમારી વેપારી આલમે પણ શરમાવું જોઈએ. છૂપી રીતે અનાજ પહોંચાડી દુશ્મનોના હાથ મજબૂત કરતાં થોડું તો વિચારવું જોઈએ ને !

**પિતા** : સનત, દૂર જા મારી સામેથી અને કિશોર આજ પછી મારા ઘરમાં પગ ન મૂકતો.

**રેણુકા** : પિતાજી સનતને સમજવાનો પ્રયત્ન કરો.

**પિતા** : તું આ લોકો સાથે ઊંધા રવાડે ન ચડીશ. તારે તો પારકે ઘેર જઈ...

**રેણુકા** : જેણે પોતાનાને પારકા ગણ્યા છે એ દેશને વફાદાર કેવી રીતે રહી શકે ?

**કિશોર** : આપણો દેશ શાંતિમાં માને છે. તેથી દેશમાં અશાંતિ ઊભી કરનારાઓની તો અમે બૂરી વલે કરીશું.

**રેણુકા** : ત્યારે જ અમારી બહેનોનો સાચો રક્ષાબંધન દિન ગણાશે.

**સનત** : અમારું ભવિષ્ય અમે જ ઘડીશું. દેશના ભવિષ્યમાં જ અમારું ભવિષ્ય રહેલું છે.

**પિતા** : હું ફરી એકવખત કહું છું કે સમજો તો સારું.

**રેણુકા** : પિતાજી, ધારો કે સનતને દુશ્મનો સામે લડતાં તેની વીરતા માટે ઈલ્કાબ મળે તો તમે ખુશ થાઓ કે નહિ?

**પિતા** : ક્યો પિતા ખુશ ન થાય ?

**રેણુકા** : તો પછી તમારા મનને બીજા વિચારોના ચકડોળે ચઢાવી શા માટે દુઃખી થાઓ છો ?

**પિતા** : મારું પણ પિતાનું હૃદય છે બેટા ! દરેક પિતા પોતાની ઈચ્છા મુજબ પોતાના બાળકને ઘડવા માગતો હોય. તે પોતાનું પ્રતિબિંબ બાળકમાં જોવે ત્યારે જ તેને શાંતિ થાય છે.

**રેણુકા** : ત્યાં જ વડીલોની ભૂલ થાય છે. બાળક શું થવા માંગે છે, તે વિચારવાના બદલે પોતાની માન્યતાના બીબામાં જ તેને બેસાડી દેવામાં માને છે.

**પિતા** : દેશની ચિંતા કરનારા ઘણા છે. આપણે આપણું વિચારીએ.

**રેણુકા** : વળી પાછી એ જ વાત. તમે તમારી જાતને દેશથી અલગ કેવી રીતે કરી શકો ?

**પિતા** : તો એક પિતાને તેના પુત્રથી અલગ કરવાનો કોઈને અધિકાર ખરો ?

**રેણુકા** : લોકશાહીમાં પ્રજા પોતાની રીતે વિચારતી હોય, વર્તતી હોય તેવા વાતાવરણમાં કોઈના ઉપર કશું દબાણ લાદવામાં આવતું નથી.

(ત્યાં જ ટી.વી.માં સમાચાર આવે છે.)

'દુશ્મનોએ ગોળીબાર કરતાં આપણાં જવાનોએ ગોળીઓથી વળતો જવાબ આપ્યો છે. આપણાં ચાર જવાનો દુશ્મનોની ગોળીનો ભોગ બની માભોમ માટે શહીદ થઈ ગયા.'

(સમાચાર સાંભળી બધાં જ સ્થિર થઈ ગયા.'

**પિતા** : (સ્વગત) અરેરે ! હું શું બોલી ગયો ? હું આ દેશનો નથી તો ક્યાંનો છું ? આ શહીદ થનારા જવાનો પણ કોઈકના તો બાળકો જ હશે ને ? હે, ભગવાન ! મારા દુષ્ટ વિચારો બદલ મને માફ કરો ! આ જવાનો તો મા ભોમના સપૂત છે.

**રેણુકા** : પિતાજી, આમ લાગણીવશ ના થાઓ. નિરાશ પણ ના થાઓ. જાગ્યા ત્યાંથી સવાર માની કાર્ય આરંભી દો.

**પિતા** : બેટા ! તમે બંને તો દેશના કાર્યમાં જોડાયેલા જ છો. તારી મમ્મીને ગૂંથણકામ બહુ ફાવે છે. તે જવાનો માટે સ્વેટર ગૂંથશે, હું જવાનો માટે કેન્ટીન ચલાવીશ.

**કિશોર** : અંકલ, તમારામાં આટલું જલદી પરિવર્તન આવશે તેવું મેં નહોતું ધાર્યું.

**પિતા** : સનત, અહીં આવ. ઘણું જીવો બેટા. તમને બંનેને મારા આશીર્વાદ છે. તમારા કાર્યમાં ફતેહ મેળવો.

**સનત** : પિતાજી, હું કંઈ જ બોલી નથી શકતો. બસ, આપના આશીર્વાદ જ માંગું છું.

**પિતા** : તમે જે ઈતિહાસ શીખ્યા તે ખરેખર સાચો છે.

**રેણુકા** : ઈતિહાસ હંમેશાં પરિવર્તનશીલ છે. નવા ફેરફારો થયા જ કરે છે. આપણે એને અનુકૂળ બનવું રહ્યું.

(ત્યાં જ કમળાબહેન પ્રવેશ કરે છે.)

**કમળાબેન**: કોને અનુકૂળ થવાની વાત કરો છો ?

**રેણુકા** : દેશને ! ઈતિહાસને !

**કમળાબેન**: શું કહે છે તું ? મને કંઈ સમજાતું નથી.

**પિતા** : એ બરાબર બોલે છે. મેં તો હા પાડી દીધી છે. હવે તારી જ વાર છે.

**કમળાબેન**: આમ ગોળમોળ શું બોલો છો ? માંડીને વાત કરો તો કંઈક સમજ પડે.

**પિતા** : આપણો સનત અભ્યાસ પૂરો કર્યા પછી લશ્કરી તાલીમ લેવા જવાની ઈચ્છા ધરાવે છે. મેં તો મંજૂરી આપી દીધી છે. હવે તારે આશીર્વાદ આપવાના છે.

**કમળાબેન:** બેટા, હું ના પાડીને અપશુકન નહિ કરું. તાલીમ મેળવીને દેશની લાજ વધારજો. (રડતાં-રડતાં) માની કૂખ ઉજાળજો.

**રેણુકા** : (આંખમાં હર્ષાશ્રુ સાથે) બા, તું માની ગઈ. તું તો એક નહિ અનેક જવાનોની મા બનીશ.

**કમળાબેન:** ને આ તારા પિતા ?

**રેણુકા** : પિતાજી, અમને અશિસ્તભર્યા વર્તન બદલ માફ કરજો.

**પિતાજી** : માફી તો મારે માંગવાની છે. હું મારાં બાળકોને બહુ મોડા ઓળખી શક્યો ? હું તમને અન્યાય કરી બેસત.

**કિશોર** : અમને અન્યાય થવા કરતાં દેશને અન્યાય કરી બેસત તેનું અમને દુઃખ થાત.

**રેણુકા** : ચાલો, બધી બાબતનો સુંદર ઉકેલ આવી ગયો. આપણા ધ્યેયનો પંથ કલ્યાણકારી બની રહો. ચાલો, આપણે સહુ પેલું ગીત ગાઈએ.

**બધા સાથે:** જય જવાન, જય કિસાન
દિશ દિશ મેં ગુંજે ગાન
દેશકી બઢાઓ શાન.
તું જવાન આગે બઢ
દુશ્મનો કે સાથ લઢ
હમ હૈ તુમ્હારે સાથ
વિજય હૈ તુમ્હારે સાથ
જય જવાન

## • માર્ગદર્શક સ્તંભ •

આ પાઠ શરૂ કરતાં પહેલાં બાળકોને નાટક વિશે જાણકારી આપવી. નાટકના પ્રકાર, એકાંકી, દ્વિઅંકીની માહિતી આપવી. નાટક એ લોકજાગૃતિનું સબળ માધ્યમ છે. તેના દ્વારા લોકોમાં કેવી રીતે જાગૃતિ લાવી શકાય તે સમજાવવું. શેરી નાટકો દ્વારા પણ સમાજમાં જાગૃતિ લાવી શકાય તેની વાત કરવી. સૈનિકો વિશે વાત કરી વિદ્યાર્થીઓમાં દેશ પ્રેમ ઉજાગર કરવો અને દેશની સુરક્ષા બાબત વિચાર કરવા પ્રેરિત કરવા.


## સ્વાધ્યાય




**સ. ૧ નીચેના શબ્દો માટે નાટકમાં વપરાયેલાં શબ્દો શોધો.**

(૧) એકાએક (૨) નેતૃત્વ (૩) મિજબાની (૪) હુમલો
(૫) ઈચ્છા (૬) પુરસ્કાર (૭) સોગંદ (૮) જીત

**સ. ૨ શબ્દ બનાવીને લખો.**




**સ. ૩ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.**

ઉદા : શાંતિ – અશાંતિ

(૧) સ્વતંત્ર (૨) ઉત્સાહ (૩) વિશ્વાસ (૪) દોસ્ત
(૫) સ્વસ્થ (૬) સપૂત (૭) સહમત (૮) ઈચ્છા

**સ. ૪ આપેલા શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરીને લખો.**

(૧) શરણાઈ (૨) મિલિટરી (૩) સંસ્કૃતિ
(૪) પ્રતિબિંબ (૫) લોકશાહી (૬) શહીદ

**સ. ૫ (અ) વિભાગમાં આપેલા રૂઢિપ્રયોગના અર્થ (બ) વિભાગમાંથી શોધીને લખો.**

(અ) વિભાગ
* માથુ વધેરવું * ઉત્સાહ પર પાણી ફરી જવું
* ઊંધા રવાડે ચડી જવું * બૂરી વલે કરવી
* કૂખ ઉજાળવી * ખપી જવું
* ચકડોળે ચઢવું

(બ) વિભાગ
* શહીદ થઈ જવું * માથુ કાપવું
* નિરાશા આવવી * ખોટે રસ્તે વળવું
* માતાનું નામ રોશન કરવું * દુર્દશા કરવી
* વિચારોમાં અટવાઈ જવું

**સ. ૬ ખાલી જગ્યા પૂરો.**

(૧) ________ જવાનો ખપી ગયા.
(૨) અમારું ________ અમે જ ઘડીશું.
(૩) ________ માં પ્રજા પોતાની રીતે વિચારતી હોય.
(૪) ઈતિહાસ હંમેશાં ________ છે.
(૫) જય જવાન જય ________.

**સ. ૭ યોગ્ય વિકલ્પ શોધી વાક્યો પૂરાં કરો.**

(૧) સનત ખુરશી પર બેસી ________

(અ) વિચાર કરતો હતો (બ) પરીક્ષાનું વાંચતો હતો. (ક) લગ્નગીતો સાંભળતો હતો.

(૨) શહીદોના આત્મા હજુ પણ ________

(અ) ગામમાં ઘુમરીઓ લે છે. (બ) યુધ્ધના મેદાનમાં ઘુમરીઓ લે છે.

(ક) તળાવ કિનારે ઘુમરીઓ લે છે.

(૩) સનતને અભ્યાસ પૂરો કર્યા પછી ________

(અ) મિલિટરી સ્કુલમાં દાખલ થવું હતું

(બ) નેશનલ સ્કુલમાં દાખલ થવું હતું.

(ક) શહેરની સ્કુલમાં દાખલ થવું હતું.

(૪) દુશ્મનોએ ગોળીબાર કરતાં આપણા ________

(અ) દશ જવાનો શહીદ થઈ ગયા (બ) ચાર જવાનો શહીદ થઈ ગયા

(ક) છ જવાનો શહીદ થઈ ગયા

(૫) મમ્મી જવાનો માટે ________

(અ) કેન્ટીન ચલાવશે. (બ) ભોજન બનાવશે (ક) સ્વેટર ગૂંથશે

(૬) ઈતિહાસ હંમેશાં ________

(અ) સ્થિર હોય છે (બ) અસ્થિર હોય છે (ક) પરિવર્તનશીલ હોય છે

**સ. ૮ ઓળખો.**

(૧) વેપારી પિતા : ________ (૨) સનતનો મિત્ર : ________

(૩) સુખલાલનો પુત્ર : ________ (૪) સુખલાલના પત્ની : ________

(૫) સુખલાલની પુત્રી : ________

**સ. ૯ પાઠમાં વપરાયેલાં વિશેષણો શોધીને લખો.**

(૧) ________ પંથ (૨) ________ ઉકેલ (૩) ________ વર્તન

(૪) ________ જવાનો (૫) ________ ઘૂસણખોરો (૬) ________ મુરાદ

**સ. ૧૦ નીચેનાં વાક્યોમાં અર્થ ન બદલાય તે રીતે વાક્યોને નકારાત્મક બનાવો અને ફરીથી લખો.**

(૧) સનત સ્વસ્થ બેઠો હતો.

(૨) કિશોર ખૂબ જ ઉત્સાહી હતો.

(૩) જવાનો તો મો-ભોમનાં સપૂત છે.

(૪) બંને બાળકો સાથે ન્યાય થયો તેથી પિતા ખુશ થયા.

(૫) ઈતિહાસ એ પરિવર્તનશીલ છે.

(૬) આપણા ધ્યેયનો પંથ કલ્યાણકારી બની રહો.


**સ. ૧૧** 'જાગ્યા ત્યારથી સવાર' આ કહેવતના આધારે સુંદર બોધદાયક વાર્તા તૈયાર કરીને લખો.

કારગીલ યુદ્ધ વિશે જાણતા હો તે વર્ગમાં કહો.

## પ્રકલ્પ

★ માતૃભૂમિની સેવા માટેનાં સ્લોગન તૈયાર કરી વર્ગમાં લગાડો.

## લેખન કૌશલ્ય



## આમંત્રણ પત્રિકા

'આમંત્રણ પત્રિકા' જેમાં વિવિધ કાર્યક્રમોમાં, વિવિધ સ્તરે રહેલી બિરાજમાન વ્યક્તિઓને મોકલવાની આમંત્રણ પત્રિકાઓ તૈયાર કરવી. લગ્ન પ્રસંગે તૈયાર કરવામાં આવતી લગ્નપત્રિકા પણ આમંત્રણનો જ પ્રકાર છે.

★ બક્ષિસ વિતરણ પ્રસંગે
★ સ્નેહ સંમેલન નિમિત્તે
★ રમતોત્સવ માટેની
★ જન્મદિનની ઉજવણી નિમિત્તે
★ વિદાય સમારંભ માટેની
★ પુસ્તકમેળાના ઉદ્‌ઘાટન સમારંભની આમંત્રણ-પત્રિકા તૈયાર કરો.

**શ્રી સરસ્વતી સાધના વિદ્યાલય, સાંગલી.**

સુજ્ઞશ્રી ....................................

સવિનય જણાવવાનું કે અમારી શાળામાં ગાંધી-જયંતિ નિમિત્તે એક ભવ્ય અને દિવ્ય પુસ્તક મેળાનું આયોજન કરેલ છે. આ મેળાનું ઉદ્‌ઘાટન આપણી સંસ્થાના પ્રમુખ શ્રીના શુભહસ્તે થશે. તો આપશ્રી મિત્ર પરિવાર સાથે પધારી, શાળાના આ શુભપ્રસંગને દીપાવશો.

*શાળાનો આ અવસર એ ફૂલ છે.*
*આપની ઉપસ્થિતિ એ ફૂલની ફોરમ છે.*

સ્થળ : શાળાનું સભાગૃહ
તારીખ : ૦૨ ઑક્ટોબર, ૨૦૧૭
વાર : ગુરુવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
મેળાની વિશિષ્ટતા : - દરેક પુસ્તક પર ૨૦% છૂટ
- પ્રાચીન-અર્વાચીન યુગના ઘણાં પુસ્તકો ઉપલબ્ધ

લિ
વિદ્યાર્થી પ્રતિનિધિ મુખ્યાધ્યાપિકા

***

**દેશસેવા આપણા સૌની પ્રથમ ફરજ છે.**

# ભાષિક સમજ

## સમાસ

જ્યારે બે કે બેથી વધારે પદો સાથે આવે અને અર્થની દૃષ્ટિએ એક જ શબ્દ બને ત્યારે તેને સમાસ કહેવાય છે. સમ એટલે સાથે અને આસ એટલે બેસવું. સમાસમાં આવેલાં પદોને છૂટાં પાડીને તેમની વચ્ચેનો સંબંધ દર્શાવાય છે, ત્યારે સમાસનો વિગ્રહ કર્યો કહેવાય છે.

### ૧) દ્વંદ્વ સમાસ :

જો સમાસનાં  બધાં પદો વાક્ય સાથે સમાન રીતે જોડાયેલાં હોય અને સમાસમાં જોડાયેલાં પદો વચ્ચે સમાનતાનો સંબંધ હોય તેને દ્વંદ્વ સમાસ કહેવાય છે.

દ્વંદ્વ સમાસના ત્રણ પ્રકાર છે :

૧) ઈતરેત્તર દ્વંદ્વ સમાસ

૨) વૈકલ્પિક દ્વંદ્વ સમાસ

૩) સમાહાર દ્વંદ્વ સમાસ

ઉદા. ૧) બાળકો માતાપિતાને પ્રણામ કરે છે.

માતાપિતા – માતા અને પિતા

૨) ભાઈબહેન વચ્ચે નિર્મળ સ્નેહ હોય છે.

ભાઈબહેન – ભાઈ અને બહેન

અહીં પૂર્વપદ અને ઉત્તરપદનું સમાન મહત્વ છે. આ સમાસના વિગ્રહમાં 'અને' વપરાય છે. આ ઈતરેત્તર દ્વંદ્વ સમાસ છે.

ઉદા. ૧) જીવનમાં સુખદુઃખ આવ્યાં કરે.

સુખદુઃખ – સુખ કે દુઃખ

૨) જન્મમૃત્યુ અફર છે.

જન્મમૃત્યુ – જન્મ કે મૃત્યુ

આ સમાસના વિગ્રહમાં 'કે' વપરાય છે. આ વૈકલ્પિક દ્વંદ્વ સમાસ છે.

ઉદા. ૧) આ શહેરના હવાપાણી સારા છે.

હવાપાણી – હવાપાણી વગેરે

૨) તમારા નામઠામ આ અરજીપત્રકમાં ભરો.

નામઠામ – નામઠામ વગેરે

કેટલીક વાર સમાસનાં બધાં પદોનો છૂટો અર્થ થતો નથી. પણ આખા સમાસમાંથી પદો ઉપરાંત બીજી સંબંધ ધરાવતી વિગતોનું કે વસ્તુઓનું પણ સૂચન રહેલું હોય છે. આવા સમાસમાંથી આખા સમૂહનો અર્થ સૂચવાતો હોય છે. આવા દ્વંદ્વ સમાસોને સમાહાર દ્વંદ્વ સમાસ કહેવાય છે. અહીં 'વગેરે' વપરાય છે.

નીચેના સમાસોનો વિગ્રહ કરી પ્રકાર લખો :

| | | | |
|---|---|---|---|
| ૧) પતિપત્ની | ૨) સવારસાંજ | ૩) અન્નજળ | ૪) નરનારી |
| ૪) સૂર્યચંદ્ર | ૫) બેત્રણ | ૬) સલાહસૂચન | ૮) ઘેટાંબકરાં |

## ૨) મધ્યમપદ લોપી સમાસ :

આ સમાસમાં એક પદ મુખ્ય હોય છે. બીજું પદ એની સાથે વિભક્તિ - સંબંધે જોડાયેલું હોય છે. પણ બે પદોની વચ્ચેની કડીરૂપ કોઈ પદનો લોપ થતો હોય છે. તેથી એને મધ્યમપદલોપી સમાસ કહેવામાં આવે છે.

ઉદા :૧) ઋષિ પાસે કામધેનુ ગાય છે.
કામધેનુ - કામ (ઈચ્છા) પૂરનારી ધેનુ.

૨) ફૂલોની વરમાળા બને છે.
વરમાળા - વરને પહેરવાની માળા

૩) રાજા સિંહાસન પર બેઠા છે.
સિંહાસન - સિંહની આકૃતિવાળું આસન

નીચેના સમાસોનો વિગ્રહ કરો.

| | |
|---|---|
| ૧) આગગાડી | ૨) વિરામસ્થાન |
| ૩) દૂધકેન્દ્ર | ૪) ટપાલપેટી |

## ૩) દ્વિગુ સમાસ :

જે સમાસનું પહેલું પદ સંખ્યાવાચક વિશેષણ હોય અને બીજું પદ નામ હોય તેને દ્વિગુ સમાસ કહે છે.

ઉદા :૧) ત્રિભુવનની રચના સુંદર છે.
ત્રિભુવન - ત્રણ ભુવનનો સમૂહ

૨) નવરાત્રિ આસો મહિનામાં આવે છે.
નવરાત્રિ - નવ રાત્રિઓનો સમૂહ

૩) આ વર્ષે ચોમાસુ સારું છે.
ચોમાસુ = ચાર માસનો સમૂહ

નીચેના સમાસોનો વિગ્રહ કરો.

| | |
|---|---|
| ૧) ષટ્કોણ | ૨) સપ્તર્ષિ |
| ૩) ત્રિદેવ | ૪) પંચવટી |

# ઉપક્રમ

**વાંચો... વિચારો અને નક્કી કરો ...**

★ શબ્દોનું શીર્ષાસન કરો :-

(૧) દ નં જા નિ □ □ □ □

(૨) શ હો બા □ □ □ □

(૩) ષ તો સં □ □ □

(૪) રી ગી મ કા □ □ □ □

(૫) ર ધા રા ન અ □ □ □ □ □

(૬) ક સ્ત મ ત ન □ □ □ □ □

(૭) ર ભા રો ભા □ □ □ □

(૮) ટા વા સ સૂ □ □ □ □

★ ઉખાણાં :-

(૧) શરીર છે પોલા વાંસનું,
ઘર છે તેમાં અનેક,
આંગળી મૂકી ફૂંક મારીને
સ્વર લહેરી બનાવી લો અનેક

(૨) મારી ચામડી ઠોકી ઠોકીને
અવાજ નીકળે અનેક
હાથ અને સ્ટિકથી મને મારો
પછી નાચો છમાછમ છેક

(૩) ત્રણ અક્ષરનું નામ મારું
જુદા જુદા છે મારા પ્રકાર
બધાને આશરો આપું હું,
દરેક માટે હું જ આધાર

(૪) ક્યારેક હું પૂરો થઈ જાઉં,
ક્યારેક રહું વળી અડધો,
ક્યારેક વધુ ક્યારેક ઘટું,
ક્યારેક હું ન દેખાઉં

જવાબ : વાંસળી, ઢોલ, મકાન, ચંદ્રમા

❋❋❋

**પારકાંને પોતાના બનાવવાની ત્રણ ચાવી....**
**સ્મિત, સદ્ભાવ અને સ્નેહ**

## નમૂનારૂપ માર્ગદર્શક કૃતિ પુસ્તિકા

'ચોરને માલૂમ થાય કે...' પાઠમાંથી નીચેના ગદ્યખંડનું ધ્યાનપૂર્વક વાંચન કર્યા પછી તેના આધારે અહીં આપેલી કૃતિઓ કરો.

ગદ્યખંડ : ચોથા દિવસે... વાહન પકડી લો.

કૃતિ - ૧ ઉદાહરણ પ્રમાણે લખો.

દા. ત. દિન - દિવસ

(૧) બારણા - ____________

(૨) નાણાં - ____________

(૩) ચોખ્ખું - ____________

(૪) સાચું - ____________

(૫) આરોગ્ય - ____________

(૬) ઉપદેશ - ____________

કૃતિ - ૨ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

(૧) એ બોર્ડ બનાવવાનો મને ------- રૂપિયા ખર્ચ થયો.

(૨) લિખિતંગ આપનો -------- જગદીશ ત્રિવેદી.

(૩) પાંચમા દિવસે મારા એક બહુ દૂરનાં -------- આવ્યાં.

(૪) મારે ચોર પકડાવવાનો નથી પણ તમે -------- પકડી લો.

કૃતિ - ૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) ચોથા દિવસે કંટાળીને મેં...

(અ) દરવાજા પર મોટું તાળું માર્યું.

(બ) દરવાજા પર મોટી સાંકળ મારી.

(ક) દરવાજા પર મોટું બોર્ડ માર્યું.

(૨) પાંચમા દિવસે મારા એક બહુ દૂરનાં...

(અ) કાકી આવ્યા.

(બ) માસી આવ્યા.

(ક) મામી આવ્યા.

(૩) માસીને કોઈએ...

(અ) ચોરીના સમાચાર આપ્યા.

(બ) મારામારીના સમાચાર આપ્યા.

(ક) માંદગીના સમાચાર આપ્યા.

(૪) જ્યાં સુધી ચોર પકડાય નહીં...

(અ) અમે કોઈ અહીંથી જવાના નથી.

(બ) અમે પાંચેય અહીંથી જવાના નથી.

(ક) છોકરાંઓ એકલા અહીંથી જવાના નથી.

કૃતિ - ૪ નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદમાં વર્ગીકરણ કરો.

માસી, મને, મોટું, ચોરાઈ, આપનો, દેખાડી, ખોટી, પાંચસો, જગદીશ, અમે, જણાવું, દૂરના

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

કૃતિ - ૫ કહો


(૧) વાંદરામાંથી માણસ બનવાનું ભૂલી જનાર -------

(૨) કંટાળીને દરવાજા પર બોર્ડ મારનાર --------


(૩) પાંચમા દિવસે લેખકના ઘેર આવનાર --------

(૪) માસી સાથે આવનાર --------

કૃતિ - ૬ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.



કૃતિ - ૭ યોગ્ય રીતે જોડો.




કૃતિ - ૮ યોગ્ય જોડી બનાવો.

| અ | બ |
|---|---|
| (૧) લેખકે કંટાળીને | (૧) દૂરના માસી મળવા આવ્યા |
| (૨) બોર્ડ બનાવવામાં | (૨) ચાર પુત્રો આવ્યા |
| (૩) પાંચમા દિવસે | (૩) તમે વાહન પકડી લો |
| (૪) માસી સાથે તેના | (૪) દરવાજા પર મોટું બોર્ડ માર્યું |
| (૫) મારે ચોર પકડાવવો નથી | (૫) પાંચસો રૂપિયા ખર્ચાયા |

કૃતિ - ૯ લેખકે લખેલા બોર્ડ પરના વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) મને દિવસે કંઈ જ જડતું નથી.
(૨) મારા ઘરમાંથી કંઈ જ ચોરાયું નથી.
(૩) મને સલાહ પીવડાવવા પધારશો નહિ.
(૪) હું સત્યપ્રતિજ્ઞા પૂર્વક લખુ છું.
(૫) મારા ઘરે ચોરી થઈ હતી.

***



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.

गरवी गुजराती, इयत्ता नववी, द्‌वितीय/तृतीय (संपूर्ण) गुजराती भाषा

₹ 48.00